# ક્રોસ કથાનાં પાત્રો




લેખકો:
ડૉ. પ્રભાકર પરમાર
શ્રી બી.આર. ચૌહાણ

83

14BGK2

# ક્રોસ કથાના પાત્રો

લેખક :
ડૉ. પ્રભાકર પરમાર
શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ

પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
એલિસબ્રિજ, ગુજરાત કૉલેજ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ટેલિ. ૨૬૪૪૫૨૮૧

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

☆ ક્રોસ કથાનાં પાત્રો

☆ બીજી આવૃતિ
માર્ચ ૨૦૦૫

☆ લેખક :
ડૉ. પ્રભાકર પરમાર
શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ

☆ નકલ : ૫૦૦

☆ મૂલ્ય રૂા. ૨૦-૦૦

☆ પ્રકાશક :-
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
એલિસબ્રિજ, ગુજરાત કૉલેજ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ટેલિ. ૨૬૪૪૫૨૮૧

☆ મુદ્રક :
જેન્સન કૉમ્પ્યુટર્સ,
૨, મહાવીર એસ્ટેટ, ભગત ધાણા દાળની સામે,
અનુપમ થીએટર પાછળ, ખોખરા, અમદાવાદ - ૮.
ફોન :– ૦૭૯ - ૩૦૯૧૩૦૫૭

# અર્પણ



**સ્વ. સ્નેહલત્તાબહેન પુરુષોત્તમ નામ્બીઆર**

જન્મ તારીખ : ૩-૧૨-૧૯૩૩ મૃત્યુ તારીખ : ૧૨-૯-૨૦૦૪

*"તું મરણ પર્યંત વિશ્વાસુ થઈ રહે અને હું તને જીવનનો મુગટ આપીશ.'*

સ્નેહલત્તાબહેન પુરુષોત્તમ નામ્બીઆર તેઓ રેવ. હરજીતસિંહ ઠાકોર અને રાહેલભાઈ ઠાકોરના સૌથી નાના દીકરી હતા. નાનપણથી જ ધાર્મિક વાતાવરણ અને શિક્ષણ મળ્યું હતું. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી અમદાવાદથી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં નોકરી સ્વીકારી હતી. પ્રભુએ તેમને આશીર્વાદિત કૌટુંબિક જીવન આપ્યું હતું.

કુટુંબમાં પોતાની શાળામાં અને સ્નેહીજનો મધ્યે તેઓ સહુના પ્રિય પાત્ર હતા. પોતાને મળેલા તાલંતોનો તેમણે ખૂબ સારી રીતે ઉપયોગ કર્યો હતો.

# આભારદર્શન

આ પુસ્તકના પ્રકાશન પેટે

સ્વ. સ્નેહલત્તાબહેન પુરુષોત્તમ નામ્બીઆરનાં

બંને બહેનો

**કુ. શશીબહેન ઠાકોર**

અને

**કુ. પુષ્પાબહેન ઠાકોર**

તરફથી

**રૂા. ૮૦૦૦/- (અંકે આઠ હજાર)**

નું દાન મળેલ છે.

જેથી આ પુસ્તક પ્રકાશીત

કરવામાં આવે છે.

# પ્રકાશકના બે બોલ...

"ક્રોસ કથાનાં પાત્રો"ની બીજી આવૃતિ પ્રસંગે ત્રિએક ઈશ્વરને મહિમા આપીએ છીએ. વળી, ડૉ. પ્રભાકર પરમાર અને શ્રી બી. આર. ચૌહાણે કરેલી આ ખૂબ મહત્ત્વની સેવા માટે ઈશ્વરનેજ મહિમા આપીએ; તથા તેઓ માટે પ્રભુનો આભાર માનીએ.

માનવ ઈતિહાસને બદલનારી ત્રણ મહત્ત્વની ઘટના - ઈસુનો જન્મ, ઈસુનું મરણ અને ઈસુનું પુનરુત્થાન. આ ત્રણ મહત્વની ઘટના સાથે સંકડાયેલ - ગભાણ, ક્રોસ, અને કબર ખૂબ મહત્ત્વના છે તથા મોટો સંદેશ આપી જાય છે.

ક્રૂસની ઘટના આજે પણ જીવંત છે. તેના પાત્રો બોધ આપી જાય છે. આ પાત્રોમાં કેટલાંક ગમે તેવા છે, જ્યારે કેટલાંક ન ગમે તેવા છે. આ સમગ્રઘટનામાં કંઈ કેટલા લોકો સંકડાયેલા છે. ડૉ. પ્રભાકર પરમાર અને શ્રી બી. આર. ચૌહાણે જે રીતે અંગ્રેજી પુસ્તકોના આધારે, તેના નીચોડરૂપે આ ખૂબ મહત્વનું પુસ્તક તૈયાર કર્યું છે તે માટે તેઓના આપણે હંમેશા આભારી રહિશું. બન્ને લેખકો એક સારા મિત્રો રહ્યા છે. વળી સી. એન. આઈ. એલીસબ્રીજ ચર્ચમાં તેઓએ ખૂબ મહત્ત્વની નેતાગીરી વિવિધ સ્તરે આપેલ છે. જો કે બન્ને વ્યવસાયે શિક્ષણક્ષેત્રે સંકડાયેલા રહ્યા હતા. બન્નેના શિક્ષણના વિષયો અલગ રહ્યા હતા. છતા બાઇબલ ને આધાર

રાખીને મેળવેલ શિક્ષણ અને ગ્રંથોના ઉપયોગથી તેઓએ એક સારુ, ઉત્તમ છતા મૌલિક કહિ શકાય તેવું, દરેક વર્ગને દરેક સમયે પડકાર આપે તેવું પુસ્તક સમાજની આગળ મૂક્યુ છે. પ્રથમ આવૃતિ પૂરી થઈ છે તેજ તેની લોકપ્રિયતા બતાવે છે. મારી આશા તથા પ્રાર્થના છે કે, આ બીજી આવૃતિ પણ ઘણા લોકોને માટે આશીષરૂપ બની રહેશે.

આ પુસ્તકના પ્રકાશન પેટે કુ. પુષ્પાબેન ઠાકોર અને કુ. શશીબહેન ઠાકોર તરફથી રૂા. ૮૦૦૦/-નું દાન મળેલ છે. આ માટે તેઓના આભારી છીએ.

પ્રેમભાવથી
રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન
એલીસબ્રીજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬
માર્ચ / ૨૦૦૫

# પ્રાસ્તાવિક

ખ્રિસ્તી ધર્મમાં મુક્તિદાતા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો વધસ્તંભ કેન્દ્રસ્થાને છે, એવું જ મહત્ત્વનું છે મૃત્યુવિજેતા ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન. યુગોથી આ બંનેનો મહિમા રહ્યો છે, અને જુદાં જુદાં સ્વરૂપે પ્રગટ થતો રહ્યો છે.

હાલમાં ખાસ કરીને ગુજરાતની બધી મંડળીઓમાં દુઃખ સહનનું પાવનકારી પર્વ ખૂબ ગંભીરતા અને પવિત્રતાથી ઉજવાય છે. ગુજરાતમાં અને દેશપરદેશમાં સવારસાંજની ભક્તિસભાઓ યોજાય છે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના ક્રોસને કેન્દ્રસ્થાને રાખી વ્યાખ્યાનો અને સેમિનારો યોજાય છે.

ક્રોસકથાની સાથે જે પાત્રો સીધી રીતે અને નિકટતાથી સંકળાયેલાં છે – વધસ્તંભ ઉપર પ્રભુ ઈસુની સાથે ક્રોસે જડાયેલા લૂંટારા, ખૂબ સિફતપૂર્વક-ગણતરીપૂર્વક ન્યાયનું નાટક ભજવતાં યહૂદી ધર્મગુરૂઓ, સત્ય શું છે એ સમજી શકવા છતાં સત્યને ફાંસીએ લટકાવનાર પિલાત, યહૂદા ઈશ્કરિયોત, પીતર, યોહાન, ઈસુની મા મરિયમ, એમ્મૌસ જતા પ્રવાસીઓ, મગદલાની મરિયમ વગેરે. આ બધી વ્યક્તિઓએ ક્રોસકથામાં જે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તે સમજાવતા પુસ્તકની ગુજરાતીમાં ખોટ અમને દેખાતી હતી. આથી They Met At Calvary, Persons Around the Cross એ બે મુખ્ય અને બીજાં અંગ્રેજી ગ્રંથોનો આધાર લઈને અમે ક્રોસ કથા સાથે સંકળાયેલાં પાત્રોનાં મનોવલણો, વિચારસરણી અને ચારિત્ર્ય ઉપર પ્રકાશ પાડવાનો અતિનમ્ર પ્રયાસ કર્યો છે. આશા

અને પ્રાર્થના છે કે આ નાનકડું પુસ્તક ખ્રિસ્તી સમાજને ઉપયોગી નીવડશે.

અમે આ પુસ્તકપ્રકાશનનો બધો ખર્ચ ઉપાડી લીધો છે, પણ પ્રકાશનની જવાબદારી સ્વીકારવા માટે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અમે ઋણી છીએ. સમયની ભારે ખેંચ હોવા છતાં પ્રસ્તાવના લખવા માટે ગુજરાત ડાયોસિસના માન. બિશપ રેવ. પૉલ ચૌહાણ સાહેબનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. ચિત્રકાર શ્રી વિલ્સન સોલંકીના અને ફોટ્રોનિક્સના શ્રી ચોકસી - સાહેબના પણ અમે આભારી છીએ. જેમને વાંચનનો ખૂબ ભારે શોખ હતો અને જેમની વચ્ચે સગી બહેનો જેવો પ્રેમ હતો તેવાં અમારાં સ્વજનો - સ્વ. એલિઝાબેથબહેન યોહાનભાઈ પરમાર અને સ્વ. શાંતિબહેન જેઠાલાલ ઝાઈનની સ્નેહસ્મૃતિનાં કૃતજ્ઞભાવે અમે આ નાનકડું પુસ્તક ક્રોસના સ્વામી પ્રભુ ઈસુના વિંધાયેલા હાથોમાં સમર્પિત કરીએ છીએ.

**ડૉ. પ્રભાકર પરમાર**
**ભગવતપ્રસાદ ચૌહાણ**

# સ્નેહભીનો આવકાર...

ક્રોસકથાનાં પાત્રોનાં આ પુસ્તકની પ્રસ્તાવના લખતાં આનંદ થાય છે. ખ્રિસ્તી સાહિત્યમાં રહેલી ઉણપ પુરી કરવાનો આ પ્રયત્ન કરનાર પ્રિન્સિપાલ શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ અને પ્રોફેસર શ્રી પ્રભાકર પરમારને હું અભિનંદન આપું છું. અંગ્રેજી ભાષાનાં બે પુસ્તકોનું સુવાચ્ય અને સ્વચ્છ રૂપાંતર કરીને એક પુસ્તકરૂપે મૂકીને ગુજરાતની જનતાની તેમણે અનન્ય સેવા બજાવી છે. પ્રતિવર્ષ દુઃખસહન સપ્તાહનાં દિવસોમાં આ પુસ્તકમાં આલેખાયેલાં પાત્રોનો અભ્યાસ અને પ્રાર્થનાસહ મનન વાચકને આત્માખોજ કરવાને પ્રેરણા અને પડકાર આપશે એવી આશા અસ્થાને નહીં ગણાય.

ક્રોસકથાનાં પાત્રો અને આપણી વચ્ચે આશરે ૨૦૦૦ વર્ષનો સમયગાળો વીતી ગયો છે, તેથી આ પાત્રો જરીપુરાણા કે out of date બની ગયાં નથી. આ પાત્રો આજે પણ જીવે છે. આપણામાં અને આપણા દ્વારા જીવે છે. ભલે, તેઓના નામ (કાયાફાસ, પિલાત, હેરોદ, યહૂદા વગેરે) આપણે અપનાવ્યાં ન હોય પણ તેઓનાં વિચારો, વલણો, વૃત્તિઓ, જીવનશૈલી અને કાર્યશૈલી એક યા બીજા સ્વરૂપે આપણામાં ઊતરી આવ્યાં છે.

ક્રોસકથાનાં પાત્રોને ચાર વર્ગમાં વહેંચી શકાય.

(૧) ઈસુના કટ્ટર દુશ્મનોમાં ધાર્મિક આગેવાનો (મુખ્ય પુરોહિત પ્ર. ૩)માં નીચેનાં પાપ, લક્ષણો, વૃત્તિઓ વગેરે દષ્ટિગોચર થાય છે. અહમ, મિથ્યાભિમાન, દંભ, ઈર્ષા, અદેખાઈ, તિરસ્કાર, ધર્મધિંતા, સ્વાર્થ, સત્તાલાલસા, દ્રવ્યલાલસા, ધર્મ અને તેની સંસ્થાઓ અને વ્યવસ્થાઓનો વ્યક્તિગત અને કૌટુંબિક લાભ

ઉઠાવવાના હેતુથી તમામ નીતિનિયમો અને મૂલ્યોનું ખૂન કરવાની ક્રૂરતા અને જડતા.

આ બધાં પાપથી પિડાતા પામર માનવીઓએ ઈસુને ક્રૂસે જડવા માટે એક યા બીજી રીતે આગેવાની લીધી અને પોતપોતાનો ભાગ ભજવ્યો. કારણ, ઈસુ તેમનાં સ્વાર્થી હિતો અને યોજનાઓથી આડે આવતા હતા. તેમને માટે પડકારરૂપ અને જોખમરૂપ હતા, તેથી તેઓએ માર્ગમાંથી ઈસુનો કાંટો કાઢી નાખવા નિર્ણય કર્યો અને એ નિર્ણયને અમલમાં પણ મૂક્યો.

(૨) દુશ્મનોના હાથમાં પ્યાદા બનેલા રાજકીય અધિકારીઓ (પિલાત, હેરોદ, - ૧ અને ૧૧) - જવાદારીમાંથી પલાયનવાદ, સત્તાલાલસા, ખુરશી ટકાવવા સત્યને વધસ્તંભે જડીને હાથ ધોઈ નાખવાની છેતરામણીરૂપી ક્રૂર રમતનાં પાપોએ ઈસુને ક્રૂસે જડાવી દીધાં.

(૩) અન્ય પાત્રો - બારાબ્બાસ, ટોળું, લૂંટારા, સૈનિકો (પ્રકરણ ૪, ૬, ૨ અને ૧૨) ઈસુને વધસ્તંભે જડનારાની પ્રપંચલીલામાં જાણતાં અજાણતાં તેઓએ પણ સક્રિય કે નિષ્ક્રીય ભાગ ભજવ્યો દેખાય છે. પાપમાં રાચતા રહેવાથી પેદા થયેલી જડતાને કારણે અથવા ટોળાશાહીમાં ઘસડાઈ જવાને કારણે સારું નરસું પારખવાની ગુમાવેલ વિવેકબુદ્ધિનો અભાવ નોકરી જાળવવા ખાતર ગમે તે હીન કૃત્ય કરતાં ખચકાટ ન અનુભવે એવુ પત્થરસમ હૃદય તેમનામાં દૃષ્ટિગોચર થાય છે.

(૪) આ વર્ગમાં ઈસુના મિત્રો, શુભેચ્છકો, સહાનુભૂતિ ધરાવનાર લાભાર્થીઓનો સમાવેશ થાય છે. (પીતર, યોહાન, યહૂદા, આરીમથાઈનો યોસેફ, મગ્દલાની મરિયમ, થોમા,

એમોસનાં બે વટેમાર્ગુ - પ્રકરણ ૭, ૯, ૫, ૧૦, ૮, ૧૩ અને ૧૪) તેમનામાં રહેલી બીકણવૃત્તિ, ચંચળવૃત્તિ, અનિર્ણાયકતા, અસ્થિર વફાદારી (જે સ્વાર્થને કારણે બેવફાઈમાં પરિણમી) તે બધું ક્રોસકથાનાં પાત્રોમાં દૃષ્ટિગોચર થાય છે. તેમનામાં અમુક અંશે નિખાલસતા, સરળતા, સમર્પણની ભાવના દેખાય છે. છતાં સંજોગોવશાત નિઃસહાય બનીને તેઓ આ આખી ઘટના જુએ છે. આંસુ સારે છે અને હવે સમગ્ર વાર્તા પર પડદો પડી ગયો છે એમ માનીને ઘેર જાય છે અથવા છેલ્લે છેલ્લે થોડી હિંમત બતાવીને પોતાનાં પ્રેમ, વફાદારી અને સહાનુભૂતિની સાબિતીરૂપે કંઈક જવાબદારી અદા કરે છે.

રખેને માનતા કે આ પાત્રો ભૂતકાળની વાર્તામાં ધકેલાઈ ગયાં છે, કે ભૂતકાળની કબરમાં દટાઈ ગયાં છે. આ બધાં પાત્રો આપણાં સમકાલીન છે. આજે પણ આપણી આજુબાજુ જીવે છે, જુદાં જુદાં નામે જીવે છે. આપણામાં અને આપણા દ્વારા જીવે છે.

તેથી જ અંતિમ પ્રકરણ (નંબર ૧૫) ખૂબ મહત્ત્વનું છે. પડકારરૂપ છે - આરસી સમાન છે. શું આપણને તેમાં આપણું ચિત્ર - પ્રતિબિંબ દેખાય છે ? જો જવાબ હકારાત્મક હશે તો મૂળ લેખકો અને આપણા રૂપાંતરકારોનો પ્રયત્ન સાર્થક થયો ગણાશે; અને તે સાર્થક થાય એ જ પ્રાર્થના સહ.

**રાઈટ રેવ. પૉલ ચૌહાણ**
બિશપ ઓફ ગુજરાત

બિશપ હાઉસ,
એલિસબ્રીજ,
અમદાવાદ : ૩૮૦ ૦૦૬.
સપ્ટેમ્બર ૧૧, ૧૯૯૩

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | જેણે અંતરઆત્માના અવાજને હુકરાવ્યો તે રોમન સૂબો | ૧ |
| ૨. | બે લૂંટારા | ૧૪ |
| ૩. | મુખ્ય પુરોહિત | ૨૨ |
| ૪. | બારાબાસ | ૩૭ |
| ૫. | યહૂદા ઈશ્કરિયોત | ૪૬ |
| ૬. | ટોળું | ૬૧ |
| ૭ | પીતર તથા પીતરનો ઈન્કાર | ૬૯ |
| ૮. | મગદલ્લાની મરિયમ | ૮૨ |
| ૯. | યોહાન અને ઈસુની મા | ૮૯ |
| ૧૦. | અરીમથાઈનો યોસેફ | ૯૭ |
| ૧૧. | રાજા હેરોદ | ૧૦૫ |
| ૧૨. | ઈસુનાં વસ્ત્રો માટે જુગાર ખેલતા સૈનિકો | ૧૧૩ |
| ૧૩. | થોમા | ૧૧૬ |
| ૧૪. | એમ્માોસ જનાર પ્રવાસીઓ | ૧૨૨ |
| ૧૫. | હું પણ ત્યાં હતો | ૧૨૯ |


***



# ૧. જેણે અંતરઆત્માના અવાજને હુકરાવ્યો તે રોમન સૂબો. પિલાત

ચારે ચાર સુવાર્તામાં આ નામ મળે છે - પોંતિયુસ પિલાત. પ્રેરિતોના વિશ્વાસનામામાં લખાયેલા આ શબ્દો પણ યુગે યુગે અને દેશેદેશે પડઘાયા છે : 'ઈસુએ પોંતિયૂસ પિલાતની હકૂમતમાં દુઃખ ભોગવ્યું.' કોણ છે આ પિલાત ? A.D. ૨૬માં રોમન શહેનશાહ તિબેરિયસ તેને યહૂદિયા પ્રાંતના પાંચમા સૂબા (Procurator) તરીકે નીમે છે. આવી નિમણૂંક મેળવવા માટે રોમન કાયદા પ્રમાણે ઓછામાં ઓછી ૨૭ વર્ષની ઉંમર જોઈએ. આથી ઈસુના વધસ્તંભ પરના બલિદાનને સમયે પિલાતની ઉંમર ૩૦-૩૧ વર્ષની હશે. તેની પત્નીનું નામ છે ક્લોડિયા પ્રોક્યુલા. આ ક્લોડિયા તે શહેનશાહ તિબેરિયની બીજી પત્નીની અનૌરસ – (illegitimate ગેરકાયદેસર) પુત્રી હતી.

યહૂદિયાના પાંચમાં રોમન હાકેમ તરીકે પિલાત પત્ની સાથે યહૂદિયા ગયો તે વખતે તેના હાથ નીચે ૧૦૦ ઘોડેસવારો અને ૨૫૦૦-૫૦૦૦ જેટલા પાયદળ સૈનિકો હતા. લાયકાતને કારણે નહિ પણ લાગવગને કારણે (સીઝર સાથેના સંબંધને કારણે) તેને આ નિમણૂંક મળી હતી. તે કાયદાનું પાલન કરાવવા અને જાહેર વ્યવસ્થા જાળવવા સંપૂર્ણપણે જવાબદાર હતો. તે જ પ્રમાણે ન્યાયાધીશ તરીકેની અને કર ઉઘરાવનાર તરીકેની જવાબદારી પણ

તેની જ હતી. જીવન બચાવવાની અને મૃત્યુદંડ દેવાની સત્તા પણ માત્ર તેની જ હતી અને તેથી જ સાન્હેદ્રિન તરીકે ઓળખાતી યહૂદી ન્યાય સભા—ધર્મસભાના ચુકાદાનો અનાદર કરવાની સત્તા તેની પાસે જ હતી. તે જ યહૂદી ધર્મશાસ્ત્રીઓની નિમણૂંક કરતો, અને યહૂદી મંદિરનાં ફંડનો વહીવટ પણ તેની પાસે હતો.

પિલાત સ્વભાવે અભિમાની, જકકી અને તોછડો હતો. અધિકાર મળ્યો છે તો મનફાવે તેમ વર્તી શકાય તેવું તે માનતો. એક બે દાખલા બસ છે. યહૂદીઓ આમ પણ શાસન ચલાવવા માટે મુશ્કેલ એવી પ્રજા તરીકે ઓળખાતા. રોમનોએ પોતાના રિવાજ પ્રમાણે યહૂદી પ્રજાને સંપૂર્ણ ધાર્મિક સ્વતંત્રતા બક્ષી હતી. યહૂદી ધર્મમાં મૂર્તિપૂજા ધિક્કારપાત્ર ગણાય છે. મૂર્તિપૂજાને તેમાં કોઈ સ્થાન નથી કે નથી કશું મહત્ત્વ. રોમનો તો રોમન શહેનશાહને જ ઈશ્વર માની તેની પૂજા કરતા, અને તેથી રોમન લશ્કરમાં ધ્વજાઓ ઉપર શહેનશાહની નાની નાની મૂર્તિઓ કંડારવામાં આવતી. એવું નક્કી થયું હતું કે, રોમન સૈનિકોએ. યહૂદી મંદિર પાસે કયારે પણ મૂર્તિઓવાળી આવી ધ્વજાઓ લઈ જવી નહિ.

મિથ્યાભિમાની પિલાતે આવતાંની સાથે જ કાઈસારિયામાં રહેતા પોતાના લશ્કરને ધ્વજાઓ સાથે રાત્રે યરૂશાલેમમાં મોકલ્યું. યહૂદીઓએ તરત જ કાઈસારિયા (જ્યાં પિલાતનું નિવાસસ્થાન હતું.) તરફ કૂચ લઈ ગયા. પિલાતે પાંચ પાંચ દિવસ સુધી યહૂદી આગેવાનોને મુલાકાત આપી નહિ. છઠ્ઠે દિવસે તે તેમને મળ્યો ખરો, પરંતુ ઘૂંટણો પર કરેલી તેમની વિનંતીઓ સ્વીકારવાને બદલે તેણે આ આગેવાનોને ઘેરી લેવા પોતાના સૈનિકોને હુકમ કર્યો.

તેણે યહૂદી આગેવાનોની સામૂહિક કતલ કરવાની ધમકી આપી. પરંતુ તેના ભારે આશ્ચર્ય વચ્ચે યહૂદીઓ ભોંય પર સૂઈ ગયા અને પોતાના ધાર્મિક નિયમોનો ભંગ થાય તેને બદલે મૃત્યુને ભેટવાનું તેમણે પસંદ કર્યું. આવી સામૂહિક હત્યાનું જલદ પગલું ભરતાં પિલાત ખચકાયો અને મને-કમને તેને યહૂદીઓની માગણી સ્વીકારવી પડી.

યરૂશાલેમમાં પહેલેથી પાણી પુરવઠો જાળવી રાખવાની મુશ્કેલી હતી. પિલાતે યરૂશાલેમમાં પાણી લાવવા માટે એક નહેર ખોદાવવાનું શરૂ કર્યું. આ તો યહૂદીઓના લાભ માટે છે એમ માની લઈ તેણે નહેરના ખોદકામ માટે યહૂદીઓનાં મંદિરનાં ખજાનામાંથી નાણાં લેવા માંડયાં. યહૂદીઓ એકદમ રોષે ભરાયા. આખા યરૂશાલેમમાં હુલ્લડો ફાટી નીકળ્યા. પિલાતે ખેડૂતોના વેશમાં રોમન સૈનિકોને મોકલી ઘણા યહૂદીઓની ઘાતકી હત્યા કરાવી. પિલાતે હેરોદના પણ કેટલાક પ્રજાજનોને મારી નાખ્યા હતા, આથી હેરોદ સાથે પણ તેને દુશ્મનાવટ થઈ. (લૂક. ૨૩ : ૫૨) લૂક ૧૩ : ૧માં પણ જણાવાયું છે કે ગાલીલના કેટલાક માણસો બલિદાન ચડાવતા હતા ત્યારે પિલાતે તેમની કતલ કરાવી નાખી. આ બધાં કારણોને લીધે સામાન્ય યહૂદી પ્રજા આ રોમન હાકેમને ધિક્કારતી હતી.

આ સમયે રોમમાં સમ્રાટ તિબેરિયસનો અમલ ચાલતો હતો. આ સીઝરને દૂર દૂરનાં પ્રાંતોમાં પણ વહીવટ સારો ચાલે, ન્યાયી રીતે ચાલે તેમાં રસ હતો. તેને પિલાત વિરુદ્ધ ઘણી ફરિયાદો મળી હતી, જેમાંની કેટલીક તો લેખિત સ્વરૂપમાં હતી. પિલાતને વહીવટ બરોબર ચલાવવા માટે જરૂર સીઝર તરફથી ચેતવણી મળી હશે.

આ બધી પ્રાર્શ્વભૂમિકાને ધ્યાનમાં લેવાથી પિલાતે ઈસુનો કરેલો ન્યાય-ન્યાય તો શું એક નિર્દોષને કરેલો ભારોભાર અન્યાય - સમજી શકાશે. આખા ઈતિહાસને જે ન્યાયચુકાદાએ કલંકિત કર્યો છે તે ન્યાયચુકાદો આપનાર માણસના વ્યક્તિત્વને આ પાર્શ્વભૂમિકાને કારણે બરોબર સમજી શકાશે.

ચારે શુભસંદેશના લેખકોનો મુખ્ય હેતુ તો માત્ર ઈસુની કથા કહેવાનો છે. બીજાં પાત્રો તો માત્ર આનુષાંગિક (Incidental) છે. પ્રભુ ઈસુને જે પ્રમાણમાં તેઓ સ્પર્શે છે તે પ્રમાણમાં જ તેમનું મહત્ત્વ છે, પરંતુ જ્યાં જ્યાં તેઓ પ્રભુ ઈસુની નજીક આવે છે ત્યાં ત્યાં આપણને તેમનુ સાચું મૂલ્ય સમજાય છે. પ્રભુ ઈસુ તો સોનાનો કસ પારખનાર પારસમણી કે કસોટી-પથ્થર (Touchstone) છે, જેમની પાસે આવવાથી તરત જ માણસનું સાચું મૂલ્ય મપાઈ જાય છે, તેમનો આંતરિક સ્વભાવ અને વ્યક્તિત્વ ખુલ્લાં કે ઉઘાડાં પડી જાય છે. પ્રભુ ઈસુ પોતે જ વિશ્વનો પ્રકાશ છે. તેમના દૈદીપ્યમાન પ્રકાશમાં કુંદન અને કથિર તરત જ ઓળખાઈ જાય છે. દુનિયાના માપદંડો ખોટા સાબિત થાય છે. માણસોનું અસલી સ્વરૂપ છતું થાય છે.

**પિલાતનું વ્યક્તિત્વ :**

પિલાત એક રોમન હતો. આ વાત આપણે હંમેશાં યાદ રાખવાની છે. તેનો દેશ વિશ્વવિજેતા હતો, જેના નાગરિકો ને અમલદારો પોતાને બીજાઓથી ચઢિયાતા માનતા હતા. એનામાં રોમન પ્રજાજન તરીકેનો અહંકાર હતો, સાથેસાથે જેમના પર તે અમલ ચલાવતો હતો તે પ્રજા પ્રત્યેનો ઊંડો તિરસ્કાર પણ હતો. તેથી જ તે પ્રભુ ઈસુને પૂછી બેસે છે "શું હું યહૂદી છું?" યહૂદી હોવું

એ જાણે તેને માટે અપમાનજનક વાત છે. તે યહૂદી પ્રજાને કયારે પણ સમજી શકયો નહોતો, એમને સમજવાનો પ્રયત્ન પણ એણે કર્યો હશે કે કેમ એ વિશે શંકા છે.

પિલાત એક માનવદ્વેષી અને વક્રદષ્ટિવાળો માણસ (Cynic) હતો. સાચા માનવધર્મ વગરની સંસ્કૃતિની તે પેદાશ હતો. શાહી કાવાદાવાથી તે પરિચિત હતો. તેણે શાહી કાવાદાવાથી પતન અને બદમાશોને મળેલી સફળતા જોયાં હતાં. તેથી જ પ્રભુ ઈસુ જયારે કહે છે કે "હું સત્ય વિશે સાક્ષી પૂરવા આવ્યો છું" ત્યારે માનસચ્ચાઈ અને ભલાઈમાં અશ્રદ્ધા ધરાવનાર પિલાત નાક મરડીને પૂછે, "સત્ય શું છે ?"

ખ્રિસ્તની દિવ્ય મહાનતા જોઈને તેને વિચિત્ર અને ન સમજી શકાય તેવો ક્ષોભ થાય છે. તે અસ્વસ્થ બની જાય છે. આ કેદીની નમ્રતા, એની મહાનતા, એની પરમશાંતિ – એનું સમગ્ર વ્યક્તિત્વ – એને બેચેન બનાવી મૂકે છે.

પિલાતને ભારે ચીડ ચઢે છે. એને પોતાની જાત પર ગુસ્સો આવે છે શા માટે તે આ યહૂદીને દોષપાત્ર ઠરાવી શકતો નથી. તેને ઈસુ પર ચીડ ચઢે છે, કારણ કે તે પિલાતની હાજરીથી અંજાઈ જતા નથી. પિલાત ઈસુને - ઈસુ તેના પ્રશ્નોના ઉત્તર આપતા નથી ત્યારે પૂછે છે "તને ખબર તો છે ને, કે તને છોડી મૂકવાની અને ક્રૂસે ચડાવવાની મને સત્તા છે ?" પિલાત બહાર બૂમરાણ કરતાં યહૂદી ટોળાં અને બીજી તરફ આ પ્રશાંત કેદી - આ બંને વચ્ચે આંટાફેરા કરે છે, અને એક અજ્ઞાત ભય તેને વ્યાપી વળે છે.

પિલાતને યહૂદીઓએ ઈસુ ઉપર મૂકેલા આરોપો સાચા લાગતા નથી. તે સમજી ગયો છે કે માત્ર જૂઠાણાં છે. પિલાત સાચા બંડખોરોને ઓળખે છે. તે એ પણ જાણી ગયો છે કે ઈસુ યહૂદી પ્રજાને બળવો કરવા ઉશ્કેરે એવા નથી. તે સીઝરને કર ભરવાની મના કરે તેવા નથી, તે સીઝરના દુશ્મન નથી.

**માગ્યા વિના માથે પડેલી સમસ્યાનું દબાણ :**

પાસ્ખાપર્વના બે દિવસ પહેલાંજ કાયાફાસે પિલાતની મુલાકાત લીધી હતી અને ઈસુની સંભવિત ધરપકડ અને તેમની સામે ચલાવનાર કેસ અંગે રજૂઆત કરી હતી. પિલાતની પરિસ્થિતિ ત્યારે પણ મુશ્કેલ હતી, માત્ર એક **રબર સ્ટેમ્પ** બનીને યહૂદી ન્યાય-સભા જે કંઈ ચુકાદો આપે, મૃત્યુદંડની સજા ફરમાવે તો તેને સ્વીકારી લેવાનું મજૂરીની મહોર મારવાનું તેને માટે ખૂબ કઠિન હતું. એની પત્ની કલોડિયાને તે રાતે જ ઈસુ વિશે સ્વપ્ન આવ્યું હતું. પિલાત તો વહેલી પરોઢથી જ આ અટપટા કેસમાં ગૂંચવાઈ ગયો હતો. ત્યાં તો ઊંઘમાંથી જાગીને તરત જ કલોડિયાએ એના પતિને આ તાકીદનો સંદેશો મોકલ્યો હતો કે "એ નિર્દોષ માણસની બાબતમાં તમે વચ્ચે પડશો નહિ, કારણ કે, એને કારણે મેં આજે સ્વપ્નમાં પુષ્કળ યાતના વેઠી છે." હવે પિલાતે શું કરવું ? જો એ યહૂદીઓને રાજી ન કરે તો તેઓ હુલ્લડ કરે, રોમમાં સીઝરને ખબર આપે, અને કદાચ તેને હોદ્દો છોડવો પડે. જો એ પત્નીની વિનંતી ન સ્વીકારે, તો એ તો શહેનશાહની સગી હતી, અને જો એ પણ શહેનશાહને રિપોર્ટ મોકલે, તો પણ પિલાતને હાકેમનો હોદ્દો છોડવો પડે. આમ પિલાત ધર્મસંકટમાં (dilemna) મુકાઈ ગયો હતો.

સામે પક્ષે છે ઈસુ. ધ્યેયનિષ્ઠ, નિષ્કપટ, સરળ, માણસોની પરવા કર્યા વિના માત્ર સત્યને અને ઈશ્વરને વફાદાર. એણે પાપ કર્યું નહોતું. પાપ જાણ્યું નહોતું. એમનામાં પાપ ન હતું. એ પોતા વિશે કોઈ વિચાર કરતા નથી. એમનાં મનમાં તો છે પોતાના શિષ્યોના વિચારો, પોતા પર પ્રેમ રાખતી સ્ત્રીઓના વિચારો, પોતાની માતા વિશેના વિચારો, અરે ! આખી માનવજાતના ઉદ્ધાર વિશેના વિચારો. પિલાત પાસે માત્ર સ્વાર્થી વિચારો છે, જ્યારે ઈસુ પોતા વિશે નહિ પણ બીજાઓ વિશે જ, આ કારમી કસોટીમાં પણ વિચારે છે. ઈસુ ખ્રિસ્તની આંખો સામે માત્ર વર્તમાન જ નથી, પરંતુ ભવિષ્યકાળ છે, કહો કો, સનાતનતા છે.

**ન્યાય આપવાના પિલાતના નબળા પ્રયત્નો :**

પિલાત વિશે એટલું જરૂર નોંધવું પડશે, કે ભલે નિર્બળ પણ એણે ન્યાય આપવાના પ્રયત્નો તો કર્યા હતા. યહૂદીઓ ઈસુને લઈ આવે છે, ને તેને મૃત્યુદંડ આપવાની માંગણી મૂકે છે ત્યારે પિલાત પૂછે છે, "એણે શો અપરાધ કર્યો છે ?" યહૂદીઓ જવાબ આપે છે કે, "જો કે ગુનેગાર ન હોત તો અમે તેને તમારી પાસે લઈ આવ્યા ન હોત." પિલાત કહે છે, "તો તમારા શાસ્ત્ર પ્રમાણે ન્યાય કરો." યહૂદીઓ કહે છે કે "આખા યહૂદિયા પ્રાંતમાં તે છેક ગાલીલ સુધી લોકોને ઉશ્કેરે છે." પિલાત તરત જ પૂછે છે, "શું એ ગાલીલનો છે?" અને ઈસુ ગાલીલના છે એમ જાણતાં જ પિલાત ઈસુને હેરાદ પાસે મોકલી આપે છે. હેરોદ ઈસુને પિલાત પાસે પાછા મોકલે છે, ત્યારે પિલાત મુખ્ય પુરોહિતોને કહે છે કે, "મને આ માણસમાં કોઈ દોષ દેખાતો નથી." હજૂયે પિલાતના મનમાં તો તેની પત્ની

ક્લોડિયાની વિનંતી જ રમે છે, ને તે ઈસુને મુકત કરવાના હેતુથી પર્વ પ્રસંગે કોઈ ગુનેગારને મુક્ત કરવાનો પ્રસ્તાવ મૂકે છે. પિલાતને એમ છે કે યહૂદીઓ ઈસુની મુક્તિની માગણી કરશે, પણ લોહીતરસ્યું ટોળું તો બારાબાસની મુક્તિ માગે છે આમ પિલાતનો ઈસુને મુક્ત કરવાનો બીજો એક પ્રયત્ન નિષ્ફળ બને છે.

પિલાત ફરી કહે છે કે "હું એને થોડી સજા કરીશ." પછી ઈસુને કોરડા મરાવીને લોહી નીકળતી હાલતમાં તે યહૂદીઓ પાસે લાવે છે. પિલાતના મનમાં છે કે ગરીબ ગાય જેવા એને અત્યારે લોહી નીતરતી હાલતમાં વધુ દયાજનક દેખાતા. ઈસુને જોઈએ ટોળામાં હમદર્દી જાગશે. તેથી તે કહે છે, "જુઓ આ માણસ ! તમારા રાજાને જુઓ !" ટોળાં પોકારી ઊઠે છે, "સીઝર સિવાય અમારે કોઈ રાજા નથી; અને જો તમે આ માણસને છોડી મૂકશો તો તમે સીઝરના મિત્ર નથી." પિલાતના બધા પ્રયત્નો નિષ્ફળ જાય છે. એના મનમાં જે સંઘર્ષ ચાલતો હતો. તેમાં સ્વાર્થનો વિજય થાય છે. પિલાતમાં રહેલી ન્યાયભાવના અને તેનામાં જે કંઈ શુભ વૃત્તિઓ હતી તેની વચ્ચે અને ગાદી બચાવવાની ઇચ્છા અને સ્વાર્થી મહત્ત્વાકાંક્ષા વચ્ચે ચાલેલા સંઘર્ષમાં બીજાઓ વિજયી થાય છે. તેનામાં રહેલી દૂષ્ટ વૃત્તિઓ જીતે છે. હારીથાકીને તે એક નિર્દોષ અને નિષ્પાપ માણસને મૃત્યુદંડની સજા ફરમાવે છે.

આ સજા ફરમાવતાં પહેલાં પિલાતે કરેલા પ્રયત્નો નજરે જોનારા સાક્ષી એવા સંત યોહાને પોતાની સુવાર્તામાં નોંધ્યા છે. 'પિલાત તેમને મળવા બહાર ગયો.' (યોહાનની સુવાર્તા ૧૮ : ૨૯) "પિલાત રાજભવનમાં પાછો ગયો." (૧૮:૩૩) 'પિલાત

ફરી બહાર ગયો. (૧૯:૪) તે ફરી રાજભવનમાં ગયો.' (૧૯ : ૪) 'તે ઈસુને બહાર લઈ આવ્યો. (૧૯ : ૧૩) આમ પિલાતે ફાંફાં માર્યાં પણ સંજોગો તેના અંકુશમાં નહોતા. કાયાફા અને બીજા પુરોહિતો ખૂબ લુચ્ચા હતા. ટોળું આગેવાનોની ઉશ્કેરણીને કારણે ઉશ્કેરાયેલું હતું. છેવટે રાજકારણ, મહત્ત્વાકાંક્ષા, ખુરશી પ્રત્યેનો પ્રેમ જીતે છે અને ન્યાય હારે છે. પિલાત બધું ગુમાવે છે, જિંદગીભરની યુગોની કલંકિતતા મેળવે છે. સામે ઈસુને જુઓ, તે નિંદા તથા અપમાન વેઠે છે, પણ સામી નિંદા કરતા નથી. વેદના સહન કરે છે, પણ ધમકી આપતા નથી. આપણાં પાપને માટે ગૌરવ ગુમાવ્યા વિના પોતાના શરીરમાં ઘોર યાતના વેઠે છે.

**પોતાનું નિર્દોષતાનું પિલાતનું નાટક :**

ન્યાય ચુકાદો આપ્યા પછી પિલાત પાણી મંગાવે છે. વાસણમાં પાણી લઈને લોકોના દેખતાં હાથ ધુએ છે. અને કહે છે, "આ ન્યાયી માણસના ખૂનની બાબતમાં હું નિર્દોષ છું." પિલાતે જરૂર હાથ ધોઈ નાખ્યા, પણ એનો આત્મા તો એક નિર્દોષનું લોહી વહેવડાવવાના ગુનાથી ખરડાયો. મેકબેથના પ્રખ્યાત નાટકમાં મહારાજા ડંકનનું ખૂન કર્યા પછી લેડી મેકબેથ કહે છે 'All the waters of Arabia will not sweeten these little hands' અરબી સમુદ્રના તો શું પણ બધા સાગરોનાં પાણી પિલાતના હાથ, હૃદય અને આત્મા પર લાગેલા ડાઘ કયારે પણ ધોઈ શકે તેમ નથી. પિલાતે તો ધાર્યું હશે કે ઈસુની બાબતમાં મેં કાંઈ ખોટું કર્યું નથી. પરંતુ આખા યહૂદિયામાં મૃત્યુદંડ આપવાનો અધિકાર માત્ર તેની જ પાસે હતો, એટલે આખી દુનિયાના ઈતિહાસને, વર્તમાનનને

ભાવિને સ્પર્શતી આ ગંભીર જવાદારીમાંથી એ કેવી રીતે છટકી શકે ? પોતે જવાબદાર નથી કહીને એ પોતાની જાતને – પોતાના અંતર આત્માને છેતરે છે. આત્માને છેતરવાની આ વૃત્તિમાંથી જ તે કહે છે 'મેં જે લખ્યું તે લખ્યું' (યોહાન ૧૯ : ૨૨) બધી જ જવાબદારી તે યહૂદીઓને માથે મારવાનો પ્રયત્ન કરે છે.

જિંદગી પ્રત્યેનું આ દૃષ્ટિબિન્દુ ખતરનાક છે. આપણે આપણા નિર્ણયો લેવા જ જોઈએ. જો આપણે પવનમાં હાલતા બરુની જેમ ડામાડોળ હોઈશું તો આ દુનિયાની શેતાની શક્તિઓ આપણને સત્ય ને ન્યાય, દયા ને પ્રેમથી ઊંધી જ દિશામાં દોરી જશે. પિલાતની નબળાઈ તો દુષ્ટતા સાથે સમાધાન કરવામાં છે. આત્મિક સ્થિરતા કરતાં તે પોતાની સામાજિક સલામતી પર વધુ ભાર મૂકે છે. જો ન્યાયી થવાનું અને સત્તા ગુમાવવાનું આવતું હોય તો એ ન્યાયી થશે નહિ. અસ્થિર દુન્યવી મૂલ્યો અને સનાતન આત્મિક મૂલ્યો વચ્ચેની પસંદગીમાં તે નજરે દેખાતાં, લોભામણાં એવાં દુન્યવી મૂલ્યો પસંદ કરે છે.

**પ્રભુ ઈસુની શાંતિ, ક્ષમા અને ઔદાર્ય :**

અતિ કરુણ અને અતિ વિકટ પરિસ્થિતિમાં પ્રભુ ઈસુનો પરિસ્થિતિ પર સંપૂર્ણ કાબૂ છે. "કોઈ પણ માણસ મારો જીવ લઈ શકતું નથી. હું મારી રાજીખુશીથી તે આપી દઉં છું." ઈસુનું બલિદાન તે સ્વૈચ્છિક છે, પોતાની પસંદગીનું છે. આપણા જેવા અને પિલાત જેવા અપૂર્ણ માણસો માટે તે સંપૂર્ણ બલિદાન બને છે. જાતે યરૂશાલેમ જાય છે, પકડાય છે ત્યારે નાસી જતા નથી સ્વેચ્છાએ અને

પરમપિતાની ઇચ્છાને આધીન થઈને ક્રૂસારોહણને માર્ગે ધીમે પરંતુ મક્કમ ડગલે આગળ વધે છે. આપણાં પાપોની માફી માટેનો અને માનવજાતના સાર્વકાલિક ઉદ્ધારનો એક જ માર્ગ હતો, છે અને રહેશે.

પ્રભુ ઈસુના શિષ્યોના શરૂઆતના ઉપદેશોમાં આ જ સંદેશો મળે છે - ઉદ્ધાર, શાંતિ અને બિનશરતી ક્ષમાનો સંદેશો. પીતર તેથી જ હિંમતપૂર્વક યરૂશાલેમમાં યહૂદીઓને કહે છે : "જેમને તમે પકડાવી દીધા હતા અને પિલાતે તેમને છોડી દેવાનો નિર્ણય કર્યો ત્યારે તમે જ તેમનો ઇન્કાર કર્યો હતો" (પ્રે.કૃ. ૩ : ૧૩) વળી તે ઉમેરે છે : "તમારાં પાપોની ક્ષમા મળે તે માટે તમે પસ્તાવો કરો અને ઈશ્વર તરફ પાછા વળો." (પ્રે.કૃ. ૪ :૧૯) પવિત્ર આત્મા ઊતર્યો તે દિવસનો (પચાસમાનો) આ જ સંદેશો છે કે, જો કે આપણે પ્રભુ ઈસુના મૃત્યુમાં સંડોવાયેલા હોઈએ તો પણ, જો આપણે આપણા અપરાધો કબૂલીને અને તેમની પાસે જઈ ક્ષમા માગીએ તો આપણને જરૂર પાપોની ક્ષમા મળે છે.આપણા સ્વાર્થી અને જગિક હેતુઓને બાજુએ મૂકીને બિનશરતી રીતે પ્રભુ ઈસુની પાસે આવવાથી ઉદ્ધારનાં દ્વારો ઊઘડી જાય છે.

આપણે પણ પિલાતની જેમ આધ્યાત્મિક મૂલ્યો અને દુન્યવી-ભૌતિક મૂલ્યો વચ્ચે પસંદગી કરવાની જ છે. આપણા જીવનમાં પ્રથમ સ્થાન કોને છે? આત્મિકવાનાંને કે ભૌતિક વાનાંને? આપણો સ્વભાવ પાપી છે, પરંતુ આપણો આત્મા ઊંચાં ઉડ્ડયનો માટે હંમેશાં તૈયાર હોય છે. આપણામાં ઈશ્વરે મૂકેલો આત્મિક સ્વભાવ ઈસુ તરફ આપણને દોરે છે. આપણામાં ઊંડે ઊંડે પડેલો માનવી સ્વભાવ

આપણે પાપ તરફ, શેતાન તરફ, સલામતી અને દુન્યવી સુખસમૃદ્ધિ તરફ દોરે છે.

પિલાત ઘેર પાછો ગયો હશે ત્યારે જરૂર એણે એની પત્ની કલોડિયાનો ઠપકો સાંભળ્યો હશે. ખભા ઉલાવી એણે કહ્યું હશે, 'હું જાણું છું. તારી વાત સાચી હશે. પણ થયું તે થયું. અને આ તો થોડા દિવસોમાં ભુલાય જશે !" પરંતુ દિવસો, મહિનાઓ, વર્ષો સૈકાઓ અને યુગો વિત્યાં છતાં પિલાતે આપેલો ન્યાયચુકાદો – સત્યને મરડી નાખીને આપેલી મૃત્યુદંડની સજા - કદીયે ભુલાયો નથી ને ભુલાશે નહિ.

ઈસુના ક્રૂસારોહણના બનાવ પછી તરત જ સમરૂનમાં બળવો થાય છે. પિલાતને રોમ પાછો બોલાવવામાં આવે છે અને પિલાત ક્યાંક ખોવાઈ જાય છે. પિલાતે વિયેનામાં આત્મહત્યા કરી, પિલાત ખ્રિસ્તી બની ગયો. આવી ઘણી દંતકથાઓ છે, પણ તે માત્ર દંતકથાઓ છે. સત્યનો તેમને કોઈ આધાર નથી. ૧૯૬૧માં કાઈસારિયામાં પથ્થરની એક સૈકાઓ જૂની તકતી મળી છે, જેના ઉપર લેટિન ભાષામાં કોતરાયું છે 'પોંતિયુસ પિલાત, તિબેરિયસ.' ઐતિહાસિક એવા પિલાત માટે નવો કરાર એવી સાક્ષી પૂરે છે કે તે એક નબળો માણસ હતો, સિદ્ધાંતો કરતા સત્તા તેને વધુ વહાલી હતી. એવો માણસ જેણે અંતરઆત્માના અવાજને ઠુકરાવીને પ્રભુ ઈસુને મૃત્યુદંડ દેવાનો સંપૂર્ણ અન્યાયી ન્યાયચુકાદો આપ્યો હતો. પિલાતમાં હતી એવી નબળાઈ - જયાં કંઈ ખોવાનું કે ગુમાવવાનું આવે છે, પછી એ સત્તા હોય કે ધન કે બીજું કંઈ, ત્યાં આપણે નૈતિક નિષ્ઠા, નૈતિક મૂલ્યો અને ઈશ્વરી આજ્ઞાઓ – આ બધું જ

છોડી દઈએ છીએ. કાલવરીનો મુક્તિદાતા સ્વામી સહુને પિલાતે પ્રભુ ઈસુની વિરુદ્ધ કર્યા હતા તેવા અપરાધો અને પાપોમાંથી મુક્તિ આપે.

❋ ❋ ❋



# ૨. બે લૂંટારા

કાલવરી પર ઈસુ ખ્રિસ્ત એકલા મૃત્યુ પામ્યા નથી. જો કે એમનો એક જ ક્રોસ એ ઈતિહાસમાં અને આપણાં મનોમાં સતત જીવતો રહ્યો છે, અને રહેશે. પરંતુ પ્રથમ શુભ શુક્રવારને દિવસે કાલવરીની ટેકરી પાસે જનાર કોઈને પણ એવું લાગ્યું નહિ હોય. વધસ્તંભે જડીને ગુનેગારોને મારી નાખવાની સજા તે દિવસોમાં સામાન્ય હતી. ખોપરીની જગા પાસેથી પસાર થતા યરૂશાલેમના કોઈ પણ મુલાકાતીએ તે દિવસે – પ્રથમ શુભ શુક્રવારે - એમ જ કહ્યું હશે કે, "મેં આજે ત્રણ માણસોને વધસ્તંભે ચઢાવી દીધેલા જોયા."

ત્રણ માણસો ! ત્રણ ક્રોસ ! કેટલી બધી રીતે આ ત્રણે સરખા લાગ્યા હશે. લાંબા ખીલાથી વીંધાયેલા હાથ, વીંધાયેલા પગ, વેદનાથી આમતેમ અમળાતાં શરીરો, કાળઝાળ ગરમીમાં સખત તરસને લીધે સુકાતાં ગળાં, આજુબાજુ ઊભા રહી ઠઠ્ઠામશ્કરી કરતાં ટોળાં ! ત્રણેને માટે આ બધું સામાન્ય હતું.

શા માટે પિલાત કે બીજા અધિકારીઓ દ્વારા ઈસુની સાથે બે ગુનેગારોને કે લૂંટારાઓને પણ પ્રભુ ઈસુની સાથે ક્રૂસે જડવામાં આવ્યા? શું આ એક અકસ્માત હશે? ક્રૂસે જડનારા રોમન સૈનિકોની ટુકડીના જમાદારે શું એવું કહ્યું હશે, "બીજા બેને પણ વધસ્તંભે જડવાની સજા થયેલી છે. ચાલો, ત્રણેને સાથે જ વધસ્તંભે જડી

દઈએ." અથવા શું ઈસુના શત્રુઓએ તેમના મૃત્યુને વધુ શરમજનક ને નિંદાપાત્ર બનાવવા ઈસુની સાથે બે ચોર લૂંટારાઓને ક્રૂસે જડાવવાની યોજના ઘડી હશે ? એ ગુનેગારોના મિત્ર હતા, એવું ભારપૂર્વક જણાવવા માટે ? માણસ ટોળામાં પોતાના સોબતીઓથી ઓળખાય ! એક જ પ્રકારના પંખીઓ ટોળામાં સાથેસાથે ઊડે. એવું વિચારી ઈસુને બે ચોર-લૂંટારા સાથે વધસ્તંભે જડી દેવાનું યહૂદી ધર્મગુરુઓએ બુદ્ધિશાળી કાવતરું રચ્યું હશે ?

કોઈ જાણતું નથી. એક વાત નક્કી કે ઈસુ એકલા કાલવરીની ટેકરી પર ક્રૂસે જડયા નથી. ત્યાં ત્રણ વધસ્તંભ છે. ત્રણે સરખા લાગે છે. ત્રણે પર એકએકને લટકાવી દેવામાં આવ્યાં છે. છતાં એ ત્રણે વધસ્તંભ ઉપરથી સરખા દેખાતા હોવા છતાં કેટલા બધા જુદા છે !

પહેલો ક્રોસ તે બંડખોરી કે બળવાનો (Rebellion) ક્રોસ છે. બીજો ક્રોસ તે પશ્ચાત્તાપનો (Repentance) ક્રોસ છે. ત્રીજો ક્રોસ તે ઉદ્ધારનો (Redemption) ક્રોસ છે.

**બંડખોરીનો ક્રોસ :** ઈસુ ખ્રિસ્તની એક બાજુએ લટકાવવામાં આવેલો એક લૂંટારો મૃત્યુની આ ગંભીર પળે પણ પ્રભુ ઈસુની નિંદા કરે છે, તેમના ઠઠ્ઠા કરે છે. આ લૂટારો **પાપમાં** મરણ પામ્યો. એ લૂંટારો કેવી રીતે અને કયે માર્ગે આ ક્રોસ સુધી પહોંચ્યો હશે ? કયાં કારણોથી ગુનાખોરીને માર્ગે વળ્યો હશે ?

શું તે કોઈ ખરાબ કે ગુનેગાર કુટુંબમાંથી આવ્યો હશે ? લગ્નવિચ્છેદના ભોગ બનેલા કોઈ માબાપનું સંતાન હશે ? દુષ્ટ

મિત્રોને કારણે કે અંદર પડેલી કોઈ અપરાધવૃત્તિને કારણે સમાજનો ગુનેગાર કે સમાજનો દ્રોહી બન્યો હશે ? શું જન્મ્યા પછીનાં થોડાં જ વર્ષોમાં નાની મોટી ચોરીઓ કરતો થઈ ગયો હશે ?

કે એ કોઈ સારા ઘરનું ફરજંદ હશે ? શું એની માતા જિંદગીભર એ સારો બને, સંસ્કારી નાગરિક બને તે માટે પ્રાર્થનાઓ કરતી હશે? શું ગરીબીને કારણે એ અપરાધી બન્યો હશે ? સમાજે કરેલા અન્યાયોને કારણે ભટકી ગયો હશે ?

આપણે જાણતાં નથી. એટલું જાણીએ છીએ કે તે પાપમાં પડીને રીઢો અપરાધી બન્યો હતો. આ કંઈ એનો પહેલો અપરાધ નહિ હોય. મૃત્યુની ગંભીરતા પણ એના હોઠ ઉપરથી ઈશ્વરનિંદા ને માનવનિંદાને અટકાવી શકતી નથી. એણે ઈસુને જોયો છે, એમના પ્રશાંત ચહેરાને નિહાળ્યો છે. એણે પોતાને ફાંસીએ લટકાવી દેનારા માટે ઈસુને ઈશ્વરપિતાને કરેલી ક્ષમાની પ્રાર્થના સાંભળી છે. દૂર ઊભી રહીને રૂદન કરતી સ્ત્રીઓ અને ખાસ તેમની માતા મરિયમની તેમના વ્હાલા શિષ્ય યોહાનને કરેલી સોંપણી જોઈ છે. આ બધું અને ઈસુનું શાંત ગૌરવ જોયા પછી પણ તે આવા કઠોર શબ્દો અને તે પણ પૂરેપૂરી કડવાશથી ઉચ્ચારે છે. "શું તું મુક્તિદાતા (ખ્રિસ્ત) નથી ? તો તારી જાતને અને અમને બચાવ." એ ગુનેગારમાં કડવાશ છે અને માનવ ઈતિહાસની આ ગંભીર પળે, મૃત્યુ પળેને પળે પાસે આવી રહ્યું છે તે સમયે નિંદા કરીને નર્ક તરફનો રસ્તો પકડે છે. પ્રભુની પાસે હોવા છતાં અનંતકાળને માટે પ્રભુથી દૂર જતો રહે છે.

એનો સાથી ગુનેગાર કહે છે કે, "આપણને થયેલી સજામાં તો પૂરેપૂરો ન્યાય છે. કારણ, આપણે તો આપણે કરેલાં કામો (દુષ્કૃત્યો)નું ફળ ભોગવીએ છીએ." બંડખોરીના ક્રોસવાળો ગુનેગાર તો મુક્તિદાતાના સાન્નિધ્યમાં છે, એ પોતાના ક્રોસને રાજમુગટમાં ફેરવી શક્યો હોત પણ એ પોતાને મળેલી મહાન તકને તુચ્છકારપૂર્વક ફેંકી દે છે.

એના જેવા માણસો આજે પણ છે જ. તેમનો પણ એક ક્રોસ હોય છે, પરંતુ એ ક્રોસ એમને વધુ કડવાશભર્યા બનાવે છે. કદાચ, એ કોઈ સજા હોઈ શકે; કદાચ, એ કોઈ દુઃખ કે બીમારી હોઈ શકે, કદાચ, એ તેમને સમાજે કરેલો કોઈ ઘોર કે પાશવી અન્યાય હોઈ શકે; પરંતુ એ બધાંમાંથી ભલાઈ કે કૃપાને માર્ગે વળવાને બદલે એ વધુ કડવા ને ડંખીલા બને છે, ને ઈશ્વરથી વધુને વધુ દૂર ચાલ્યા જાય છે.

ખરી વાત તો એ છે કે માણસે ઈશ્વરની ઇચ્છાને શોધવાની છે, તેને આધીન થવાનું છે. આ દુનિયા ઈશ્વરની છે, એવું કંઈ ઈશ્વર થવા દેતા નથી, જેમાંથી તે કશું સારું કરી શકે નહિ. પાસે જ ઈસુના રૂપમાં છલકાતું અમૃત ને અનંતજીવન હોવા છતાં બંડખોરીના ક્રોસવાળો ગુનેગાર નર્કના કાતિલ ઝેર પર પસંદગી ઉતારે છે.

**પશ્ચાત્તાપનો ક્રોસ :**

બીજો લૂંટારો **પાપ પ્રત્યે** મૃત્યુ પામ્યો.

જેણે પશ્ચાત્તાપ કર્યો તે બીજો ચોર કે લૂંટારો કેવી રીતે ક્રોસ પાસે આવ્યો તે આપણે જાણતા નથી. શું એ કોઈ સારા કુટુંબનું

સંતાન હશે ? કોણે એને એના બાળપણમાં શીખવ્યું હશે કે સાચાં માણસની સાથે ન્યાયથી વર્તવું જોઈએ ? આપણે કાયમને માટે આ ભલા ગુનેગારને ચાહીએ એવી રીતે તે વર્ત્યો છે. મૃત્યુ પામતા પૂર્વેની છેલ્લી ક્ષણોમાં આ પશ્ચાત્તાપ કરનાર ચોરે છેલ્લા માયાળુ શબ્દો ઉચ્ચાર્યા છે. શું બની રહ્યું છે, માનવી ઈતિહાસની કેવી અતિ ગંભીર પળોનો તે સાક્ષી બની રહ્યો છે, તેની કદાચ તેને ખબર ન પણ હોય. વર્ષો સુધી આ લૂંટારો પાપમાં અને ગુનાખોરીમાં જીવ્યો છે. પાપના કળણમાં ઊંડે સુધી ઊતરી ગયેલા હોવા છતાં, ગુનાખોરીની અંધારી આલમમાં સક્રિય હોવા છતાં, એક ભલા કે ન્યાયી માણસને ઓળખવાની નૈતિક સમજ તે ખોઈ બેઠો નથી. કારમી વેદનામાં પણ એની આંખો અને હૃદય બંને ખુલ્લાં છે.

પ્રભુ ઈસુને જ્યારે રોમન સિપાઈઓ વધસ્તંભે જડતા હશે એનો તે નજરે જોનાર સાક્ષી છે. એણે પેલા હથોડાના ઝિંકાતા ઘાના અવાજો સાંભળ્યા છે. એ ભયંકર ઘાની વેદના જાતે અનુભવી છે. લોહીની વહેતી ધારાઓ એણે નિહાળી છે. વધસ્તંભની આ દારુણ વેદનામાં ગાળો દેવી, શ્રાપ ઉચ્ચારવા એ અતિ સ્વાભાવિક કે માનસહજ ગણાય. બીજો લૂંટારો આ બધું સમજે છે. એટલે જ ઈસુનું પરમ મૌન એને સ્પર્શી જાય છે. એ જુએ છે કે ભોંકાતા ખીલાની કારમી વેદના ઈસુના ચહેરાની નિર્દોષતાને ભૂંસી શકતી નથી, અને તેથી જ, “ઓ પિતા, તેઓને માફ કર; કારણ, તેઓ શું કરે છે તે તેઓ જાણતા નથી,” એ ઈસુની મહાન અને ગૌરવભરી પ્રાર્થના આ ગુનેગારના પાપી હૃદયમાં ધરતીકંપ જેવી મોટી હલચલ બનાવી દે છે.

ઈસુ વિશે જે એણે સાંભળ્યું છે, તે હવે એને સાચું લાગે છે. પોતે તો **વાજબી રીતે**, ગુનાઓને કારણે મૃત્યુદંડની સજા યોગ્ય રીતે ભોગવી રહ્યો છે, પરંતુ ઈસુની બાબતમાં ન્યાયનું ધોળે દિવસે–બધાંની આંખો સામે ખૂન થયું છે એ તે સમજી જાય છે. વેદના વધતી જાય છે, દિવસ લંબાતો જાય છે, તેમ આ ગુનેગાર વિચારતો રહે છે, પોતાના પાપ વિશે સભાન થતો જાય છે. મનોમન પોતાના અપરાધ કબૂલતો જાય છે. તેથી જ સાથી ગુનેગારની ઈસુનિંદા એ સહન કરી શકતો નથી, પરંતુ તેને તે ઠપકો આપે છે. ભૂંડો હોવા છતાં તેને ઈશ્વરનો ડર છે.

ભાગ્યે જ એવો કોઈ ભૂંડામાં ભૂંડો માણસ હોય, જેના હૃદયમાં ક્યાંક ને ક્યાંક ઈશ્વરનો ડર ન હોય. ક્યારે પણ શેતાની બળો કે બર્બરતા માનવ હૃદયને સંપૂર્ણપણે ઈશ્વરવિહોણું બનાવી શકતાં નથી. દરેક ગુનેગાર, દરેક પાપી માટે આશા હોય છે. બીજો ચોર જેમ જેમ પેલા રીઢા, શ્રાપ આપના ગુનેગારને જોતો જાય છે, એને ઠપકો આપે છે તેમ તેમ તેના હૃદયમાં આશાનો ઝાંખો સૂર્યોદય થાય છે. હજુયે તેના આત્મામાં ભય છે, કરેલા અપરાધોનો ડર છે, છતાં એ ઘોર નિરાશામાં અંધકારમાં નાનકડું કિરણ ફૂટે છે. ઈસુ વિશે-પાપીઓ વિશેના એના મહાન પ્રેમ વિશે – એણે સાંભળેલી વાતો તાજી થાય છે, અને તેના તરસથી ફાટફાટ થતા સળગતા હોઠ વચ્ચે એક વિનંતી બહાર આવે છે." "ઈસુ, આપ આપના રાજ્યાસન પર આવો ત્યારે મને સંભાર જો." ઈસુએ કહ્યું, "હું તને ખાતરીથી કહું છું કે, આજે તું મારી સાથે પુણ્યલોકમાં હોઈશ." પ્રભુ ઈસુને માટે અને પસ્તાવિક ચોરને માટે આ મહાયાતનામાં

પણ પરમ આનંદની પળો કૂંપળની જેમ ફૂટી હશે. પ્રભુ ઈસુએ કહ્યું હતું કે, "જો મને પૃથ્વી પરથી ઊંચો કરવામાં આવશે, તો હું બધાં માણસોને મારી તરફ ખેંચીશ."વેદનાના વધસ્તંભ પર પ્રભુ ઈસુ ઊંચકાયા છે ત્યારે પસ્તાવિક ચોર કે લૂંટારો સૌથી પહેલો તેમની તરફ ખેંચાય છે, અને પછી તો અનેક ભાષાઓ, સંસ્કૃતિઓ, કૂળો અને દેશોના કરોડો માણસો તેમની તરફ ખેંચાયા છે, ખેંચાતા રહ્યા છે.

પશ્ચાત્તાપનો વધસ્તંભ શીખવે છે કે ઈશ્વર ઘણીવાર દુઃખને માર્ગે પણ આપણને શીખવે છે. જો સાચો પસ્તાવો હોય તો દુઃખ નિષ્ફળ જતું નથી. બધુ બરોબર હોય ત્યારે સ્વાભાવિક રીતે માણસો ઈશ્વરને ભૂલી જાય છેઃ પરંતુ પરાજય, હતાશા, મુશ્કેલીઓ, માંદગી કે મૃત્યુમાં આપણને ઈશ્વરની જરૂર પડે છે. જીવનમાં દરેકને વહેલે કે મોડે પણ કાલવરીને માર્ગે તો જવું જ પડે છે. પ્રભુ ઈસુને કહ્યું જ છે કે "દરેકે પોતાનો વધસ્તંભ ઊંચકવો પડશે." શું આપણા વધસ્તંભને પશ્ચાત્તાપનો વધસ્તંભ બનાવવાની આપણી તૈયારી છે?

**ઉદ્ધારનો ક્રોસ :**

ઈસુ ખ્રિસ્ત જગતના તારણહાર તરીકે **પાપને ખાતર** મૃત્યુ પામ્યા.

ત્રણ ક્રોસમાં વચ્ચેનો ક્રોસ તે ઉદ્ધારનો એટલે કે પાપની મુક્તિનો ક્રોસ છે. એ આખી દુનિયામાં સૌથી પવિત્ર ક્રોસ છે ઈસુ ખ્રિસ્ત નિર્દોષ ને નિષ્કલંક હતા, બંને લૂંટારા દોષિત અને પાપી હતા. એક ખ્રિસ્તનો વધસ્તંભ એવું સ્થળ છે જયા સ્વર્ગનો પ્રેમ અને સ્વર્ગનો

ન્યાય એકમેકમાં ભળી જાય છે, આ એક અનોખો વધસ્તંભ છે, આપણો પણ એક વધસ્તંભ રહેવાનો. તેથી જ ઈસુએ કહ્યું છે કે, "જે કોઈ પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલતો નથી, તે મારો શિષ્ય થવાને યોગ્ય નથી." માત્ર ખ્રિસ્તનો વધસ્તંભ જ આ પાપી દુનિયાને અને પાપી માણસોને મુક્તિ અપાવી શકે છે. આપણે બંડખોરીનો ક્રોસ જાણી શકીએ, પશ્ચાત્તાપનો ક્રોસ પણ સમજી શકીએ, પણ ઉદ્ધારના ક્રોસનો અર્થ માત્ર એકલા પ્રભુ ઈસુ જ જાણે છે.

ઈશ્વર તેની અખૂટ કૃપામાં આપણે માણસો વધસ્તંભ ઊંચકીએ ત્યારે તેમનો ઉદ્ધારના હેતુ માટે ઉપયોગ કરે છે. ઈશ્વર પોતે આપણા વધસ્તંભો ઊંચકી લે છે. તે આપણાં જીવનોના કડવાં દુઃખો અને ભાંગી નાખે તેવા અનુભવોનો ઉપયોગ કરી આપણને સાજા કરે છે. ક્ષમા કરે છે, આપણો ઉદ્ધાર કરે છે ને આપણી મારફતે બીજાઓને પણ મદદ કરે છે. જેમ સડી ગયેલા કાગળોમાંથી નવા કાગળો બને છે તેમ તે આપણી મુશ્કેલીઓ, મૂંઝવણો ને દુઃખોને કંઈક નવું બનાવવામાં ઉપયોગ કરે છે.

શું તમારો ક્રોસ તે બંડખોરીનો ક્રોસ છે ? દાવીદપુત્ર આબ્શાલોમની જેમ તમે પિતાની સામે બળવો કર્યો છે ? શું તમારો ક્રોસ તે પેલા વહાલા ગુનેગારની જેમ – પસ્તાવિક ચોરની જેમ – પશ્ચાત્તાપનો ક્રોસ છે ? તો પ્રભુ ઈસુના વધસ્તંભની પ્રેમાળ છાયામાં તે તમારા ઉદ્ધારનો-મુક્તિનો ક્રોસ બનશે.

* * *



# ૩. મુખ્ય પુરોહિતો (Chief Priests) અને શાસ્ત્રીઓ

પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવવાના નાટકમાં સૌ પ્રથમ દ્રશ્ય પ્રભુ ઈસુને આખી સાન્હેદ્રીન સભા સમક્ષ ખડા કરવામાં આવે છે તે છે. આખું સ્ટેજ કાવતરાખોરોની ચીસો અને બૂમ-બરાડાથી ગજવી મૂકવામાં આવ્યું હતું. મુખ્ય યાજકો, વડીલો અને શાસ્ત્રીઓ ભેગા થઈ પ્રભુ ઈસુને શિક્ષા કરાવવા કોઈ આરોપ કે સાબિતીની શોધખોળો કરી રહ્યા હતા. કેટલાક આ કેસની સુનાવણી ધ્યાનથી સાંભળતા હતા. કેટલાક બે કે ત્રણ જૂથમાં ઘોંઘાટ થાય તેવી રીતે વાત કરતા હતા. નોકરો ઝડપથી અંદર-બહાર આવજા કરતા હતા અને સંદેશા લાવવા લઈ જવાના નિરર્થક પ્રયાસો કરતા હતા. એકપછી એક સાક્ષીઓની છડી પોકારવામાં આવતી હતી કે જેઓ ઈસુની વિરુદ્ધ જુદી સાક્ષી આપે, પરંતુ દરેકની સાક્ષી એકબીજાથી જુઠી પડતી હતી. આ બધાંની વચ્ચે ઈસુ ધીરે અને ગંભીર તેમજ શાંત ચિત્તે ઊભેલા જણાય છે. સાક્ષીઓની સાક્ષી જેમ જેમ એકબીજાથી વિરુદ્ધ થતી જણાય છે તેમ તેમ કાયાફાસ ગુસ્સે થતો ગયો અને છેવટે આ ફારસ બંધ થાય તે માટે તેણે પ્રભુ ઈસુને સીધો સવાલ પૂછયો કે, "શું તું કાંઈ ઉત્તર આપતો નથી ? તેઓ તારી વિરુદ્ધ આ કેવી સાક્ષી પૂરે છે ?" (માર્ક ૧૪:૬૦) પ્રશ્નનો ઉત્તર ન મળતાં તે ચતુરાઈથી પ્રશ્નને બીજી રીતે દોહરાવે છે કે, "શું તું સ્તુતિમાન ઈશ્વરનો દીકરો ખ્રિસ્ત છે?" (માર્ક ૧૪:૬૧) આ વખતે પ્રભુ ઈસુ પ્રત્યુત્તર આપે છે

કે, "હું છું." પ્રભુ ઈસુ કબૂલ કરે છે કે પોતે મસીહા છે અને એટલું પૂરતું ના લાગતા આગળ જણાવે છે કે, "માણસના દીકરાને પરાક્રમની જમણી બાજુએ બેઠેલો તથા આકાશમાં વાદળસહિત આવતો તમે જોશો." (માર્ક ૧૪:૬૨) આ સાંભળીને કાયાફાસ પોતાનાં લૂગડાં ફાડીને કહે છે કે, "હવે આપણને બીજી સાક્ષીની શી અગત્ય છે ? (માર્ક ૧૪:૬૩) તમે આ દર્ભાષણ સાંભળ્યું છે, તમને શું લાગે છે ?" સર્વએ તેને મરણદંડને યોગ્ય ઠરાવ્યો (માર્ક ૧૪:૬૪). પ્રમુખ યાજક તરીકે કાયાફાસ પ્રમુખપદે હતો (માત્થી ૨૬:૩; ૫૭ યોહાન ૧૧ : ૪૯, ૧૮:૧૩-૧૪).

આ પ્રમુખયાજક કાયાફાસ સાદુકીપંથનો હતો (પ્રે.કૃ.૫:૧૭) ઈ.સ. ૨૭-૩૩ સુધી તે યહૂદીઓના યાજક તરીકે હતો.

આ 'સાદુકી' શબ્દ ક્યાંથી ઊતરી આવ્યો તે કોઈ ચોક્કસ જાણી શક્યું નથી. પરંતુ મોટાભાગના સ્કોલરો એવું માને છે કે દાવીદ અને શલોમોનના સમયમાં થઈ ગયેલા એક પ્રખ્યાત યાજક ઝોદોક (Zadok) ના નામ પરથી ઊતરી આવ્યું હશે. ગમે તે હોય પણ સાદુકીઓનો પક્ષ કે પંથ પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાં ૨૦૦ વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવ્યો.

યહૂદીઓ જ્યારે દેશનિકાલ ભોગવી પાછા ફર્યા ત્યારે તેઓને કોઈ રાજા નહોતો અને તેઓ યાજકો પર ભરોસો રાખતા હતા. તેઓને રાજાશાહી જોઈતી નહતી. પરંતુ ઈશ્વરસત્તાક રાજતંત્ર જોઈતું હતું અને તેથી તેઓ પુરોહિતો કે યાજકો પર ભરોસો રાખતા હતા.

શરૂઆતમાં આ યાજકો પોતાના સન્માન અને લાગવગ માટે

લાયક હતા, એટલે કે તેઓ આદરણીય હતા, પણ પાછળથી તેઓ આ ભાંગી પડેલા લોકોની મશ્કરીઓ પણ કરતા હતા અને તેઓ ઈશ્વરને આધીન રહેવાને બદલે રાજા જેવા બન્યા હતા.

જેઓ આ પંથ કે પક્ષના કુટુંબમાં જન્મ પામ્યા ના હોય તેઓ પ્રમુખ યાજક બની શકે નહિ તેવી જાતની ગોઠવણ (અથવા ગઠબંધન) પણ તેમણે કર્યું હતું. અર્થાત યાજકપદ પોતાના કુટુંબોમાં જ રહે અને પોતે રાજ કરે તેવી વ્યવસ્થા તેમણે ગોઠવી હતી. તેઓ સામાન્ય પ્રજાજનોના પ્રશ્નો પ્રત્યે સંકુચિત વલણ ધરાવતા બની ગયા હતા. સામાન્ય પ્રજાને મળવાથી પોતાને અલગ રાખતા થઈ ગયા હતા, સામાન્ય પ્રજાનો અવાજ તેમના સુધી પહોંચી શકતો નહોતો.

યહૂદી સમાજમાં રાજકારણ અને ધર્મ બંને એકબીજાથી અલગ પડતા નહોતા. એકબીજામાં ભળી જતા હતા. યાજકો માત્ર આત્મિક આગેવાનો જ નહોતા, પરંતુ રાજકારણી પણ હતા. ધીમે ધીમે (કાળક્રમે) આત્મિક આગેવાની ઓછી થઈ ગઈ અને રાજકારણ વધતું ગયું. ઉપલા વર્ગના લોકોમાં આત્મશ્લાઘા પ્રમાણમાં વધતી ગઈ.

તે વખતે જ્યારે ઈઝરાયલ રોમન સામ્રાજયમાં હતું ત્યારે રોમન સત્તાધારીઓ, આ સાદુકીઓને જે ઈઝરાયલ દેશ પર હકુમત ચલાવવા નિયુકત કરતા હતા. રોમનો પોતે જીતી લીધેલા પ્રદેશોમાં લોકોને પોતાનો ધર્મ પાળવાની છૂટ આપતા. રાજકારણ માટે આ રીતે સફળ પુરવાર થઈ, અને સાદૂકીઓ રોમન દ્વારા ગૌરવી મુકાયેલા લોકો બન્યા.

રોમન સામ્રાજયના અધિકારીઓ સાથેના સારા સંબંધોમાં તેમનું સ્થાન સલામત રહેતું અને આરામ તથા નિર્ભયતા મળતાં. એક રીતે તેઓ રોમનોની તાબેદારી સ્વીકારી ધર્મથી વિમુખ બન્યા અને રાજકારણ તરફ વધુ ઢળતા ગયા.

## સાદુકીઓ અને પ્રભુ ઈસુ વચ્ચે સંઘર્ષની શરૂઆત :

સાદુકીઓ વિષે સુવાર્તામાં ઝાઝો ઉલ્લેખ નથી. સાદુકીઓ ઊંચા આસને બિરાજનારા દંભી યાજકો હતા. તેમના મનમાં નાઝારેથનો આ માણસ (પ્રભુ ઈસુ) એક પ્રખર સુવાર્તિક હતો. કોઈ ખાસ પ્રસંગ સિવાય તેઓએ આ વ્યક્તિ પ્રત્યે ખાસ ધ્યાન આપ્યું નહોતું. સુવાર્તામાં સાદુકીઓનું નામ માત્ર નવ વખત આવે છે. સંત માથ્થીની સુવાર્તામાં ૭ વખત, માર્ક અને લૂકની સુવાર્તામાં એક એક વખત માટે જયારે યોહાનની સુવાર્તામાં તેમનો જરાપણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

પ્રભુ ઈસુએ મંદિરને શુદ્ધ કર્યું તે પછી કેટલાક દિવસો બાદ મુખ્ય યાજકને ફરોશીઓનો એક સંદેશાવાહક મળે છે, જે એક અસાધારણ ઘટના કહેવાય, કારણ ફરોશીઓ અને સાદુકીઓ વચ્ચે સારો સંબંધ નહોતો પણ સંદેશાવાહકે જણાવ્યું કે ફરોશીઓને તમારી મદદની જરૂર છે.

આ સંદેશવાહકે જણાવ્યું કે ફરોશીઓ માને છે કે એક ભયંકર ગુનેગાર ઊભો થયો છે. મુખ્ય યાજકને એ યાદ તો હતું જ કે ગાલીલના એક ક્રાંતિકારીએ મંદિરમાં આવીને, નાણાવટીઓના બાજઠ ઊંધા વાળ્યા હતા અને એમ પોતે કીર્તિ પ્રાપ્ત કરી હતી

જ્યારે ફરોશીઓ અને સાદુકીઓની કીર્તિને હાનિ પહોંચાડી હતી.

ફરોશીઓના મતે આ ગુનેગાર પ્રભુની નિંદા કરનારો, દેવને માટે ભંયકર વ્યક્તિ હતી. આથી ફરોશીઓને આ કાંટો દૂર કરવા સાદુકીઓની મદદની જરૂર પડી.

સામાન્ય રીતે સાદુકીઓ અને ફરોશીઓ વચ્ચે ખાસ મેળ નહોતો. ફરોશીઓ પ્યુરીટન્સ એટલે કે ધર્મચુસ્ત અને નીતિના આગ્રહી હતા જ્યારે સાદુકીઓ એવા નહોતા. ફરોશીઓ જડ સિદ્ધાંતવાદી હતા જ્યારે સાદુકીઓ ઢીલા-પોચા સિદ્ધાંતવાદી હતા, ફરોશીઓનો મુખ્ય હેતુ ધર્મ હતો જ્યારે સાદુકીઓનો મુખ્ય હેતુ રાજકારણ હતો. ફરોશીઓ લોકો સાથે સંપર્કમાં રહેતા હતા જ્યારે સાદુકીઓ લોકોથી દૂર રહેતા હતા. કોઈ પણ તેજસ્વી છોકરાનો સ્વીકાર ફરોશીઓ કરી શકતા અને તેને ધર્મની ટ્રેનિંગ આપી તૈયાર કરતા, જ્યારે સાદુકીઓ સાંકડા મનના હતા. પોતાના કુટુંબ સિવાયના કોઈનો પણ તેઓ સ્વીકાર કરતા નહિ. તેઓ સિદ્ધાંતની બાબતમાં પણ એકબીજાથી જુદા પડતા. ફરોશીઓ પુનરુત્થાનમાં માનતા જ્યારે સાદુકીઓ પુનરુત્થાનમાં માનતા નહોતા. (માર્ક ૧૨:૧૮) લાજરસને કબરમાંથી ચાર દિવસ પછી પાછો ઉઠાડવામાં આવ્યો તે વાત સાદુકીઓ માનતા જ્યારે સાદુકીઓ માનતા નહોતા, જો કે યહૂદી સમાજના લોકો તે માનતા; કારણ કે તેમણે લાજરસને મૃત્યુ પામેલો અને મૃત્યુમાંથી પાછો ઉઠાડેલો જોયો હતો.

આવા તફાવત હોવા છતાં એક માત્ર પ્રભુ ઈસુને પોતાના માર્ગમાંથી દૂર કરવા ફરોશીઓ અને સાદુકીઓ મિત્ર બને છે. લાજરસને સજીવન કરવાની ઘટનાએ એક મોટી હલચલ ઊભી

કરી હતી. એક મોટો બળવો થવાની શક્યતા હતી. બરાબર આજ સમયે સાદુકીઓ વચ્ચે પડે છે અને ખૂબ જ ગંભીરતાથી ઈસુને પકડવાનો નિર્ણય લે છે. આ જ વખતે કાયાફાસ પ્રમુખ અજાણતા એક સત્ય ઉચ્ચારે છે કે "લોકોના ભલા માટે કોઈ એક વ્યક્તિએ મરવું જરૂરી છે." લોકોને માટે લાગણી હોય એ રીતે આ કથન ઉચ્ચારવામાં આવ્યું છે પણ સત્ય હકીકત તો એ છે કે તેમને પ્રભુ ઈસુને પોતાની સત્તા અને સ્વાર્થના માર્ગમાંથી દૂર કરવા હતા. સાદૂકીઓએ પોતાની જાત સાથે સમજૂતી કરી લીધી કે પ્રભુ ઈસુને પકડવાથી લોકો તરફથી થતું બંડ નિવારી શકાશે. તેમને લાગ્યું કે જો કે રોમન સરકાર કોઈ પણ બંડને કચડી નાખવા સમર્થ છે પરંતુ તેમ કરવામાં ઘણાં નિર્દોષ માણસોને મૃત્યુ પામવું પડે.

ફરોશીઓ સાથે શરૂઆતથી જ આપણા પ્રભુને ઘર્ષણમાં ઉતરવું પડે છે. જ્યારે સાદુકીઓ જોડે આવું ઘર્ષણ થતું જોવા મળતું નથી. પરંતુ માત્ર એક વખત, એક ખાસ પ્રસંગે આ ઘર્ષણની શરૂઆત થાય છે. આ પ્રસંગ તો પ્રભુ ઈસુ મંદિરની સાફસૂફી કરે તે છે. પ્રભુ ઈસુ જ્યારે મંદિરમાં આવે છે ત્યારે મંદિરની પરસાળ પશુઓ અને પક્ષીઓથી ભરેલા હતી. વળી આ સ્થાને નાણાંની લેવડદેવડ ચાલ્યા કરતી હતી. પવિત્ર જગ્યાને જાણે કે અભડાવવામાં આવી હતી. પ્રભુના ઘરમાં, જ્યાં પરમ શાંતિ હોવી જોઈએ, તેને બદલે ધાંધલ-ધમાલ, શોરબકોર, દોડાદોડી, દુર્ગંધ અને છેતરપિંડી જોવા મળી. આ બધું જ યાજકવર્ગની સંમતિથી થતું હતું; કારણ કે આ બધામાંથી તેઓને તેમનો હિસ્સો છૂપી રીતે મળી જતો હતો.

તેઓની દલીલ કે સમજ એવી હતી કે આ બધું તો સમાજના

ઉદ્ધાર માટે જરૂરી છે. લોકોની સલામતી અને સગવડ ખાતર આ બધું જરૂરી છે. અસંસ્કારી નાણાં વડે ઈશ્વરને ખંડણી આપવી તે કરતાં યહૂદી ચલણને ઉપલબ્ધ બનાવી તે દ્વારા રોમન ખંડણી ભરવી વધુ સારી. આ માટે મંદિરમાં જ આ સગવડો ઉપલબ્ધ હોવી જોઈએ.

પરંતુ આ બધા દ્વારા ગરીબો લૂંટાતા હતા અને પુરોહિતો તે પ્રત્યે આંખ આડા કાન કરતા હતા. પોતાને મળતા નાણાં વડે તેઓ મોજશોખભર્યું જીવન ગુજારતા હતા.

સામાન્ય ગરીબ પ્રજાને થતો આવો અન્યાય અને મંદિરને ભ્રષ્ટ કરનાર બાબતો જોઈને ઈસુના મન પર એટલે મોટી અસર થઈ કે તેમણે ચાબુક લઈને પશુપંખી વેચનારા અને વ્યાપાર કરનારાઓને હાંકી કાઢયા. નાણાવટીઓના બાજઠ ઊંધા વાળ્યા. પ્રભુ ઈસુના કોપ કે ક્રોધનો આ એક માત્ર દાખલો સુવાર્તામાં મળે છે. પ્રભુના આ કૃત્યને ધર્મગુરુઓ સાંખી ન શકયા.

આ કૃત્યથી પ્રભુ ઈસુની કીર્તિ ખૂબ વધી. પ્રભુના આ પગલાથી સાદુકીઓના ગજવાને કાળા નાણાંની માઠી અસર પહોંચી અને તેથી હવે તેઓ પ્રભુ ઈસુ પ્રત્યે બદઈરાદાવાળું વલણ ધરાવતા થયા.

યહૂદીઓના નિયમનો ભંગ, કે રોમન સરકારની સામેનો બળવો કે ઈશ્વરની નિંદા કરવાનો આક્ષેપ, પ્રભુને વધસ્તંભે જડવા માટે જવાબદાર નહોતા; પણ કાયાફાસ અને બીજા યાજકોની ઈર્ષ્યા, અદેખાઈ કે દ્વેષ (envy કે Jealousy) જવાબદાર હતાં.

નવા કરારમાં envy અથવા Jealousy શબ્દ સારા અને ખરાબ; એ અર્થ વપરાએલો છે. સારા અર્થમાં ચિંતા, હોંશ એવો

અર્થ થાય છે. જેમ કે ૨ કોરિંથી ૧૧:૨માં "I am Jealous for you with a godly jealousy" 'હું તમારે વિશે ઈશ્વરના જેવી ચિંતાભરી સાવચેતી સેવું છું.' યોહાન ૨:૧૭ માં 'envy' શબ્દનો અર્થ 'આસ્થા' કરવામાં આવ્યો છે. ન્યાયીપણાની લગનથી દોરવાઈને પ્રભુ ઈસુએ મંદિરનું શુદ્ધિકરણ કર્યું તે તે દર્શાવવા એ શબ્દ વપરાયો છે.

ખરાબ અર્થમાં 'envry' એટલે અદેખાઈ - ઈર્ષ્યા જેમ કે ૧ કોરિંથી ૩:૩માં પાઉલ જણાવે છે કે 'For since there is jealousy and quarrelling among you, are you not worldly ?" અર્થાત "જ્યાં સુધી તમારામાં ઈર્ષ્યા તથા ઝઘડા છે માટે શું તમે સાંસારિક નથી?"

'Envy' શબ્દનો અર્થ વેર વાળવાની વૃત્તિ પણ થાય છે.

**યાજકવર્ગમાં "Envy" અદેખાઈના ઝેર માટે કયા કારણો જવાબદાર હશે ? :**

પ્રભુ ઈસુના જીવન છેલ્લા પાંચ દિવસોમાં એવું તે શું થયું કે ધર્મગુરુઓમાં તે 'ઈર્ષ્યા' કે "અદેખાઈ"નું કારણ બની ગયા ?

ધર્મગુરુઓના આર્થિક લાભને જ્યારે પ્રભુ ઈસુની પ્રવૃત્તિઓએ સ્પર્શ કર્યો છે ત્યારે આવી ઈર્ષ્યા કે અદેખાઈની શરૂઆત થાય છે. ધાર્મિક આગેવાનો તો સર્વોપરિ હતા; તેમના આર્થિક લાભની સામે આવું પગલું એવું એ ખૂબ જ હિંમતભર્યું કહેવાય. મંદિર શુદ્ધિકરણના પગલાથી પ્રમુખ આન્નાસના દીકરાઓને મંદિરમાંથી પ્રાપ્ત થતી ઉપજમાં નોંધપાત્ર ઘટાડો થયો. તેમને થયું શા માટે ઈસુએ આવું કરવું જોઈએ ?

પ્રભુ ઈસુએ મંદિરને હંમેશા પ્રાર્થના કરવા માટેનું સ્થળ ગણ્યું હતું. તેના બદલે તે વેપારીઓનું સ્વાર્થનું સ્થળ બની ગયું હતું. ઈસુને તો દરેક દેશના, દરેક ધર્મના લોકોને માટે તે ખુલ્લું રહે તે જોઈતું હતું. તેના બદલે માત્ર પૈસાદાર યહૂદીઓ માટે જ તે કેન્દ્ર બની ગયું હતું. પ્રભુ ઈસુએ કહ્યું કે, "તમે તો મંદિરને પ્રાર્થનાગૃહને બદલે લૂંટારાઓનો અડ્ડો બનાવી દીધું છે." (માર્ક ૧૧ : ૧૮). આ જ સમયે મુખ્ય યાજકોએ પ્રભુ ઈસુનું કાસળ કાઢવાનો મનસૂબો કર્યો. જે માણસ લાંચ લેતો નથી અથવા તો જે પોતાના સિદ્ધાંતોની સાથે તડજોડ કે બાંધછોડ કરતો નથી તેની સામે હંમેશા ઈર્ષા કે અદેખાઈ થાય જ.

લોકપ્રિયતા પણ ઈર્ષ્યાનું કારણ બને છે. માર્ક ૧૧:૧૮ જણાવે છે. કે તેઓ (એટલે કે યાજકવર્ગ) ઈસુથી ડરતા હતા, કારણ કે લોકો તેમના ઉપદેશથી મુગ્ધ થઈ જતા. માર્ક ૧૨:૩૮ પણ જણાવે છે કે વિશાળ લોકસમૂહે ખુશીથી તેમનું સાંભળ્યું. તે દિવસોમાં લોકો પ્રભુની સંગાથે હતા. તે જાયા ત્યાં લોકોનું મોટું ટોળું તેમની સાથે જતું હતું.

સફળતા પણ ઈર્ષ્યાનું કારણ બને છે. પ્રભુ ઈસુની સફળતા પુરોહિતો માટે એક ચિંતાનું કારણ બને છે. લોકોનું ધ્યાન પ્રભુ ઈસુ તરફ ખેંચાય છે. પોતે નિષ્ફળ છે તેઓ અહેસાસ તેમને થાય છે. આથી તેઓ પ્રભુ ઈસુને સપડાવવા એવા પ્રશ્નો પૂછે છે કે ચર્ચા કરી તેમાં પ્રભુ ઈસુને સપડાવી શકાય. પણ તેમાં પણ તેઓ નિષ્ફળ જાય છે. (માર્ક ૧૨ : ૧૩-૩૫)

## ઈર્ષ્યા કરવાની રીત :

પાદુઆના એક ચર્ચમાં જીઓટોએ દોરેલું ઈર્ષ્યાનું એક કાલ્પનિક ચિત્ર ધ્યાન ખેંચે તેવું છે. આ ચિત્રમાં એક મનુષ્યની આકૃતિ દોરી છે, જેના ખભા નીચે ઢળેલા છે, ડોક લંબાયેલી છે ગાલમાં ખાડા પડી ગયા છે, આંખો અંદર ઊતરી ગયેલી છે. એક હાથમાં સોનાનું પૂતળું પકડી રાખ્યું છે જ્યારે બીજા હાથમાં આંગળીઓ પશુના નહોરની જેમ તે પૂતળાને પકડી લેવા લંબાએલા છે. વળી તેના કાન મોટા અને વિકૃત રીતે ફેલાએલા છે. તેના મુખ આગળ એક સર્પ વીંટળાયેલો છે, જેની ફેણ તેના ભ્રમર સુધી વિસ્તરેલી છે. પગ આગળ અગ્નિની જ્વાળા દેખાડી છે. આનુ રૂપકાત્મક ચિત્ર ઈર્ષ્યાની રીત અને પરિણામ બંને દર્શાવે છે.

તેના મોટા કાન દર્શાવે છે કે ઈર્ષ્યા હંમેશાં આક્ષેપો કે નિંદા સાંભળવા તત્પર હોય છે. સર્પ દર્શાવે છે કે ઈર્ષ્યા ઝેરી અને ફોસલામણી છે. શક્સપિયરે ઓથેલો નાટકમાં Jealousy - ઈર્ષ્યાને a blue eyed monster- વાદળી આંખોવાળા રાક્ષસ સાથે સરખાવી છે. હાથના પંજાના નહોર દર્શાવે છે કે ઈર્ષ્યા ફાડી નાખનાર પશુ જેવી છે. જ્યારે પગ આગળની જ્વાળા દર્શાવે છે કે ઈર્ષ્યા ખુદ પોતાને જલાવનારી કે બાળનારી હોય છે.

પ્રભુ ઈસુ સાથેના વ્યવહારમાં યાજકોએ ઈર્ષ્યાની આ રીત અજમાવી અને પરિણામે તેમને ખતરનાક પરિણામો ભોગવવા પડયાં.

સૌ પ્રથમ તો પુરોહિતો અને શાસ્ત્રીઓ યાજકો પ્રભુ ઈસુને,

પ્રમાણિક દેખાતા એવા દંભી પ્રશ્નો સપડાવવા માંગે છે. માર્ક ૧૧:૨૮ મુજબ "કયા અધિકારથી તમે આ બધું કરો છો ?" પરંતુ પ્રભુએ હોંશિયારીપૂર્વક સામો પ્રશ્ન કરી તેમને સપડાવ્યા. માર્ક ૧૨: ૧૫-૧૭ "રોમન બાદશાહને કર આપવો ઉચિત છે કે કેમ?" તે પણ એક દંભી પ્રશ્ન છે પરંતુ તેમાં પણ તેઓ ઈસુને સપડાવવામાં સફળ થયા નહિ.

વેરઝેર કે ઈર્ષ્યાના ફાડી નાખનાર પંજાને ઈશ્વરનો ડર હોતો નથી કે પાપની ભીરૂતા નડતી નથી, જ્યારે ફરોશીઓ અને સાદુકીઓ પ્રભુને દિવસે સપડાવી શકતા નથી ત્યારે તેઓ રાત્રિનો સમય પસંદ કરે છે, અને તેથી જ્યારે યહૂદા ઈશ્કરીઓત તેમની પાસે આવે છે ત્યારે તેઓ ખુશ થાય છે અને તેને નાણા આપવાનું વચન આપે છે (માર્ક ૧૪:૧૧).

ઈર્ષ્યા કદી પણ આરામ કરતી નથી. એક રીત સફળ ના થાય તો બીજી રીત શોધી કાઢે છે. તેઓ રાત્રે ઈસુને પકડે છે ત્યારે ન્યાયકચેરીના નિયમોને ચાલાકીથી તેની વિરુદ્ધ વાપરે છે. તેમના મૌખિક કાયદાને વ્યવસ્થિત સ્વરૂપ આપી, પ્રભુની સામે વાપરે છે.

સાન્હેન્દ્રીન ન્યાય સભાનો નિયમ એવો હતો કે કોઈની પર પણ આરોપ મૂકાયો હોત તો એ સાક્ષીઓને એકબીજાથી સ્વતંત્ર, એકલા બોલાવી તેમની પૂછપરછ કરવી અને તેઓની સાક્ષી એક હોય તો જ આરોપ મૂકાય. પરંતુ અહીં તેઓ બે કરતાં વધારે સાક્ષીઓને એક સાથે બોલાવે છે. જો કે તેમની જુબાનીમાં પરસ્પર મેળ પડતો નથી. (માર્ક ૧૪:૫૬) આ પૂરતું ના હોય તેમ વડા પુરોહિત કાયાફાસ પોતે પૂછપરછ કરે છે જે કાયદાની વિરુદ્ધ હતું

અને પ્રભુ ઈસુની પોતાની સાક્ષીને મહત્ત્વ આપી તે તેની ઉપર આરોપ મૂકે છે.

મોટા કાન જાતજાતની અફવા અને નિંદા સાંભળવા આતુર હોય છે અને તેથી મુખ્ય યાજકોએ તેની ઉપર ઘણાં તહોમત મૂકયાં, આક્ષેપો કર્યા. (માર્ક ૧૫:૩) વળી મુખ્ય યાજકોએ લોકોને ઉશ્કેર્યો કે બારાબાસને તેમને માટે છોડી મૂકવામાં આવે. (માર્ક ૧૫:૧૧)

છેવટે તેઓ સફળ થાય છે. તેમની જીત થાય છે. તેમણે માનેલા તેમના દુશ્મનની તેમના મતે હાર થાય છે. ઈસુને જ્યારે વધસ્તંભે જડવામાં આવ્યા ત્યારે મુખ્ય યાજકો અને શાસ્ત્રીઓ તેમની મશ્કરી કરવા લાગ્યા કે, "તેણે બીજાને બચાવ્યા પણ પોતાને બચાવી શકતો નથી."

તેમના આ મશ્કરીરૂપ શબ્દો, તેમની જાતનો જ તિરસ્કાર કરે છે. તેમનો જ ઉપહાસ કરે છે અને સાથે સાથે તેમની યાતના પણ દર્શાવે છેઃ કારણ કે, મશ્કરીરૂપ ઉચ્ચારેલા શબ્દો દ્વારા તેઓ કબૂલ તો કરે છે કે પ્રભુએ તો બીજાને બચાવ્યા હતા, તો પછી તેઓ વધસ્તંભે શા માટે જડે છો ? 'તે પોતાને બચાવી શકતો નથી' એ મશ્કરીરૂપ શબ્દો હાંસી અને ધિક્કાર દર્શાવવા વપરાયેલા છે. ઈર્ષ્યાથી ઊંડી ઉતરી ગયેલી આંખો આ શબ્દોનો સાચો અર્થ સમજી (જોઈ) શકતી નથી. જો મુક્તિદાતા પોતે પોતાનો બચાવ કરે તે પછી તે લોકોને કેવી રીતે બચાવી શકે ? બીજાને બચાવવા પોતાને જીવ તો ખોવો જ પડે. ઈસુએ તો કહ્યું જ હતું કે, "જે કોઈ પોતાનું જીવન મારે ખાતર અને શુભસંદેશને ખાતર ખોશે તે તેને બચાવશે." (માર્ક ૮ : ૩૫) પ્રભુ ઈસુએ પોતે જીવ ખોયો અને સમગ્ર માનવજાત

માટે અનંતજીવન મેળવ્યું.

મુખ્ય યાજકોનાં હૃદયો લાલસાથી અને સ્વાર્થથી ભરપૂર હતાં. ઈર્ષ્યા પોતાને જ જલાવે છે. તેઓ પોતાને, પોતાની ઠગવિદ્યાને અને પોતાના અભિમાનને બચાવી શકયા પરંતુ આ નિષ્ઠુર ધર્મગુરુઓએ અનંતજીવન ખોયું.

**વેરઝેર કે ઈર્ષ્યાનો ઈલાજ :**

ભલે ઈર્ષ્યાને કારણે ધર્મગુરુઓએ પ્રભુ ઈસુને વધસ્તંભ પર જડાવી દીધા. પરંતુ એકમાત્ર ઈર્ષ્યાનો ઈલાજ કે ઉપચાર તે વધસ્તંભ જ છે.

આપણને પાપની માફી મળે એટલા માટે જ નહિ, પરંતુ આપણને પાપમાંથી સાજાપણું મળે, અનંતજીવન અને ઉદ્ધાર મળે તે માટે પ્રભુ ઈસુ વધસ્તંભ પર મૃત્યુ પામ્યા.

માનવી હૃદય સ્વથી પ્રેરિત છે, સ્વાર્થથી ભરપૂર છે, તેથી તેમાં ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે. આવી ઈર્ષ્યાનો નાશ કરવો મુશ્કેલ છે. માત્ર વધસ્તંભ પર પ્રભુનું બલિદાન જ તેનો સાચો ઈલાજ છે. વધસ્તંભ પર પ્રભુનું બલિદાન જ તેનો સાચો ઈલાજ છે. વધસ્તંભ પરના બલિદાન દ્વારા તેણે દર્શાવ્યું કે પ્રેમ સહિષ્ણુ હોય છે. પ્રેમ કોઈની ઈર્ષ્યા કરતો નથી.' (૧ કોરિંથી ૧૩:૪) પુનરુત્થાન દ્વારા પ્રભુ ઈસુ આપણા હૃદયોને ઈર્ષ્યાને બદલે પ્રેમથી ભરી દે છે.

શું આ માત્ર ભૂતકાળની કે ઇતિહાસની જ વાત છે ? તેને આજના સમયમાં શું કશું લાગુકરણ નથી ?

આપણી મંડળીઓમાં આપણે બધાં એવું ઈચ્છતાં હોઈએ છીએ કે આપણાં સંતાનો જાહેર જીવનમાં પડે. જેમ કે મ્યુનિસિપાલિટી કે વિધાનસભાના સભ્ય બને અથવા તો કોઈ યુનિયનના આગેવાન બની જાહેર સેવામાં પડે. જો આપણે ખ્રિસ્તીઓ તરીકે આ પ્રકારની જાહેર સેવામાં નિષ્ફળ જઈશું તો ખ્રિસ્તીઓ માટે તે કરુણ પરિણામો લાવશે.

હા, એ વાત સત્ય છે કે જ્યારે કોઈ વ્યક્તિ જાહેરજીવનમાં પડે છે, ત્યારે સામાન્ય રીતે તેનું ધાર્મિક જીવન મુશ્કેલીમાં આવી પડે છે. સત્તા, માન, હોદ્દો, પ્રમુખસ્થાન વગેરે મેળવવું તે તેવા માણસના જીવનનું ધ્યેય અને લક્ષ્ય બની જાય છે. તે પ્રભુમંદિરમાં જવાનું ટાળે છે. અને તેથી તેની આત્મિક સ્થિતિ વણસે છે. આપણે જેઓ જાહેર જીવનમાં પડયા નથી. તેઓએ આવી વ્યક્તિઓ માટે ખાસ પ્રાર્થના કરવી જોઈએ કે તેઓ પ્રભુના ભયમાં અને પ્રભુના માર્ગમાં ચાલે.

આન્નાસ (ઈ.સ. ૭ થી ૪) સુધી પ્રમુખ યાજક હતો.

ઈ.સ. ૨૫માં પ્રમુખ યાજક કાયાફાસે આન્નાસની દીકરી સાથે લગ્ન કર્યા અને આથી એટલે કે સાન્હેન્દ્રીન ન્યાય સભાનો પ્રમુખ બન્યો કેટલાકના મત પ્રમાણે તે પ્રમુખ નહિ પરંતુ કાયાફાસનો અંગત મદદનીશ બન્યો. આ કારણથી તેને પ્રમુખ યાજક કહેવામાં આવે છે. (લૂક ૩ : ૨ પ્રે.કૃ. ૪ : ૬) મુસાના નિયમશાસ્ત્ર મુજબ પ્રમુખ યાજકપદ જિંદગી પર્યંત કાયમ રહેલું હતું. (ગણના ૩:૧૦) તેથી કરીને રોમન પ્રોક્યુરેટરે જો કે તેને પદભ્રષ્ટ કીધો હતો તો પણ

યહૂદીઓ કાયદાનુસાર તેને જ પ્રમુખ યાજક કહેતા હતા.

પ્રભુ ઈસુને પ્રથમ અન્નાસ પાસે લાવવામાં આવ્યા ત્યારે આન્નાસે કેટલાક પ્રશ્નો પૂછ્યા અને ત્યારબાદ પ્રભુ ઈસુને કાયાફાસ પાસે મોકલવામાં આવે છે. (યોહાન ૧૮ : ૧૯-૨૩) કાયાફાસ પાસે સાન્હેન્દ્રીન સભાના કેટલાક સભ્યો હાજર થયા અને ત્યાં પ્રભુ ઈસુની પ્રથમ તપાસ શરૂ થઈ (માત્થી. ૨૬ : ૫૭-૬૮)

આન્નાસ પાસે થએલી તપાસની વાત માત્ર યોહાનની સુવાર્તામાં જ આવેલી છે. આન્નાસ આગળ પીતર યોહાનને લાવવામાં આવ્યા ત્યારે તે સાન્હેન્દ્રીન સભાનો પ્રમુખ હતો. (પ્રે.કૃ. ૪ = ૬)

* * *



# ૪. બારાબાસ (બરબ્બાસ)

ભૂલી જવા માગે તો પણ આ દુનિયા બારાબાસને ભૂલી શકે તેમ નથી. બારાબાસ તો યુગેયુગે-જમાને જમાને જીવે છે. આજે પણ તે જીવે છે. એક લેખક કહે છે તેમ Barabas is terribly alive to-day - બારાબાસ તો આજે માણસને, ભય લાગે તેટલી હદે, જીવંત છે.

કોણ છે આ બારાબાસ? બારાબાર આ નામ તો ચારે સુવાર્તામાં મળે છે, પરંતુ કયાંય પણ આ માણસ નથી કાંઈ કરતો કે નથી એકે શબ્દ બોલતો. છતાં બિનમહત્ત્વનો (Insignificant) દેખાતો આ માણસ દુનિયાના ઈતિહાસમાં કદી ન ભુલાય તેવો મહત્ત્વનો (Significant) ભાગ ભજવી જાય છે; અને ત્યાં ઈસુને ક્રૂસે જડાવવાના હેતુથી પિલાતના મહેલ આગળ ભેગા થયેલા લોકોના માનસ ઉપર અને આપણા માનસ ઉપર પણ વેધક પ્રકાશ ફેંકી જાય છે.

સંત માથ્થી લખે છે તેમ 'બારાબાસ એક નામચીન (Notorious) કેદી' છે. માર્ક લખે છે કે, 'રોમન સામ્રાજ્ય સામે બળવો કરવાને કારણે પકડાઈ ગયો હોવાથી તે કેદમાં પુરાયો હતો', માર્ક વધુમાં જણાવે છે કે, 'બાસાબાસ ખૂની (Murderer) હતો. ઈતિહાસકારો જણાવે છે કે યહૂદી પ્રજાનો રાષ્ટ્રપ્રેમ ઘણો ઊંડો હતો,

તેમની દેશદાઝ ઘણી ઉગ્ર હતી, આથી તેઓ ક્યારે પણ પરદેશી કે પરધર્મી પ્રજા પોતાના ઉપર રાજ કરે તે સહન કરી શકતા ન હતા. બીજી માહિતી એવી મળે છે કે બારાબાસ શબ્દનો અર્થ છે Bar + Abba = son of the father એટલે કે કોઈ યહૂદી ધર્મગુરુ કે રાબ્બીનો વંઠી ગયેલો પુત્ર હોઈ શકે. જો કે કોઈ સુવાર્તામાં ઉલ્લેખ નથી, પણ એક અનુમાન એવું છે કે કદાચ, એનું નામ ઈસુ બારાબાસ પણ હોઈ શકે છે ! (જોશુઆ ઉપરથી ઈસુ શબ્દ આવ્યો છે અને ઈસુ નામ યહૂદીઓમાં ઘણું પ્રચલિત હતું.) આથી પિલાત એ ઉશ્કેરાયેલાં યહૂદી ટોળાં સામે પસંદગી મૂકે છે કે, "બારાબાસ કે ઈસુ ખ્રિસ્ત - હું તમારે માટે કોને છોડી મૂકું ?" અને યહૂદી ધર્મગુરુઓએ ધાર્મિક લાગણીઓનો આશ્રય લઈ ઉશ્કેરી મૂકેલાં, ઈસુના લોહીનાં તરસ્યાં એવાં યહૂદી ટોળાં, (ગુજરાતના ઘણા ભાગોમાં ધર્મઝનૂનથી ઉશ્કેરાયેલાં ટોળાં શું કરી શકે છે તેનો ગુજરાતની પ્રજાને જાતઅનુભવ છે) બારાબાસની પસંદગી કરે છે, અને આકાશ પણ ફાટી પડે એવું ઘાતકી બૂમરાણ મચાવે છે : 'Crucify him! Crucify him !' (વધસ્તંભે જડો ! વધસ્તંભે જડો !)

હજુ તો થોડા જ દિવસો પહેલાં આ જ યહૂદી ટોળાંઓએ 'પ્રભુને નામે જે રાજા આવે છે તેને ધન્ય છે ! પરમ ઊંચામાં હોસાના !' એમ રસ્તાઓ ઉપર પોતાનાં વસ્ત્રો પાથરીને અને હાથમાં ખજૂરીની ડાળીઓ ફરકાવીને યરુશાલેમમાં રાજાની જેમ પ્રવેશતા ઈસુને વધાવ્યા હતા. પરંતુ ટોળું કેવું ચંચળ કે અસ્થિર (Fickle) હોય છે ! જોરદાર પવનનો ઝપાટો આવે ને બરુ જેવા નાના છોડ એક બાજુ નમી જાય, ને વળી બીજી બાજુથી પવનનો બીજો ઝપાટો આવે

અને પવનની તે દિશામાં બરુ કે નાના છોડ જમીન સુધી ઝૂકી જાય - બસ એવું જ હોય છે ટોળાનું માનસ. ને આ યહૂદી ટોળું પણ કંઈ જુદૂં નથી. યરુશાલેમમાં ઈસુના વિજયવંત પ્રવેશને વધાવી લેનારા, ઈસુને રાજા તરીકે ઝૂકી-ઝૂકીને વંદન કરનારાઓ આજે પોતાના રાષ્ટ્રીય સ્વમાનને ભોગે પણ મોટે ઘાંટે કહે છે કે "રોમન બાદશાહ (સીઝર) સિવાય અમારે બીજો કોઈ રાજા નથી."

આ યહૂદી ટોળાંએ ઈસુને બદલે બારાબાસ ઉપર કેમ પસંદગી ઉતારી ? આ એ જ ઈસુ છે જેમણે માંદાઓને સાજા કર્યા છે, ભૂતપ્રેતથી પીડાતાંઓને મુક્ત કર્યા છે. અરે, મૃત્યુ પામેલાંને પણ સજીવન કર્યા છે, જેમણે જિંદગીભર નથી કોઈનું ભૂંડું કર્યું કે નથી કોઈનું ભૂંડું ઇચ્છયું - આવા અતિ પવિત્ર, અતિ કરુણાળુ, પ્રેમસ્વરૂપ ઈશ્વરપુત્રને બદલે આ યહૂદી ટોળાએ એમ કેમ કહ્યું કે "ઈસુને વધસ્તંભે જડો !' યહૂદી ટોળાએ કરેલી આ પસંદગીને - ઈસુને બદલે બારાબાસની પસંદગીને-મનોવૈજ્ઞાનિક રીતે તપાસતા તેના ત્રણચાર પાસાં નજરે પડે છે.

**(૧) અવિચારી અને અણધારી પસંદગી :**

ટોળાને હકીકતમાં તો ઈસુ ખ્રિસ્ત સામે નહોતો કશો દ્વેષ કે નહોતો કશો ક્રોધ. વાસ્તવમાં તો પ્રભુ ઈસુના ચમત્કારોને લીધે, તેમના પ્રેમ, દિલાવરી અને કરુણાને લીધે સામાન્ય યહૂદી પ્રજા તો ઈસુને હૃદયથી ચાહતી. હજી થોડી દિવસો પહેલાં જ હાથમાં ખજૂરીની ડાળીઓ લઈને ઈસુના વિજયવંત યરુશાલેમ-પ્રવેશને તેમણે આવકાર્યો હતો. પરંતુ પિલાતે બારાબાસનું નામ મુક્તિ માટે

સૂચવ્યું અને યહૂદી ધર્મગુરુઓએ બારાબાસ માટે આગ્રહ કર્યો. પાસ્ખાપર્વ વખતે એક યહૂદી કેદીને મુક્ત કરવાનો રોમન રિવાજ હતો. આ નિયમની મદદથી, ઈસુ સંપૂર્ણ નિર્દોષ છે, અને માત્ર યહૂદી ધર્મગુરુઓની ઈસુ પ્રત્યેની અદેખાઈ અને વેરને કારણે ઉશ્કેરવામાં આવેલ ટોળું ઈસુને માટે મૃત્યુદંડનો આગ્રહ રાખે છે એ પિલાત પૂરેપૂરી રીતે સમજી ગયો છે. ઉપરાંત, Impartial justice is the glory of Rome – સંપૂર્ણપણે તટસ્થ કોઈના પણ પ્રત્યે ભેદભાવ વિનાનો ન્યાય એ તો રોમનું ગૌરવ છે એ પણ પિલાત જાણે છે. તેથી આ ટોળું ઈસુને બચાવી લેશે, અને આ રોમન રિવાજનો લાભ લઈ પોતે ઈસુને છોડી શકશે તેવું માની લઈ પિલાત ઈસુનું નામ મુક્તિ માટે સૂચવે છે, પરંતુ યહૂદી ટોળું અણધારી રીતે બારાબાસ ઉપર પસંદગી ઉતારે છે, જેના મૂળમાં આ ટોળાના મનમાં ધર્મગુરુઓએ ધર્મને નામે રેડી દીધેલું ઝેર છે.

**(૨) લાગણીના ઉશ્કેરાટમાં કરેલી પસંદગી :**

આપણે આગળ જોયું તેમ યહૂદીઓ કોઈ પણ પરદેશી રાજશાસનને ભયંકર રીતે ધિક્કારતા હતા. જ્યારે અહીં તો જ્યાં નજર ફેરવો ત્યાં રોમન ને રોમન હકૂમતનાં દર્શન છે. પ્રેટોરિયમ નામે ઓળખતો પ્રોકયુરેટર (સૂબો) પિલાતનો રોમન મહેલ, રોમન સૈનિકો, સોમન ધ્વજા - આ બધુ જ યહૂદીઓનાં મનોને ઘૃણાથી ભરી દેવા માટે પૂરતું છે. એક છેડે છે ઈસુ - માથા પર છે કાંટાનો મુગટ, પહેરાવવામાં આવ્યો છે એમને જાંબુડી રંગનો ઝભ્ભો, આંખોમાં છે ભારોભાર કરુણા - ઉપરાંત પિલાત પ્રશ્ન પૂછે છે, "શું હું તમારે વાસ્તે યહૂદીઓના રાજાને છોડી દઉં?" અને ટોળાનો

મિજાજ બેકાબૂ બની ગયો. જો કે હજી થોડા દિવસો પહેલાં જ તેમણે "ઈસુને રાજા બનાવવાનો પ્રયત્ન કર્યો હતો." (યોહાન ૬ : ૧૫) થોડાક જ દિવસો પહેલાં ઈસુએ હાથમાં ચાબુક લઈને મંદિરને શુદ્ધ કર્યું - નાણાંની હેરફેર કરનારાઓનાં ટેબલો ઊંધા વાળી દીધાં, કબૂતરોએ ઉડાઉડ કરી મૂકી, વેપાર કરનારાઓને બહાર ફગાવી દીધા - આ બધુ તેમને ખૂબ ગમ્યું હતું. ધર્મ સત્તાનો પ્રતિકાર કરનાર ક્રાંતિકારી ઈસુ તેમને જરૂર ગમ્યા હતા. પરંતુ અત્યારે તો ઈસુ અત્યંત દયાપાત્ર-નિરાધાર સ્થિતિમાં હતાં. - બંધાયેલા હાથ, કાંટાનો મુગટ, પોતાના પર મુકાયેલા આરોપોનો પ્રતિકાર ન કરવાનું વલણ. - આ બધું તો યહૂદી ટોળાને પોતાની ગુલામીનું ભાન કરાવતું હતું.

ત્યારે સામે પક્ષે હતો બારાબાસ-ભલે ખૂની પણ રાષ્ટ્રપ્રેમી (Nationalist), તેણે રોમ વિરુદ્ધ બળવો કર્યો હતો. એ તો પોતે જે ઝંખતા હતા એ આઝાદીનું પ્રતીક હતો, દેશદાઝનું પ્રતીક હતો. હિંસાના સાધનોથી આઝાદી મેળવવાનો પ્રયત્ન કદાચ અત્યારે વાજબી ન લાગે ! પણ મધ્યયુગમાં તો તલવારનું બળ એક મોટું બળ ગણાતું. 'તારા એક ગાલ ઉપર કોઈ તમાચો મારે, તો તેની આગળ બીજો પણ ધર.' એવું શાંતિપ્રિય ઈસુનું શિક્ષણ અત્યારે તેમને માત્ર બકવાસ લાગતું હતું. પશ્ચાત્તાપ અને ઈશ્વરપિતાની દુનિયાની વાતો હાસ્યાસ્પદ લાગતી હતી. તેથી જ ટોળાને ગમતો હતો બારાબાસ - પ્રતાપી રોમન સામ્રાજ્ય સામે બગાવતનો ઝંડો ફરકાવનાર દેશભક્ત બારાબાસ ભલે ગુંડો હોય, ભલે ખૂની હોય પણ વતનપરસ્ત યહૂદી ટોળાને લાગ્યું કે એ જ આપણો માણસ.

આઝાદીની આપણી મૂળભૂત લાગણી ને માગણીનું પ્રતીક. આથી જ રોમન શહેનશાહના પ્રતીક શા ગવર્નરના મહેલમાં - અપ્રિય એવા રોમન માહોલ વચ્ચે તેમણે બારાબાસ ઉપર પસંદગી ઉતારી.

**બેજવાબદાર પસંદગી :** (Irresponsible Choice)

યહૂદી ટોળાએ બુદ્ધિને અને જવાબદારીને નેવે મૂકીને બારાબાસ પર પસંદગી ઉતારી. એક બાજુ તેમનાહ્રદયમાં ઊંડે ઊંડે આઝાદીની તીવ્ર ઝંખના છે તો સામે પક્ષે તેઓ એવું પણ કહે છે કે "સીઝર સિવાય અમારે બીજો કોઈ રાજા નથી." (યોહાન ૧૯ : ૧૨) પિલાતને સાણસામાં લેતાં યહૂદીઓ કહે છે કે, "જો તું આ માણસને જવા દે તો તું સીઝરનો મિત્ર નથી. જે કોઈ રાજા થવાનો દાવો કરે છે તે સીઝરનો દુશ્મન છે." (યોહાન ૧૯ : ૧૨) આમ બુદ્ધિને તો શું પ્રાણપ્યારી દેશભક્તિને પણ નેવે મૂકીને તેમણે રોમન બાદશાહ સીઝર પ્રત્યે વફાદારીના શબ્દો ઉચ્ચાર્યા,આત્મિકને બદલે ભૌતિક ઉપર ને સનાતન બદલે ક્ષણિક ઉપર પસંદગી ઉતારી.

**પ્રાણઘાતક કે વિનાશક** (Fatal) **પસંદગી :**

એ સમયે બારાબાસને પસંદ કરનાર યહૂદી ટોળાંને પોતાના નિર્ણયની વિનાશકતાનો ખ્યાલ નહિ આવ્યો હોય. આ તેમનો નિર્ણય ન્યાય માટે, ગૌરવ માટે, પ્રામાણિકતા માટે, સત્ય માટે અને સહુથી વિશેષ તો પ્રભુ ઈસુને માટે અને ખૂદ યહૂદી કોમ માટે પ્રાણઘાતક હતો. જો કે એવી જ રીતે આ વીસમી સદીમાં પણ આપણે સત્ય અને ન્યાયને વધસ્તંભે જડીએ છીએ, અને શોષિત પ્રજાઓ અને ગરીબોને દુઃખની ગર્તાઓમાં-ખીણોમાં ધકેલી દઈએ છીએ.

પિલાતે તો યહૂદી ટોળાંને જરૂર પૂછયું હતું કે, "ઈસુએ શો અપરાધ કર્યો છે?" પણ તેમણે તો વધુ આવેશથી બુમો પાડી હતી કે, "એને વધસ્તંભે જડો ! વધસ્તંભે જડો !"

ટોળાની આ પસંદગીને કારણે અન્યાયી બારાબાસ જીવતો રહ્યો અને ન્યાયી મુક્તિદાતા મૃત્યુને ભેટયા. એક લેખક કહે છે : "ઈસુને ભોંકાયા હતા તે ખીલા લોખંડના ન હતા, પણ આ લોહી તરસ્યા યહૂદી ટોળાંની બેજવાબદાર, બુદ્ધિહીન વર્તણૂકના બન્યા હતા." બીજા લેખક એમ પૂછે છે કે "જો આજે ઈસુને આપણી સામે ક્રૂસે જડવામાં આવે તો આપણું વર્તન કેવું હોય ? એવું જ આવેશી, બેદરકાર અને ન્યાયી માણસ માટે આઘાતજનક ?"

ટોળાએ કરેલી પસંદગી ન્યાય માટે, ઈસુ માટે અને તેમને પોતાને માટે - યહૂદી પ્રજા માટે - વિનાશક કે પ્રાણઘાતક હતી. પરિણામોનો જરાય વિચાર કર્યા વિના આ ટોળું પાગલોની જેમ પોકારી ઊઠે છે કે "એનું લોહી અમારે માથે અને અમારાં બાળકો માથે ?" પછીના થોડાં જ વર્ષોમાં એ વાત સાચી પડે છે. ઈસુના મૃત્યુના ૪૦માં વર્ષે જ યહૂદીઓએ બંડ કરતાં રોમન લશ્કર દ્વારા યરુશાલેમને તોડી પાડવામાં આવે છે, આગેવાનોને મારી નાખવામાં આવે છે, યહૂદીઓને બંદીવાસમાં લઈ જવામાં આવે છે અને વીસ વીસ સદીઓ સુધી - છેક હિટલરે કરેલાં વિનાશ સુધી - યહૂદીઓને એક પછી એક સતાવણીના ભોગ બનવું પડયું છે. "એનું લોહી અમારે માથે" એ જવાબદાર શબ્દોએ કેટકેટલું લોહી વહેવડાવ્યું છે એના વર્તમાન ઇતિહાસ સાક્ષી છે.

પ્રભુ ઈસુના મૃત્યુ પછીના પચાસમે દિવસે પીતર-હિંમતપૂર્વક

આ જ યહૂદી ટોળાંને કહે છે કે, "જે ઈસુને તમે વધસ્તંભે જડયો એને ઈશ્વરે પ્રભુ અને ખ્રિસ્ત બનાવ્યા." આથી તેમના હૃદયો વીંધાઈ જાય છે, પોતે કેવું મોટું પાપ આચરી બેઠા છે - ઈસુને બદલે બારાબાસની પસંદગીમાં - તેનું તેમને ભાન થાય છે, અને તેઓ નમ્રતાપૂર્વક પૂછે છે કે, "ભાઈઓ, અમે શું કરીએ ?" પીતર કહે છે કે, "પશ્ચાત્તાપ કરો, અને તમારાં પાપોની ક્ષમા માટે તમારામાંનો પ્રત્યેક પ્રભુ ઈસુને નામે બાપ્તિસ્મા લો," અને તેઓ તેમ કરે છે.

યહૂદી ટોળાંએ તો અદેખાઈનો ભોગ બની, બેજવાબદારીપૂર્વક, ભારે આવેશી બનીને ઈસુને બદલે બારાબાસની પસંદગી કરી. હજુ પણ દુનિયા સામે, દુનિયાની પ્રત્યેક વ્યક્તિ સામે, મારી અને તમારી સામે એ જ પસંદગી કરવાની રહે છે. બારાબાસ કે ઈસુ ? દરેક યુગે, દરેક પેઢીએ, દરેક વ્યક્તિએ આ પ્રશ્નનો ઉત્તર આપવો જ પડશે. બારાબાસ એ પાપી આદમપુત્ર એવા માણસે ઘડેલી યોજનાનો એક ભાગ છે, ઈસુ એ સમગ્ર માનવજાતિના ઉદ્ધાર માટે ઈશ્વરે કરેલી અદ્ભુત યોજનાનો એક ભાગ છે. ગુડફ્રાઈડેને દિવસે - રાત્રિનો અંધકાર હજુયે પૃથ્વીને વીંટળાઓ હતો ત્યારે - યહૂદી ટોળાંએ તો ઈસુને બદલે બારાબાસની પસંદગી કરી. જે હાથમાં સાજાપણું હતું, પ્રેમ હતો, માફી હતી, અનંત જીવનની આશા હતી તે ઈસુના જીવન આપનાર પવિત્ર હાથને બદલે તેમણે નિર્દોષ લોહીથી ખરડાયેલા બારાબાસના ક્રૂર હાથની પસંદગી કરી ?

પ્રભુ ઈસુ નિર્દોષ છે - બારાબાસના હાથ નિર્દોષના ખૂનથી ખરડાયેલા છે.

પ્રભુ ઈસુ નિષ્પાપ છે - બારાબાસ એક મુખ્ય પાપી છે.

પ્રભુ ઈસુ મુક્તિદાતા છે - બારાબાસ એક નામ છે ભૂતકાળનું.

તમે કોની પસંદગી કરશો ?

* * *



# ૫. યહૂદા ઈશ્કરિયોત

યહૂદા ઈશ્કરિયોત પ્રભુ ઈસુના બાર શિષ્યોમાંનો એક હતો. તેણે પ્રભુ ઈસુએ વિશ્વાસઘાત કરી પકડાવી દીધા. આ નામ સાંભળતા જ આપણને એક પ્રકારનો અણગમો કે ઘૃણા ઉત્પન્ન થાય છે પણ યહૂદા નામનો અર્થ "પ્રભુની સ્તુતિ કરીશ" એવો થાય છે (ઉ. ૨૯ : ૩૫)

પ્રભુ ઈસુના બાર શિષ્યો પૈકી માત્ર યહૂદા જ બિન ગાલીલઅન હતો. તે દક્ષિણ યહૂદા પ્રાંતનો વતની હતો. દરેક સુવાર્તામાં યહૂદાનું નામ શિષ્યોની નામાવલિમાં સૌથી છેલ્લે આપવામાં આવ્યું છે અને દરેક ઠેકાણે તેના નામની સાથે બદનામ લાંછન લગાડેલું છે. જેમ કે માર્ક ૩:૧૯માં તેને પરસ્વાધીન કરનાર યહૂદા ઈશ્કરિયોત, માત્થી ૧૦:૪ માં યહૂદા ઈશ્કરિયોત જે તેને પરસ્વાધીન કરનાર પણ હતો, લૂક ૬ : ૧૬માં યહૂદા ઈશ્કરિયોત જે વિશ્વાસઘાતી હતો. યોહાન ૧૮:૨માં તેને પરસ્વાધીન કરનાર, પકડવી દેનાર યહૂદા..... વગેરે.

યોહાન ૬ : ૭૧ અને ૧૩ : ૨માં જણાવવામાં આવે છે કે યહૂદાના પિતાનું નામ સિમોન હતું. યોહાન ૧૩ : ૨૬માં જણાવવામાં આવે છે કે સિમોન ઈશ્કરિયોતનો દીકરા યહૂદા. આમ બાપ અને દીકરા બંનેના નામ પાછળ ઈશ્કરિયોત લખવામાં આવે

છે, જે તેની અટક હોવી જોઈએ. આ અટક તેના વતનના નામ પરથી પાડવામાં આવી હશે. અર્થાત .યહૂદા અને તેનો પિતા સિમોન કરિયોથના વતની હતા. "ઈશ" શબ્દનો અર્થ માણસ અને કરિયોથ એટલે કરિયોથ ગામ. ઈશ્કરિયોત એટલે કરિયોથનો માણસ એવો અર્થ થાય.

યિર્મેયા ૪૮ : ૨૪ અને આમોસ ૨ : ૨માં જણાવ્યા પ્રમાણે એક કરિયોથ મોઆબ પાસે આવેલું હતું. જ્યારે બીજું કરિયોથ અદોમની સરહદ પાસે આવેલું હતું. (યહોશુઆ ૧૫:૨૧, ૨૫) અદોમ તે નેગેબમાં હતું. અને નેગેબ હેબ્રોન પાસે હતું. (યહોશુઆ ૧૫:૩૧, ૨૧) આમ રહેઠાણ, ધંધો, રીતભાત અને ભાષાની દ્રષ્ટીએ યહૂદા બીજા અગિયાર શિષ્યોથી જુદો પડતો હતો.

યહૂદા નાણાંની લેવડદેવડની બાબતમાં હોંશિયાર એટલે કુશાગ્ર બુદ્ધિવાળો હતો, અને તેથી જ્યારે બાર શિષ્યો અને પ્રભુ ઈસુ પોતે એમ ૧૩ જણ એક સ્થળેથી બીજા સ્થળે ફરતા હતા ત્યારે નાણાંનો વહીવટ એક જણ સંભાળે તે વધુ ઈચ્છનીય અને સુગમ હતું અને તેથી પ્રભુ ઈસુએ તેની શક્તિનો ઉપયોગ કરી તેને ખજાનચી બનાવ્યો હતો. (યોહાન ૧૩ : ૨૯)

યોહાનની સુવાર્તામાં એક સાદુ સત્ય એ જોવા મળે છે કે યહૂદા લાલચુ માણસ હતો. ધનની લાલસા રાખવી તે તેનું પાપ હતું. તેથી તે ઘણીવાર થેલીમાંથી પૈસા કાઢી લેતો. (યોહાન ૧૨ : ૬).

મરિયમ માગદાલેણે જ્યારે અતિ મૂલ્યવાન અત્તર પ્રભુ ઈસુના પગે ચોળ્યું ત્યારે યહૂદા ચતૂરાઈપૂર્વક, ગરીબોને માટે દાઝ હોય એ

રીતે બોલે છે. પણ યોહાનની સુવાર્તામાં સ્પષ્ટ જણાવવામાં આવે છે કે ગરીબોને માટે દાઝ હતી તેથી નહિ પરંતુ તે પૈસા ચોરી લેતો હતો તેથી તે છેતરામણા શબ્દો બોલે છે. જો અતિમૂલ્યવાન અત્તર ૩૦૦ દીનારે વેચીને તે પૈસા નાણાંની થેલીમાં નાખ્યા હોત તો તેને વધારે ચોરી લેવાનું મળત. વળી તેની ધનલાલસા બીજા એક બનાવ દ્વારા પણ સાબિત થાય છે. અને તે એ છે કે ચાંદીના માત્ર ૩૦ જ સિક્કા માટે પોતાના ગુરુને પકડાવી દેવા તૈયાર થાય છે. (માત્થી ૨૬ : ૧૪-૧૬, માર્ક ૧૪ : ૧૦-૧૧, લૂક ૨૨ : ૩-૬) એટલે યહૂદા ભૌતિકવાદ (Materilism) પૈસા પ્રત્યેની લાલસા જોવા મળે છે. "તમે દેવની અને દ્રવ્યની સેવા કરી શકતા નથી." - એ પ્રભુ ઈસુનું વચન અને "દ્રવ્યલોભ એ બધા લોભનું મૂળ છે." -એ બાઈબલ વચન યહૂદાના સંદર્ભમાં કેટલે બધે અંશે સાચું લાગે છે !

**ભૌતિકવાદ (Materialism) છુપા વેશે રહે છે :**

આંધળુકિયો ભૌતિકવાદ અથવા સંપત્તિ પ્રત્યેનો પ્રેમ હંમેશા છૂપા વેશે રહે છે. યહૂદામાં ધનની લાલસા સ્વરૂપે રહેલો ભૌતિકવાદ કોઈની જાણમાં આવ્યો નહતો અને તેથી જ પ્રભુ ઈસુ જ્યારે કહે છે કે, "તમારામાંનો એક મને પરસ્વાધીન કરશે" પરસ્વાધીન કરવું એટલે બીજાઓ પાસે ધરપકડ કરાવવી - પકડાવી દેવું ત્યારે શિષ્યો એકબીજાની સામે જુએ છે કે શું હું તો તે નહિ હોઉં ? તે વખતે પ્રભુ સિવાય કોઈને ખબર નથી કે તે વ્યક્તિ યહૂદા છે. આમ યહૂદાનો ભૌતિકવાદ બુરખાધારી હતો.

પ્રભુના અને અગિયાર શિષ્યોના મિત્રો તે યહૂદાના મિત્રો

હતો. પણ યહૂદામાં રહેલો છુપો સ્વાર્થી તેને આ બધાથી જુદો પાડે છે. પોતાની મિત્રતાથી તે પ્રભુને અને બાકીના ૧૧ શિષ્યોને છેતરે છે. તે પોતે શિષ્ય હોવાનો ઢોંગ કરે છે. પુરોહિતો અને ધર્માધિકારીઓ સાથે છૂપી ને કપટી ગોઠવણ કરીને આવ્યો હોવા છતાં પોતાને નિર્દોષ સાબિત કરવા તે સામો સવાલ પૂછે છે કે, "પ્રભુ, શું તે હું છું?" (માત્થી ૨૬ : ૨૫)

સંત ફ્રાન્સિસ ઝેવિયરે કીધું છે કે પાપકબૂલાતના પ્રસંગોમાં ઘણાં માણસો પોતે જાણી જોઈને કરેલાં પાપો તેમજ પોતાને કલ્પના પણ ના હોય તે રીતે કરેલાં પાપોની કબૂલાત કરે છે. પણ એવી કોઈ વ્યક્તિ આવતી નથી કે તેણે કબૂલ કર્યું હોય કે હું લાલચુ છું કે પૈસાનો પુજારી છું, ધનદોલતનો પ્રેમી છું. લાલચુ હોવું ધનની લાલસા રાખવી તે પણ પાપ છે. તે છૂપું પાપ છે.

જો આપણામાં આવો ભૌતિકવાદ અને અપ્રમાણિકતા હશે તો બીજું કોઈ જાણી શકવાનું નથી. ફકત આપણે પોતે ને આપણો ઈશ્વર જ જાણે છે. લોકો તે વિષે જાણી શકતા નથી તેથી તે પાપ મટી જતું નથી. પણ આ છૂપું પાપ ભારે વિનાશકારી છે. આપણે આપણાં હૃદયો તપાસવાં જોઈએ અને પ્રમાણિક બનવું જોઈએ. માત્થી ૬ : ૨૩માં નાણાંના સંબંધમાં પ્રભુ ઈસુએ કહ્યું છે કે ".....માટે તારામાં જે અજવાળું છે તે જો અંધકારરૂપ હોય તો તે અંધકાર કેટલો મોટો?"

**ભૌતિકવાદ તર્કશુદ્ધ દલીલો કરે છે :**

યહૂદાને પ્રભુ ઈસુના પગે મરિયમ દ્વારા ચોળાયેલું, સુગંધીદાર

અતિમૂલ્યવાન અત્તર વેડફાયેલું લાગ્યું. હા, જો તેનો ઉપયોગ કરવો હોય તો તેના નાણાં પોતાની થેલીમાં આવવાં જોઈએ જેથી, તે પોતાનો હિસ્સો ચોરી લે. અને તેથી જ તેણે તર્કશુદ્ધિ દલીલ કરી કે, "આ અત્તર ૩૦૦ દીનારે વેચાત અને એ પૈસા ગરીબોને કામ લાગત." પોતાને નાણાં જોઈતા હતાં પરંતુ બહાર એવું દર્શાવવાનું હતું કે તે નાણાં ગરીબોને મળે. પાંચ હજારને જમાડયા પછી છાંડેલા કકડા વીણી લેવાનું પ્રભુએ કહ્યું કે જેથી તેનો વ્યય કે બગાડ ના થાય. આમ પ્રભુ ઈસુના શિક્ષણ મુજબ જ તે દલીલ કરે છે કે નાણાંનો આવો વ્યય શા માટે ?

**ભૌતિકવાદ કે દ્રવ્યલોભ અશુદ્ધિ લાવે છે :**

પ્રભુ ઈસુ દરેકને શુદ્ધ કરવા ચાહે છે, પણ ભૌતિકવાદ તેમ કરવા દેતા નથી. યોહાન ૧૩ : ૧૦માં શિષ્યોના પગ ધોતાં પ્રભુ જણાવે છે કે તમે શુદ્ધ છો પણ બધા નહિ. કેમ કે પોતને પકડાવી દેનારને તે જાણતો હતો, જયાં સુધી આંતરિક શુદ્ધતા, હૃદયની શુદ્ધતા નથી ત્યાં સુધી બહારની શુદ્ધતાનો કોઈ અર્થ નથી. જયાં સુધી હૃદયમાં લાલચ કે તૃષ્ણા છે ત્યાં સુધી આંતરિક શુદ્ધતા આવતી નથી. પ્રભુ ઈશુએ અન્ય ઠેકાણે પણ જણાવ્યું છે કે, "પૃથ્વી પર તમારે માટે દ્રવ્ય એકઠું ના કરો જયાં કીડા અથવા કાટ તેનો નાશ કરે છે."

પૈસા સંબંધમાં એક વાત જાણવા જેવી છે. પૈસાથી જે તમે કરો છો તે પ્રતિક્રિયા સ્વરૂપે કશુંક કરે છે. દરેક સિક્કો જે કમાવવામાં આવે છે અને વાપરવામાં આવે છે તે કમાનાર અને વાપરનાર વ્યક્તિને કશીક અસર કરતો જાય છે. આ અસર કાં તો તેને સદાચારી બનાવે છે અથવા તો તેને ભ્રષ્ટાચારી બનાવે છે.

**ભૌતિકવાદ ગુલામ બનાવે છે :**

લૂક ૨૨:૩ અને યોહાન ૧૩:૨ અને ૨૭માં જણાવવામાં આવે છે તેમ યહૂદામાં શેતાન પેઠો અને તેથી યહૂદાએ ગુરુને પકડાવી દીધા. ફકત નાણાં સંબંધના પાપ માટે જ આ વાત સાચી છે એવું નથી. કોઈ પણ પ્રકારના પાપ માટે તે એટલી જ સાચી છે. જેમ જેમ પાપ કરતાં જઈએ છીએ તેમ તેમ પાપની પકડ મજબૂત બનતી જાય છે અને પરિણામે આપણે પાપના ગુલામ બની જઈએ છીએ. પહાડ પરના ભાષણમાં પ્રભુ ઈસુએ સ્પષ્ટ જણાવ્યું છે કે, "તમે બે ધણીની ચાકરી કરી શકતા નથી !" ઈશ્વર અને દ્રવ્ય (દ્રવ્યરૂપી દેવ). કેમ ? કારણ બંને આપણો કબજો લેવા માંગે છે. આપણો કબજો લઈ ઈશ્વર આપણને સ્વતંત્રતા આપે છે. જયારે જગતરૂપી દેવ છળકપટથી આપણો કબજો લેવા માંગે આપણું મન આપણને પટાવે છે કે હમણાં દ્રવ્ય પર ધ્યાન રાખ. ભલે ભ્રષ્ટાચાર કરવો પડે તો કર. પછી ભ્રષ્ટાચારથી દ્રવ્ય કમાઈ લીધા પછી પ્રભુને સ્વીકારીશું પણ તેમ થઈ શકતું નથી.

ઉત્પત્તિ, ૩ : ૧૪-૧૫માં પ્રભુ ઈશ્વરે સર્પને (શેતાન) શિક્ષા કરતાં જણાવ્યું કે, "તેં એ કર્યું છે તે માટે તું સર્વ ગ્રામ્ય પશુઓ તથા વનપશુઓ કરતા શાપિત હો. તું પેટે ચાલશે ને પોતાના સર્વ દિવસ લગી ધૂળ ખાશે અને તારી ને સ્ત્રીની વચ્ચે તથા તારા સંતાનની અને તેના સંતાનની વચ્ચે હું વેર કરાવીશ. તે તારું માથું છૂંદશે ને તું તેને એડીએ છૂંદશે."

અહીં ઈશ્વરપિતા તેના સંતાન એટલે કે સ્ત્રીના સંતાન તરીકે

મનુષ્ય પુત્ર-પ્રભુ ઈસુની વાત કરે છે. શેતાનને તેથી ખબર હતી કે આ મનુષ્યપુત્ર મારો દુશ્મન છે અને તેથી પ્રભુ ઈસુના જન્મ સમયથી જ તેનો નાશ કરવાની યોજના કરે છે. બાળ ઈસુનો નાશ કરવા તે હેરોદ રાજાનો ઉપયોગ કરે છે અને તે સમયે જન્મેલા પ્રત્યેક નર-બાળકનો સંહાર કરાવે છે. આ યુક્તિમાં શેતાન ફાવતો નથી તેથી તે હવે પ્રભુ ઈસુ બાળક મટી યુવાન બને છે ત્યારે અરણ્યમાં ૪૦ દિવસના ઉપવાસ પછી પરીક્ષણો દ્વારા પ્રભુ ઈસુને હરાવવા પ્રયત્નો કરે છે અને તેમાં પણ ફાવટ ન આવતાં, હવે તે તેના જ શિષ્ય, યહૂદાનો ઉપયોગ કરે છે. અને તેથી જ લૂક ૨૨:૩ તેમ જ યોહાન ૧૩:૨ અને ૨૭માં જણાવવામાં આવે છે કે તેનામાં શેતાન પેઠો. આ વખતે શેતાનની ગણતરી એવી હોય છે કે વધસ્તંભ ઉપર અસહ્ય વેદના ઠઠ્ઠા મશ્કરીઓ, ચાબુક તથા કોરડાનો માર શિષ્યો અને અન્ય વહાલાંઓનો ત્યાગ વગેરે ભૌતિક, માનસિક અને આત્મિક સતાવણી દ્વારા પ્રભુ ઈસુને હરાવી શકાશે અને એક પળ તો એવી પણ આવે છે કે પ્રભુ ઈસુ બૂમ પણ પાડી ઊઠી છે કે, "મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ?" વળી, તે પહેલાં પ્રાર્થનામાં પ્રભુ ઈસુ માંગે છે કે, "જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કર, તો પણ મારી ઇચ્છા નહિ પણ તારી ઇચ્છા પ્રમાણે થાવ. આમ કાલવરીના મહાયુદ્ધમાં શેતાનની ગણતરી કે વ્યૂહરચના કાંઈ કાચીપોચી નહોતી. આમ છતાં શેતાન ફાવી શકતો નથીઃ કારણ, પ્રભુ ઈસુ પોતે નિષ્પાપી હતા અને પરમપિતાની ઇચ્છાને આધીન હતા. તેથી ઈશ્વરપિતા તેમને શેતાનની સામે અને દુષ્ટતાનાં બધા લશ્કરોની સામે જીત અપાવે છે.

**ભૌતિકવાદ મૂલ્યોને મરડી નાંખે છે :**

ચાંદીના ૩૦ સિક્કામાં યહૂદાએ પ્રભુ ઈસુને પકડાવી દેવાનું નકકી કર્યું. ચાંદીના ૩૦ સિક્કા એટલે શું ? બે શકયતાઓ છે. જો તે શેકેલ હોય તો ૩૦ શેકેલ ૧૨૦ દિવસની રોજી બરાબર થાય અને જો દિનાર હોય તો ૩૦ દિવસનો પગાર થાય એ ગમે તે હોય પણ, યહૂદાના મનમાં પ્રભુનું મૂલ્ય માત્ર ચાંદીના ૩૦ સિક્કા જેટલું જ હતું.

બીજી તરફ મરિયમ માગદાલેણે પ્રભુને જે અતિમૂલ્યવાન અત્તર લગાડયું હતું તે ૩૦૦ દિનારથી વધુ કિંમતે વેચાત. ૩૦૦ દિનાર અર્થાત્ આખા વર્ષની કમાણી. મરિયમે પ્રેમના એક કૃત્ય પાછળ ૩૦૦ દિનાર ખર્ચી નાખ્યા. તેથી પ્રભુને આનંદ થયો. પ્રભુએ તેનાં વખાણ પણ કર્યાં. જ્યારે યહૂદાના મનમાં પ્રભુ કરતાં નાણાં વધુ કિંમતી હતાં. પોતાને જે જોઈએ છે તે પ્રાપ્ત કરવા માટે એક નિર્દોષ મિત્ર, જે તેનો ગુરુ પણ હતો, તેનું બલિદાન આપવા તૈયાર થઈ જાય છે. આમા ભૌતિકવાદ મૂલ્યને મરડી નાંખે છે.

આપણું શું ? આપણે પ્રભુને કેવી રીતે મૂલવીએ છીએ ? પ્રભુ અને પૈસા એ બંનેનું આપણા જીવનમાં કેવું સ્થાન છે ? કદાચ ૩૦ સિક્કા માટે આપણે યહૂદાની માફક પ્રભુને પકડાવી ન દઈએ, પણ જો તે મૂલ્ય અનેકગણું વધારે હોય તો શું આપણે પ્રભુ પ્રત્યે વફાદાર રહી શકીશું ? શું નાણાંને ખાતર આપણે ખ્રિસ્તી ધર્મના મૂલ્યોને ઠોકરે મારીએ છીએ ? ઈશ્વરને નહિ પણ પૈસાને પૂજીએ છીએ ?

લિઓનાર-ડી- વિન્સીએ પ્રભુ ઈસુના છેલ્લા જમણ (Last Supper) ચિત્ર બનાવ્યું તે વિષે એક રસિક બાબત જાણવા જેવી છે. આર્ટીસ્ટે ચિત્રમાં આવેલી દરેક વ્યક્તિના ચિત્રને પૂરું કર્યું પણ યહૂદાના ચિત્રને તે દોરી શક્યો નહિ. તેના ચહેરા પર યોગ્ય હાવભાવ દર્શાવવા તેને કોઈક મોડેલની જરૂર પડી. શહેરનાં દરેક નામાંકિત અડ્ડા પર જઈને આવી કોઈ વ્યક્તિની શોધ કરી. છેવટે તેને એક વ્યક્તિ મળી જેના ચહેરા પર પાપ, દોષ અને અપરાધની લાગણીઓ અંકિત થયેલી જણાઈ. તેની છાની છાની લપાતી છુપાતી ગુનાહિત નજર આર્ટીસ્ટને એકટશે જોઈ રહેતી. તરકટી નજર એ દર્શાવતી હતી કે તેની જિંદગી છેતરામણી અને ઢોંગી છે. આર્ટીસ્ટને લાગ્યું કે બરાબર આવી જ વ્યક્તિની મારે જરૂર છે. તેથી તે તેને વિનંતી કરીને પોતાના સ્ટુડિયોમાં લઈ ગયો. સ્ટુડિયો પર પહોંચ્યા પછી પેલી વ્યક્તિને આ જગ્યા પરિચિત લાગી. તેણે યાદ કર્યું કે આ પહેલાં પણ આ જગ્યાએ આવી ગયો છે તેને યાદ આવ્યું તેણે કહ્યું, "વર્ષો પહેલાં તમે મને અહીં પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ચિત્ર બનાવવાના મોડેલ તરીકે લાવ્યા હતા અને આજે....યહૂદા ઈશ્કરિયોતનું ચિત્ર બનાવવા માટે."પ્રભુ ઈસુ જેવો જેનો સોહામણો ચહેરો તે હવે યહૂદાના જેવો કઠોર ને બિહામણો બની ગયો હતો.

આમ મૂલ્ય ધીમે ધીમે બદલાતું જાય છે, અને ભૌતિકવાદ ને આ દુનિયા પ્રત્યેનો પ્રેમ તે માટે જવાબદાર છે.

**ભૌતિકવાદ અને યહૂદા :**

ઈશ્વરના બાર શિષ્યો પૈકી યહૂદા જ રહેઠાણ, વાણી, વિચાર,

વર્તન, ભાષા, ધંધો અને રીતભાતની દૃષ્ટિએ જુદો પડતો હતો. શું તેથી જ તે પૈસા તરફ આકર્ષાયો હતો કે જેથી પૈસાદાર બની, બીજાઓની દૃષ્ટિમાં તે ઊંચુ સ્થાન પ્રાપ્ત કરી શકે ? યહૂદાની બાબતમાં તે ચોક્કસ જાણી શકાયું નથી પણ, પૈસાથી પ્રતિષ્ઠા વધે છે તેવું માનનારા આજે પણ લાખો માણસો છે.

યહૂદાનું સમગ્ર ચિત્ર કાળું નથી, તેને તેના પાપનું ભાન થાય છે. તેથી તેની વિવેકબુદ્ધિ તદ્દન લાગણીશૂન્ય થઈ ગઈ નથી. આથી જ તે બેચેન બને છે અને પેલા અધિકારીઓ પાસે પાછો જઈ પોતાનું પાપ કબૂલ કરતાં કહે છે. કે 'તે નિરપરાધી લોહી વહેવડાવવાથી મેં પાપ કર્યું છે' (માત્થી ૨૭:૪) પાપની કબૂલાત કર્યા છતાં તેને નિર્દય જવાબ મળે છે. લાંચના પાપમાંથી ઈચ્છા હોય તો પણ છૂટી શકાતું નથી, કારણ તેમાં બે પક્ષો સંકળાયેલા છે. એકનો પશ્ચાત્તાપ કે કબૂલાત બીજા માટે ધમકીરૂપ બને છે.

વ્યવહારમાં પણ આપણામાંથી ઘણી બધી વ્યક્તિઓએ આવા પાપ કર્યા પછી, પશ્ચાત્તાપ કરે છે : પોતાના આત્માનો અવાજ સાંભળી તે પ્રમાણે કરવા જાય તો પોતાના સ્થાનેથી તેને રાજીનામું આપી દેવું પડે. આથી તે આમ કરી શકતા નથી, કારણ તેમાં બીજા માણસો પણ સંકળાયેલા છે જે તેમ કરતાં રોકે છે. જેમની પાસે આજે પણ લાચના પૈસા છે તેવી વ્યક્તિઓ યહૂદા કરતાં પણ ભૂંડી છે.

યહૂદાએ હિંમતભર્યો નિર્ણય કર્યો. તેણે પાપની કબૂલાત કરી તેણે પૈસા પાછા આપી દીધા. જો કે સામા પક્ષે તેનો સ્વીકાર કર્યો નહિ, પણ યહૂદાએ એ પૈસા પોતાની પાસે રાખ્યા નહિ, ગળે ફાંસો ખાઈ તેણે આપઘાત કર્યો.

યહૂદાની બાબતમાં જે બન્યું તે ટાળી શકાયું હોત. પ્રભુ ઈસુ યહૂદાને પોતાની પાસે ખેંચવા બધું જ કરી છૂટયા. પ્રભુએ તેને મિત્ર બનાવ્યો. એ પ્રમાણએ વ્યવહાર પણ કર્યો. પ્રભુએ તેની શક્તિની કદર કરી. તેને ખજાનચીનું પદ સોંપ્યું. તેના પર વિશ્વાસ મૂક્યો.

પ્રભુએ યહૂદાના પગ ધોયા. છેલ્લા ભોજન વખતે પ્રભુએ તેને પોતાની ડાબી તરફ બેસાડી માન પણ આપ્યું. કોળિયો બોળીને તેને આપ્યો (યોહાન ૧૩:૨૬). કોળિયો તો મિત્રચારીની નિશાની હતી, આમ પ્રભુ તો તેને પોતાની પાસે લાવવા માંગતા હતા, હરપળે તે કહેતા હતા કે, 'યહૂદા પાછો વળ. મારી પાસે આવ. હું તારો સ્વીકાર કરીશ.' પણ કરૂણા તો એ હતી કે યહૂદા કદી પણ વધસ્તંભ જોઈ શકયો નહિ. પ્રભુએ પશ્ચાત્તાપી ચોરને માફ કર્યો અને તેને તારણ મળ્યું. પ્રભુએ પોતાને વધસ્તંભે જડનારાઓ માટે પણ પિતા પાસે ક્ષમા માગી. આમ છતાં યહૂદા તે જોઈ શકતો નથી. પરિણામે તેણે પશ્ચાત્તાપ કર્યો પણ પ્રભુ પાસે પાપની કબૂલાત કરી માફી માગી નહિ તેથી તે અનંતજીવન પામી શકયો નહિ.

આમ ભૌતિકવાદ કે દ્રવ્યલોભે પ્રભુના ૧૨ શિષ્યોમાંથી એકનું ભયંકર પતન કર્યું. ચુંબન જેવા પવિત્ર શબ્દને તે અભડાવે છે અને ગુરુશિષ્ય સંબંધને તથા પાપી અને મુક્તિદાતા વચ્ચેના સંબંધને ઠોકરે મારે છે.

આપણી બાબતમાં શું છે? આપણી મંડળી જેના આપણે સભ્ય છીએ તેની સાથેના અને પ્રભુ સાથેના સંબંધમાં આપણું ચિત્ર કેવું છે?

શું મંડળી ભૌતિકવાદ તરફ જઈ રહી છે ? કે તેના સભાસદોના ભૌતિકવાદને લીધે મંડળી પણ ભૌતિકવાદી બની પૈસાને પૂજનાર રહી છે ? જો તેમ હશે તો આપણે ઈશ્વરના હેતુઓને અવરોધીશું. યહૂદાની માફક આપણે પણ પૂછવાથી જરૂર છે કે, "શું તે હું છું."

માત્થી ૨૭:૫ જણાવે છે કે યહૂદાએ ગળે ફાંસો ખાધો પ્રે.કૃ. ૧:૧૦માં જણાવવામાં આવે છે કે ઊંધો પડીને વચમાંથી ફાટી ગયો ને તેનાં બધાં આંતરડાં બહાર નીકળી ગયાં. ઑગસ્ટીન નામના લેખકે જણાવ્યું કે ફાંસાનો રસો તૂટી ગયો અને તેથી તે ઊંધો પડયો અને તેનું પેટ ફાટી ગયું.

યહૂદા શા માટે પ્રભુને પકડાવી દે છે ?

પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવવામાં યહૂદાનો ફાળો કેટલો ? જો યહૂદાએ ચૂંબન કરી તેમને પકડાવી દીધા ન હોત તો ટોળાની કોઈપણ વ્યક્તિ તે કામ કરી શકત. વળી, પ્રભુ ઈસુ તરફથી તો કોઈ વિરોધ થવાનો નહોતો. તેથી શક્તિશાળી સિપાઈઓ તેને સહેલાઈથી પકડી શકત. તો યહૂદાના કાર્યને શા માટે આટલું મહત્ત્વ અપાય છે ? આ એક મૂંઝવતો પ્રશ્ન છે.

(૧) જે માણસ પ્રભુની સાથે ગાઢ સંબંધ રાખતો હતો, જે તેની સાથે જીવ્યો હતો, તેના ચમત્કારો નિહાળ્યા હતા તે કેવી રીતે તેને પકડાવી દેવા શેતાનનો હાથો બની શકે ?

(૨) માત્ર ચાંદીના ૩૦ સિક્કા માટે આવું અધમકૃત્ય, મિત્રદ્રોહ, ગુરુદ્રોહ અને પ્રભુ દ્રોહ કરવા તે કેમ મજબૂર બન્યો ?

(૩) કેટલાંક એવું જણાવે છે કે આ માટે જ યહૂદા ઉત્પન્ન

થયો હતો ? રાત્રિના કાળમીંઢ અંધકારમાં ભળી જનાર યહૂદા શું શેતાનનું એક રૂપ હતો ?

(૧) કેટલાક એવું માને છે કે યહૂદા ઈશ્કરિયોત એક પ્રમાણિક દેશભક્ત હતો. તેના મનમાં એવું ઠસાવવામાં આવ્યું હતું કે ઈસુખ્રિસ્ત દેશ (ઈઝરાએલ) માટે ખતરનાક છે. આથી દેશપ્રેમના કારણે તેણે આ કૃત્ય કર્યું.

(૨) યહૂદા ઈશ્કરિયોત એ વફાદાર પરંતુ અધીરો (impatient) શિષ્ય હતો. તેને પ્રભુની શક્તિ પર પૂરો ભરોસો હતો કે, પ્રભુ ગમે તેવી પરિસ્થિતિમાંથી પણ પોતાને ઉગારી શકે છે. પ્રભુ માટે તે અશક્ય નથી. પ્રભુની ધીરજ નિષ્ક્રિયતા જોઈને તેને થયું. ઈસુને પકડાવી દેવાથી ઈસુને પોતાની શક્તિનો પરચો બતાવવાની ફરજ પડશે.

(૩) પ્રભુ ઈસુ મુક્તિદાતા છે કે નહિ ? તે વિષે યહૂદાના મનમાં સ્પષ્ટતા ન હતી. એક તરફ પ્રભુની શક્તિઓ ને ચમત્કારો જોયા પછી તેના મનમાં થતું કે ઈસુ જ મસીહા છે. જયારે બીજી તરફ પડોશીઓ અને સાદુકીઓની દલીલો સાંભળી તેનું મન શંકાશીલ બનતું.

પ્રભુને પકડાવી દો તેની ઉપર આરોપ મુકાવા દો. જો તે પરાક્રમી મુક્તિદાતા હશે તો તેની દૈવી શક્તિથી તે છૂટી જશે અને તેમ ન થાય તો તે મસીહ નથી પણ ઢોંગી છે એવું સાબિત થશે.

પવિત્ર શાસ્ત્રોમાં સ્પષ્ટ જણાવવામાં આવે છે કે (૧) યહૂદા ચોર હતો (૨) તેનામાં શેતાને પ્રવેશ કર્યો હતો. (૩) પ્રભુ ઈસુ

પોતે પણ કહે છે, "તે જન્મ્યો ના હોત તે તે તેને માટે સારું થાત !"

કોઈ વૃક્ષ પડી જાય તો તે રાતોરાત પડી જતું નથી. પડી જવાની ક્રિયા લાંબી હોય છે. તેના મૂળમાં ઊધઈ હોય છે તેથી તેનાં મૂળ ખવાઈ જતાં એક દિવસ તે પડી જાય છે.

જ્યારથી તેણે પૈસા ચોરવાની શરૂઆત કરી ત્યારથી યહૂદાના અધઃપતનની શરૂઆત થઈ અને છેવટે તેનું પૂરેપૂરું પતન થયું.

યહૂદાનું જીવન આપણને શી ચેતવણી આપે છે ?

(૧) આપણે પ્રભુની નજદીક રહ્યાં છતાં પરીક્ષણમાં પડીએ.

તેના ગાઢ મિત્ર હોવા છતાં તેની વિરુદ્ધ બોલીએ. પ્રભુની નજીક જવા છતાં પૈસા પ્રત્યેના પ્રેમને લીધે પ્રભુ અને તેની મંડળીની વિરુદ્ધ વર્તીએ.

(૨) દેવળમાં નિયમિત જતા હોવા છતાં અને નિયમિત દાન આપતાં હોવા છતાં પ્રભુના શિષ્ય ન હોઈએ.

(૩) શક્ય છે કે પ્રભુને આપવાના દશાંશમાંથી આપણે ચોરી લેતાં હોઈએ.

આપણી પાપકબૂલાત, આપણો ગુનાઓનો એકરાર સંપૂર્ણ પ્રમાણિક ન હોય અને કસોટીરૂપ પડકારનો સામનો કરવાનો આવે ત્યારે આપણે પ્રભુને તરછોડી પણ દઈએ.

(૪) ધનની બાબતમાં સાવધ રહીએ. એવી કોઈ પવિત્ર બાબત નથી કે જેને પૈસો બટ્ટો લગાડી ન શકે ? પૈસો જરૂરી છે પણ સાથે સાથે ગેરમાર્ગે આવેલું ધન ભયંકર રીતે નુકસાનકારક પણ છે.

બાઈબલ કહે છે કે ધનનો લોભ એ બધાં પાપનું મૂળ છે.

(૫) પ્રભુની માફી વિષે સંકુચિત મન રાખવું કે, 'પ્રભુ મને આ તો માફ નહીં જ કરી શકે' તે ખોટું છે : યહૂદા પ્રભુની માફી વિષે સાચું સમજી ન શક્યો. તેથી પશ્ચાત્તાપ કર્યા છતાં, 'પ્રભુ, મને માફ કર' એવું ઉચ્ચારી ના શક્યો, અને છેવટે તેણે આત્મહત્યા કરી. પ્રભુ આપણાં ઉલ્લંઘનો (પાપો) પૂર્વથી પશ્ચિમ જેટલું દૂર છે, તેટલી હદે દૂર કરી શકે છે. પ્રભુની કૃપાને સીમિત ન સમજો, પ્રભુની કૃપા, તેમનો પ્રેમ અને તેમની ક્ષમા અનંત છે. તેને કોઈ સીમા નથી.



# ૬. ટોળું (CROWD)

ટોળું મોટેભાગે લાગણીઓના પ્રચંડ પ્રક્ષોભથી દોરાતું હોય છે. આ પ્રચંડ લાગણીઓ ટોળાના માણસોનાં વ્યક્તિત્વોને એવી રીતે બાંધી દે છે કે, તેમાં મોટાભાગના માણસો બુદ્ધિના અને વિવેકબુદ્ધિના દોર્યા દોરાતા નથી, પરંતુ મોટેભાગે તો વિવેકબુદ્ધિને બાજુ પર હડસેલી દઈ, સામાન્ય સંજોગોમાં માણસો ન વર્તે, તેવો વર્તાવ લાગણીઓના ઘોડાપૂરમાં તણાઈ જઈ કરી બેસે છે. ટોળું આથી જ લુચ્ચા આગેવાનોથી દોરાઈ જાય છે.

પિલાતના રાજમહેલની સામે અસ્થિર મનવાળું યહૂદી ટોળું (The Wavering Crowd) "તેને વધસ્તંભે જડો !" "તેને વધસ્તંભે જડો!" એવી બૂમો પાડે છે. (crucifly Him)

શુભ શુક્રવારના દિવસે પ્રભુ ઈસુને વધસ્તંભે જડવાના દૃશ્યમાં એક તરફ ટોળું, વચ્ચે પ્રભુ ઈસુ અને બે ચોરો જ્યારે બીજી તરફ યહૂદીઓના ધાર્મિક આગેવાનો છે. ધાર્મિક આગેવાનો અને પ્રભુ ઈસુ વચ્ચે જાણે કે ન્યાય કરનાર અને અપરાધી કે ગુનેગારના સંબંધો છે જ્યારે ટોળું તટસ્થ લાગે છે.

આખા નાટક (દૃશ્ય)નો આરંભ પ્રભુ ઈસુના યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશથી થાય છે. યરૂશાલેમમાં દાખલ થતા પહેલાં પ્રભુ

ઈસુ બે શિષ્યોને આગળના ગામમાં ગધેડીનું વછેરું (ખોલકું) લેવા મોકલે છે. પ્રભુ ઈસુ આ વછેરા પર બેસીને યરૂશાલેમમાં પ્રવેશ કરે છે ત્યારે ઝખાર્યા પ્રબોધકની ભવિષ્યવાણી પૂરી કરતાં (ઝખાર્યા ૯:૯) ટોળું "દાઊદના દીકરાને હોસાના, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે. પરમ ઊંચામાં હોસાના" ના પોકારો પાડતું હતું. પોતના વસ્ત્રો તથા ખજૂરીના અને બીજાં વૃક્ષોની ડાળીઓ રસ્તામાં પાથરી, પ્રભુ ઈસુના આગમનને વધાવી લેતું હતું. એ ટોળું પણ એ યહૂદી લોકોનું બનેલું હતું જેમને પોતાનો રાજા પ્રભુ ઈસુના રૂપમાં પ્રાપ્ત થયો એમ માનીને તે આનંદ કરતું કરતું, પોકારો પાડતું પાડતું, પ્રભુ ઈસુની પાછળ ચાલતું હતું.

ભલે આ ટોળું પ્રભુ ઈસુનો જયજયકાર કરતું હોય, પરંતુ તે જ્ઞાતિવાદી, જાતિવાદી વગેરે લાગણીના ઊભરાથી પીડાતું હતું. "અમે જ ઈબ્રાહીમના સંતાનો અને અમે જ ઈશ્વરના રાજયના ભાગીદાર બનીશું." એવું માનતું આ ટોળું યહૂદી લોકોનું હતું અને બિનયહૂદીઓને ધિક્કારતું હતું તે સંકુચિત જાતિવાદ, પ્રાંતવાદ અને સ્વાર્થવૃત્તિથી પીડાતું હતું સૌથી મોટું પાપ તો એ હતું કે આ ટોળું અસ્થિર મનનું (wavering) હતું અને તે પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવા માટે જવાબદાર હતું.

આ ટોળું શરૂઆતમાં પ્રભુ ઈસુના પક્ષે હતું, આથી જ પ્રભુ ઈસુના વિરુદ્ધ કાર્યવાહી કરતાં ધાર્મિક આગેવાનો ગભરાતા હતા. (માત્થી ૨૬:૫ અને માત્થી ૨૧:૨૬) આમ છતાં પ્રભુ ઈસુએ પોતાના હિત માટે ટોળાનો ઉપયોગ કર્યો નહિ કે તેનો લાભ ઉઠાવ્યો નહિ. ઈસુ ટોળાને ધિક્કારતા નથી પણ ટોળા પર પ્રેમ કરે છે.

માણસો પર પ્રેમ રાખે છે. ઈસુનાં સાધનો તો આત્મિક સાધનો છે. તે સ્વબલિદાનથી અને દુશ્મનોને જીતે છે. પરંતુ ટોળાંની કાર્યપદ્ધતિ ભૌતિક સાધનો પસંદ કરે છે. પરિણામે ટોળું ધાર્મિક આગેવાનોથી દોરવાય છે. જો તમે આ ટોળામાં હોત તો તમે શું કર્યું હોત?

ટોળું અસ્થિર મનનું હોય છે. જુલિયસ સીઝરના નાટકમાં શેક્સપિયરે બતાવ્યું જ છે કે જે ટોળું જુલિયસ સીઝરના ખૂનથી ઉશ્કેરાયું હતું, તેને બ્રૂટસે કેવી રીતે શાંત કરી દીધું અને એ જ ટોળાને સીઝરનો મૃતદેહ ને તેનું વીલ બતાવી એન્ટોનીએ કેવી રીતે સીઝરના પક્ષમાં ભયાનક રીતે ઊશ્કેરી મૂક્યું. પરંતુ ટોળામાં અસ્થિરતા હોય છે. મુસા, યહોશુઆ અને એલિયાહના સમયમાં પણ ઈઝરાએલી ટોળું અસ્થિર મનનું બની જતું અને પરિણામે આજ્ઞાભંગનું પાપ કરી બેસતું.

પ્રભુઈસુની લોકપ્રિયતા ખજૂરીના રવિવારે હતી તે એકદમ ઓછી થઈ ગઈ કે અદૃશ્ય થઈ નહોતી ગઈ, પરંતુ ક્રમશ વધતી ગઈ લોકપ્રિયતા દર્શાવતો લોકોનો જુસ્સો કાયમટકી રહેતો નથી. પરિણામે ટોળાનો જુસ્સો છેતરનારો બને છે. ટોળું કયારે કેમ વર્તે શું કરી બેસે તેની આગાહી થઈ શકતી નથી.

આ સમયે પ્રભુ ઈસુએ એક વાડીનું દ્રષ્ટાંત (માર્ક ૧૨ : ૧-૧૦) આપ્યું અને લોકોની આગળ ભૂંડું શું છે તે ખુલ્લું કર્યું આમ છતાં લોકો સમજી શક્યા નહિ કે આપણે આવા પ્રકારની ભૂંડાઈમાં પક્ષકાર બનીએ છીએ.

પ્રભુ ઈસુનું અસરકારક શિક્ષણ હતું. લોકો પ્રભુ ઈસુના

જવાબથી ઘણા ખુશ હતા (માર્ક ૧૨:૩૭) આમ છતાં આ જ લોકો પ્રભુ ઈસુ વિરુદ્ધ થઈ ગયા. આમ પ્રભુ ઈસુનું લોકપ્રિય શિક્ષણ પણ તેમને બચાવવા માટે કામ આવતું નથી.

પ્રભુ ઈસુએ જણાવ્યું કે આ લોકો ભરવાડ વગરનાં ઘેટાં જેવાં છે. તેઓ કોઈ એક માલિકના નથી. તેમને સાચવનાર, દોરનાર અને રક્ષણ આપનાર કોઈ નથી બાઇબલની ભાષામાં ભરવાડ શબ્દનો અર્થ દોરનાર થાય છે. હઝકિએલ અને ઝખાર્યા પ્રબોધકોએ ઘણી વાર ફરિયાદ કરી હતી. કે તમારા આગેવાનો ઘેટાંને ખવડાવવાને બદલે પોતાનું પેટ ભરે છે (યશા ૫૬:૧૧) વળી યોહાન ૧૦: ૮-૧૩માં પણ એ પ્રમાણે જણાવવામાં આવે છે. લોકોનો માટે આગેવાનો હતા. પણ સાચા ભરવાડ કે દોરનાર કોઈ નહોતા.

વધસ્તંભનો મર્મ (રહસ્ય) સમજતાં, બે બાબતો બનતી દેખાય છે : એક તો માણસો શું કરતાં હતાં ? અને બીજું કે ઈશ્વર શું કરતા હતા ? માણસોની દૃષ્ટિએ સારા પર ભૂંડાનો વિજય થતો હતો. ઈશ્વરની દૃષ્ટિયે ભૂંડા પર સારાનો વિજય થતો હતો. માણસોએ પ્રભુ ઈસુને વધસ્તંભે જડયા, પણ ઈશ્વરે ઈસુના બળવાન ખભા પર માણસોનાં પાપ તથા અન્યાય મૂકયા. (યશા. ૫૩:૬) કાલવરીની ટેકરી ઉપર તો ભલો ભરવાડ પોતાનાં ઘેટાં માટે પોતાનો જીવ આપતો હતો.

માત્થી ૨૬:૩૧ જણાવે છે તે પ્રમાણે પ્રભુ ઈસુએ ઉપલી મેડી છોડી ત્યારે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે, “હું ઘેટાંપાળકને મારીશ અને ટોળાનાં ઘેટાં વિખેરાઈ જશે.” આ જ ખરેખર સાચી આગેવાની હતી. એવી આગેવાની જેણે મનુષ્યના પાપી હૃદયને અને તેના

પ્રશ્નોને જાણ્યા હતા અને તે દૂર કરવા, પોતાનો જીવ સુધ્ધા આપી દે છે. આમ અન્યાયીઓને માટે સાચા વિશ્વાસીએ બલિદાન આપી દીધું અને તેમ કરીને આપણને દેવ પાસે લાવવાનો માર્ગ ખુલ્લો કર્યો.

શું આપણે ધાર્મિક આગેવાનો છીએ ? કે પછી રાજ્યાસનના અધિકારીઓ છીએ ? કે પછી સામાન્ય માણસોના બનેલા ટોળાનાં કેવા મનના છીએ ? જો આપણે ટોળાના સભ્યો છીએ તો આપણે કેવા મનના છીએ ? સ્થિર મનવાળા કે અસ્થિર મનવાળા ? અસ્થિર મનવાળું ટોળું પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવવા માટે જવાબદાર હતું. શું આપણે હજુ પણ ઢચુપચુ મનવાળા છીએ ? પવનથી આમથી તેમ ડોલતા બરું જેવા છીએ ? પ્રભુની આજ્ઞા માનવી કે પાપ કર્યા કરવું ? મનની ઇચ્છા પ્રમાણે કરવું ? કે આત્માના અવાજને આધીન થવું.

પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવી દીધા બાદ ટોળાની સ્થિતિ કેવી હતી ? પ્રે.કૃ. ૨ : ૨૩-૨૪ કલમો વાંચીશું તો જણાશે કે વધસ્તંભના બનાવો બાદ ૫૦ દિવસ પછી એટલે કે પચાસમાના દિવસે પવિત્ર આત્માથી ભરપૂર એવા પીતરે લોકોના મન વિંધાઈ જાય તેવી હૃદયસ્પર્શી રીતે લોકોને જણાવવું કે, "તમે જ પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવ્યા." ટોળાના પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવવાના ખરાબ કૃત્યને પ્રભુ પોતાના પ્રેમ દ્વારા સારા કૃત્યમાં ફેરવી દે છે. પરિણામે પ્રથમ દિવસે ૩૦૦૦ લોકો અને ત્યારપછી પણ ઉત્તરોત્તર ઘણાં લોકોનું હૃદય પરિવર્તન થયું અને તેમણે પ્રભુના સામર્થ્યનો સ્વીકાર કર્યો.

કેટલાક બાઇબલ અભ્યાસીઓ જણાવે છે કે ખજૂરીના રવિવારે

જે ટોળું પ્રભુનો જયજયકાર કરતું હતું તે અને પ્રભુને વધસ્તંભે જડવા માટે જે ટોળું બૂમો પાડતું હતું તે એક જ નહોતું.

ખજૂરીના રવિવારનું ટોળું મોટે ભાગે ગાલીલ અને તેની આસપાસનાં પ્રાંતોનું હતું અને જ્યારે પ્રભુને વધસ્થંભે જડવાના હતા ત્યારે ગાલીલનું આ ટોળું રાત્રિની નિદ્રામાં પોઢેલું હતું.

જે સમયે ટોળું ઈસુને વધસ્તંભે જડાવવા માટે બૂમો પાડતું હતું, તે સમય તો વહેલી પરોઢનો હતો. જે સ્થાને આ બધું ચાલતું હતું તે સ્થાન એક મોટી ગલી (street) થી મોટું નહોતું. લંડનના ટ્રફાર્લગર સ્કવેર કે ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કેવર જેવા ચોક જેવું હતું. આવી સાંકડી જગ્યામાં માત્ર સો લોકોનો સમૂહ એક ટોળું બનાવી શકે. અને તેથી ખજૂરીના રવિવારે જે મોટું ટોળું જોવા મળ્યું તે અહીં હોઈ શકે નહિ. આ નાનું ટોળું તો ગલીઓ વાળનારા (Sweepers) અને યહૂદી ધર્મગુરુઓએ યાજકોએ ભાડે રાખેલા લોકોનું બનેલું હતું. આ ટોળું ફોડેલા સાક્ષીઓનું બનેલું હતું યાજક અને તેના પ્રીતિપાત્ર માણસો આ ટોળાને ઉશ્કેરતા હતા કે, "આવો અને બૂમો પાડો કે, "તેને વધસ્તંભે જડો." પ્રભુ ઈસુએ આ ટોળા મધ્યે અદ્‌ભુત ચમત્કારો કર્યા હતા. જન્મથી આંધળાઓ, લંગડાઓને, પક્ષઘાતીઓ, અશુદ્ધ આત્મા વળગેલાઓને, માંદાઓને સાજા કર્યા હતા તેમજ મૃત્યુ પામેલાઓને પાછા ઉઠાડયા હતા બે માછલી અને પાંચ રોટલી વડે હજારો માણસોને જમાડયા હતા. તો પછી આ ટોળું પ્રભુ ઈસુને વધસ્તંભે જડવાનું કેવી રીતે કરી શકે ?

આમ છતાં પ્રભુ ઈસુ વધસ્તંભે જડાયા. શું ટોળામાં એકઠા

થયેલા લોકોની તે માંટે કશી જ જવાબદારી નહોતી ? શું સમગ્ર જવાબદારી માત્ર રાજ્યકર્તાઓની કે ધાર્મિક આગેવાનોની જ હતી?

જર્મનીમાં યુદ્ધ વખતે જે ખાનાખરાબી થઈ અને ઘણા માણસો મૃત્યુ પામ્યા તે યાદ કરો. રાજ્યકર્તાઓએ જે ગુન્હાઇત કાર્યો કર્યા તે માટે જર્મન પ્રજાની જવાબદારી હતી ? શું પ્રજા પણ રાજ્યકર્તાઓના જેટલી જ જવાબદાર હતી ? કે પછી બંને પક્ષે અડધી જવાબદારી હતી ? જ્યારે જર્મનીમાં યુદ્ધ થયું ત્યારે અમેરિકન સત્તાધીશોએ જર્મન પ્રજાની લાગણી સમજવા કેટલીક પ્રશ્નોત્તરી રજૂ કરી : જેમાં એક પ્રશ્ન નીચે મુજબ હતો.

યુદ્ધ થવા માટે કોણ જવાબદાર હતું ?

(૧) જર્મન હાઈકમાન્ડ ?

(૨) નાઝીઓના આગેવાનો ?

(૩) જર્મન પ્રજા પોને ?

(૪) અન્ય કશું પરિબળ ?

૧૪૫ વ્યક્તિઓના જવાબો વાંચતાં માલૂમ પડયું કે ૨૦ માણસોઓએ પ્રથમ કારણ, ૧૨૩ માણસોએ બીજુ કારણ જ્યારે એક એક માણસે અનુક્રમે ત્રીજી અને ચોથું કારણ જવાબદાર ગણાવ્યું.

આ શું દર્શાવે છે ? વ્યક્તિગત રીતે દરેક જણ એમ કહેવા માંગે છે કે "હું નહિ' બીજો કોઈ.

ટોળાને જ્યારે જવાબદાર ગણાવ્યું હશે ત્યારે વ્યક્તિગત રીતે દરેકે એમ કીધું હશે કે આખું ટોળું જવાબદાર હોઈ શકે, પણ ટોળામાં હું જવાબદાર નથી. અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે સામાન્ય દેખાતું ટોળું પણ શક્તિશાળી હોઈ શકે. ટોળાની શક્તિથી યાજકવર્ગ સભાન હતો અને તેથી જ પર્વના દિવસોમાં પ્રભુને પકડવાનું મુલતવી રાખ્યું; નહીંતર લોકો હુલ્લડ કરી બેસત. (માત્થી ૨૬ : ૫)

ટોળું શક્તિશાળી છે પણ સાથે સાથે બેદરકાર છે. તેનામાં નૈતિક જડતા છે. શું બની રહ્યું છેઃ ન્યાયી બાબત કે અન્યાયી બાબત? આપણે શું? અને તેથી જ પ્રથમ ટોળું આ બનાવ બનતો હતો ત્યારે ઊંઘતું હતું. આ ટોળું ભલે પ્રભુ ઈસુની વિરુદ્ધ નહોતું પણ પોતે બેદરકાર નૈતિક જડતાવાળું હોવાથી પ્રભુને વધસ્તંભે જડાવવા માટે જવાબદાર હતું. જો આ ટોળું સભાન બની ગયું હોત અને તેની શક્તિ જાગ્રત થઈ હોત તો પરિણામ કદાચ જુદું જ હોત.

શું આપણે ટોળામાં છીએ ? શું આપણે ટોળાશાહી માનસ ધરાવીએ છીએ ? શું આપણે અસ્થિર મનવાળા છે ? શું આપણે ઉછળતાં મોજાં જેવા છીએ ? શું કેટલીકવાર આપણે ખ્રિસ્ત તરફી અને કેટલીકવાર જગત તરફી બન્યાં છીએ ? બનીએ છીએ ? જો આમ જ હશે તો હજુ આજે પણ આપણે ખ્રિસ્તને વધસ્તંભે જડાવીએ છીએ. દરેક અન્યાયી કાર્યમાં ભાગ લઈને કે ન્યાયી કૃત્યમાં ભાગ ન લઈને કે દરેક જરૂરિયાતવાળા તરફ દુર્લક્ષ આપીને આજે પણ આપણે એટલે કે ટોળું પ્રભુ ઈસુને વધસ્તંભે જડીએ છીએ.

❋ ❋ ❋



# ૭. પીતર તથા પીતરનો ઈન્કાર

પીતરનું મૂળ હિબ્રૂ નામ સિમોન હતું. (પ્રે.કૃ. ૧૫:૧૪, ૨ પીતર ૧:૧) તેના પિતાનું નામ યોના (યોહાન) હતું. (માત્થી ૧૬:૧૭, યોહાન ૧:૪૨) બાર એટલે પુત્ર, બારયાના એટલે કે યોનાનો પુત્ર એવો અર્થ થાય. દંતકથા પરથી જણાય છે કે પીતરની માનુ નામ યોહાન્ના હતું. પરંતુ પવિત્રશાસ્ત્રમાં આ વિષે કશો ઉલ્લેખ નથી. માત્થી ૮:૧૪ તેમજ ૧ કોરિંથી ૯:૫ મુજબ જાણી શકાય છે કે પીતર પરણીત હતો. તે બેથસાઈદા શહેરનો વતની હતો. [યોહાન ૧:૪૪] ગાલીલ પ્રાંતના કપરનાહૂમ શહેરમાં પણ તેનું ઘર હતું. [માત્થી ૮:૫-૧૪] આ બંને સ્થળો ગાલીલ સરોવરના કાંઠે આવેલા હતા અને ત્યાં તે માછીમારનો ધંધો કરતો હતો. તેની માતૃભાષા અરેમિક હતી. પીતર અભણ હતો અર્થાત તેનું અક્ષરજ્ઞાન છીછરું હતું [પ્રે.કૃ. ૪:૧૩].

પીતરનાં મા બાપ કદાચ તેના બાળપણમાં જ ગુજરી ગયા હશે અને તેથી પીતર અને તેનો ભાઈ આન્દ્રિયા, ઝબદી તથા તેની સ્ત્રી સલોમીની સંભાળ નીચે મોટા થયા હશે. પીતર, આંદ્રિયા અને ઝબદીના દીકરાઓ યોહાન તથા યાકોબ, એમ ચાર જુવાનો, સાથે મોટા થયા હશે. આને લીધે પીતર તથા આંદ્રિયાએ ધર્મસંબંધી તેમજ આવનાર મસીહ સંબંધીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હશે.

### પિતરનું તેડું :

સિમોન પીતરના ભાઈનું નામ આંદ્રિયા હતું અને તે યોહાન બાપ્તિસ્મીનો શિષ્ય હતો. યોહાન બાપ્તિસ્મી દ્વારા આંદ્રિયાને પ્રભુ ઈસુની ઓળખાણ કરાવવામાં [યોહાન ૧ઃ ૩૫-૩૭] આવે છે. ત્યારે આંદ્રિયા તરત પોતાના ભાઈ સિમોનને ઈસુની પાસે લાવે છે. [યોહાન ૧ઃ ૪૧-૪૨]. આ વખતે ઈસુ તેની સામે જોઈને કહે છે કે, "તું યોનાનો દીકરો સિમોન છે. તું કેફા કહેવાશે. [કેફા અરામી ભાષાનો શબ્દ છે] જેનો અર્થ પત્થર થાય છે. આ પત્થર પર હું મારી મંડળી બાંધીશ ને તેની વિરુદ્ધ હાડેસની સત્તાનું જોર નહિ ચાલે." [માત્થી ૧૬૧ઃ૧૮] પ્રભુ ઈસુનો નકાર કરનાર, ડરપોક પીતર જ્યારે પવિત્ર આત્માથી ભરપૂર થાય છે. ત્યારે તે હ્દય વીંધી નાખે તેવી સ્પષ્ષ્ટ રીતે પ્રભુની સુવાર્તા જણાવે છે અને પરિણામે પ્રથમ દિવસે જ ત્રણ હજાર લોકો મંડળીમાં ઉમેરાય છે. [પ્રે.કૃ. ૨ ઃ૧-૫, ૧૪, ૪૧] ત્યારબાદ પીતર રોમ અને છેક ઇંગ્લેન્ડમાં સુવાર્તા લઈ જઈ ત્યાં ખ્રિસ્તની મંડળીઓ સ્થાપિત કરે છે.

પ્રથમ મુલાકાતમાં જ ઈસુ સિમોનને પીતર નામથી ઓળખાવે છે. પરંતુ ત્યાર પછી [માત્થી ૧૭ઃ૨૫, માર્ક ૧૪ઃ૩૭, લૂક ૨૨ઃ૩૧] તેને માત્ર સિમોન નામથી જ ઓળખાવામાં આવે છે. પ્રથમ મુલાકાતમાં પીતરને કેવી લાગણી કે અસર થઈ તે સ્પષ્ટ રીતે જાણી શકાયું નથી, પરંતુ ગાલીલના સમુદ્ર કાંઠે પ્રભુ ઈસુ સાથે બીજી મુલાકાત થાય છે, ત્યારે પીતરની લાગણી અને તેના લાગણીના ઉદ્દ્ગારો લૂક ૫ઃ ૩-૮માં નોંધવામાં આવ્યા છે. તે પ્રભુને

પગે પડીને વિનવે છે કે, "પ્રભુ મારી પાસેથી જા, કેમ કે હું પાપી માણસ છું." પ્રભુ તેને કહે છે કે, "તું બી,મા. હવેથી તું માણસને પકડનાર થશે. આ સાંભળીને પીતર બધું જ પડતું મૂકીને પ્રભુ ઈસુની પાછળ જાય છે અને તેડાનો સ્વીકાર કરે છે. પ્રભુ ઈસુ પ્રત્યે તેની લાગણીઓ એટલી બધી પ્રબળ છે કે તે પ્રભુ ઈસુના જીવનની મુખ્ય બાબતોમાં આગળ પડતો ભાગ લેતો દેખાય છે. યોહાન ૬:૬૮, માત્થી ૧૬:૧૬, માર્ક ૮:૨૯ તથા લૂક ૯:૨૦ કલમોમાં પીતર પોતાના વિશ્વાસની કેવી ઊંચી દ્રષ્ટિ દર્શાવે છે. આ જ સમયે પ્રભુ તેને કહે છે કે, "તું પીતર એટલે કે ખડક છે આ પત્થર પર હું મારી મંડળી બાંધીશ ને તેની વિરુદ્ધ હાડેસની સત્તાનું જોર ચાલશે નહિ." પીતર વિષે પ્રભુનો કેવો એકરાર !

**પીતર ઈસુના સેવાકાર્ય (Ministry) માં :**

પીતરનું તેડું એટલું અસરકારક બન્યું કે શિષ્યોના લિસ્ટમાં તેનું નામ સૌ પ્રથમ આવે છે. વળી અંદરના એટલે કે પ્રભુની નજીકમાં વર્તુળના ત્રણ શિષ્યો પૈકીનો પણ તે એક હતો. (માત્થી ૫:૩૭. ૯:૨, ૧૪:૩૩) પુરુત્થાનના સમાચાર કહેવા માટે પીતરનું નામ અલગ રીતે ઉચ્ચારવામાં આવે છે. (માર્ક ૧૬:૭) વળી લૂક ૨૪:૧૨ જણાવે છે કે પ્રભુ ઊઠયા છે તે ખબર મળતાં જ પીતર ઊઠીને કબરે દોડી જાય છે. અને ૩૪મી કલમમાં સ્પષ્ટ જણાવવામાં આવે છે કે પ્રભુએ સિમોનને દર્શન આપ્યું છે. બધા શિષ્યોમાં પિતર આગેવાન તરીકે સક્રિય કાર્ય કરતો જણાય છે. માત્થી ૧૫:૧૫, ૧૮:૨૧ માર્ક ૧:૩૬, ૮:૨૯, ૯:૫, ૧૦:૨૮, ૧૧:૨૧ તથા લૂક ૫:૫ કલમો વાંચીશું તો જણાશે કે શિષ્યો વતી જવાબ આપવાની

આગેવાની પીતર લે છે. અથવા તો શિષ્યોની ઇચ્છા પ્રદર્શિત કરવાની હોય તો તે કાર્ય પણ પીતર જ કરે છે. આમ પીતર બધા શિષ્યોમાં આગેવાન જેવો ગણાતો હતો. માર્ક ૧૪:૪૭માં જણાવે છે કે ત્યારે પોતાની પાસે જે તલવાર હતી તે સિમોન પીતરે કાઢી અને મુખ્ય પુરોહિતના નોકર ઉપર ઘા કરી તેનો જમણો કાન કાપી નાખ્યો. યોહાન ૧૩:૭ જણાવે છે કે પીતર તેને કહે છે કે "હું આપને કદી મારા પગ ધોવા દઈશ નહિ." આ બધી કલમો દ્વારા જણાઈ આવે છે કે પીતરને પ્રભુ ઈસુ માટે માન, લાગણી તથા પ્રેમ હતાં. પ્રભુ ઈસુ પ્રત્યેની લાગણીનું ચિત્ર આ કલમોમાં આલેખવામાં આવ્યું છે.

**પીતરનો ઈન્કાર :**

પીતરને પ્રભુ માટે માન, લાગણી તથા પ્રેમ હતાં. વળી, પ્રભુની નજરમાં પણ પીતરનું સ્થાન આગવું હતું, છતાં તેના જીવનમાં પ્રભુ ઈસુનો ઈન્કાર કરવાની ઘડી કેવી રીતે આવી તે પ્રશ્ન ખૂબ જ અટપટો અને મૂંઝવણભર્યો જણાય છે.

પ્રભુ ઈસુનો ઇન્કાર કરવાની વાતની શરૂઆત પ્રભુ ઈસુ દ્વારા શિષ્યોનો અંદાજ આકારવાની ઘડીથી થાય છે. માર્ક ૧૪:૨૭-૨૮ કલમો જણાવે છે. ઈસુ તેઓને કહે છે કે "તમારા બધાની શ્રદ્ધા ડગી જશે." આ કથન સમગ્ર શિષ્યગણની વફાદારીનો અંદાજ દર્શાવે છે. આ વખતે પીતર તેનો સ્વીકાર ન કરતાં જાહેરાત કરે છે કે "બધાની શ્રદ્ધા ભલે ડગી જાય, મારી નહિ ડગે." તેનો પ્રત્યુત્તર આપતાં ૩૦મી કલમમાં પ્રભુ જણાવે છે, કે "ઈસુ તેને કહે છે, કે હું તને ખાતરીથી કહું છું કે આજ રાત્રે જ મરઘો બે વાર બોલ્યા અગાઉ,

તું ત્રણ વાર મારો નકાર કરીશ." પ્રભુ ઈસુ ભાર દર્શાવવા ખાતરીથી શબ્દ વાપરે છે તો પણ પીતર (૩૧મી કલમ) બહુ જુસ્સાથી કહે છે કે "મારે આપની સાથે મરવું પડે તો પણ હું આપનો ઈન્કાર નહિ જ કરીશ." સમગ્ર શિષ્યગણ પણ તેની સાથે સામેલ થાય છે.

અહીં પીતર વિષે બે ખ્યાલ (ધારણા-Estimate) જોવા મળે છે. પ્રથમ ખ્યાલ પ્રભુ ઈસુનો છે. જે દર્શાવે છે કે પીતર ત્રણવાર ઈન્કાર કરશે. બીજો ખ્યાલ ખુદ પીતરનો પોતા માટે છે કે તે કદી જ ઈન્કાર કરશે નહિ, મરી જવું પડે તો પણ ઈન્કાર કરશે નહિ આપણે જોઈ શકીએ કે બીજો ખ્યાલ એટલે પીતરનો ખ્યાલ ખોટો સાબિત થાય છે.

આવું કંઈ પ્રથમવાર બન્યું નથી આગળ પણ જોવા મળે છે. કે પ્રભુના ખ્યાલો કે વિચારો જુદા હોય છે અને તેઓ સત્ય સાબિત થાય છે જ્યારે પીતરના ખ્યાલો ખોટા સાબિત થાય છે. દા.ત. પ્રભુ ઈસુ સિમોનને ઊંડા પાણીમાં હંકારીને માછલી પકડવા માટે જાળ નાખવાનું કહે છે. પ્રભુનો ખ્યાલ છે કે પુષ્કળ માછલાં પકડાશે પણ પીતર જણાવે છે કે, "અમે આખી રાત મહેનત કરી પણ કશું પકડાયું નથી," જે પીતરનો ખ્યાલ છે કે અહીં માછલાં મળશે નહિ. પણ છેવટે પીતર પ્રભુની આજ્ઞા માનીને જાળો નાંખે છે ત્યારે જાળ ફાટી જાય તેટલા માછલાં પકડાય છે. આમ પ્રભુનો ખ્યાલ સાચો ઠરે છે, અને પીતરનો ખ્યાલ ખોટો ઠરે છે.

માત્થી ૧૭:૨૪ કલમમાં જણાવવામાં આવે છે કે કપરનાહૂમમાં કર લેનારાઓ પીતરને કર આપવા વિષે કહે છે ત્યારે પીતર તરત જ હા કહી દે છે. કર ભરવા વિષે આ પીતરનો ખ્યાલ હતો પણ

પ્રભુ ઈસુનો ખ્યાલ જુદો છે, ૨૭મી કલમમાં પ્રભુ જણાવે છે કે "તો ઈશ્વરની પ્રજાને મુક્તિ ૨૭મી કલમ તો પણ આપણે તેઓને દૂભાવવા માગતા નથી તેથી તું એક રૂપાનો સિક્કો તેઓને આપ. પ્રભુ તેને કહેવા માગે છે કે તું ઉતાવળો ના થા. આપણે કર આપીશું એટલા માટે નહિ કે આપણે આપવો જોઈએ, પણ એટલા માટે કે આપણે તેઓને દૂભાવવા માંગતા નથી. આમ બંનેના ખ્યાલો જુદા પડે છે.

માર્ક ૮:૨૯માં પીતર પ્રભુ ઈસુને ખ્રિસ્ત તરીકે ઓળખે છે અને કબૂલ કરે છે, પણ તેનો પોતાનો આત્મવિશ્વાસ જ તેને આગળ જતાં મુશ્કેલીમાં મૂકે છે. કારણ જ્યારે પ્રભુ ઈસુ ૩૧મી કલમમાં શિખવવા લાગ્યા કે માણસના દીકરાએ પુષ્કળ દુ:ખો વેઠવાં પડશે ત્રણ દહાડા પછી તે પાછા સજીવન થાય તે જરૂરી છે. ત્યારે પીતર તરત જ પ્રભુ ઈસુ અને પીતરના ખ્યાલો એક બીજાથી જુદા હોય છે. પ્રભુ ઈસુ તરત જ તેને કહે છે કે, "શેતાન, મારી પછવાડે જા. કારણ કે તું દેવની વાતો પર નહિ પણ માણસોની વાતો પર ચિત્ત લગાડે છે, પ્રભુ તેને સ્પષ્ટ કહે છે કે તારો ખ્યાલ ખોટો છે.

માત્થી ૧૬:૧૮ પ્રભુ ઈસુ પીતર માટે એક ભવિષ્યવાણી ઉચ્ચારે છે. કે "આ ખડક ઉપર હું મારી મંડળી બાંધીશ." આ ભવિષ્ય કથન પીતરના મનમાં સોંસરું ઊતરી જાય છે અને તેથી જ તે દરેક વખતે પોતે સાચો છે એવા ખ્યાલમાં રાચે છે.

જે રાત્રે પીતરે ઈન્કાર કર્યો તે રાત્રે પણ તેને પૂરો આત્મવિશ્વાસ હતો કે તે પ્રભુ ઈસુની સાથે જ રહેશે અને કદી ઈન્કાર કરશે નહિ. માત્ર પોતાના બળ ઉપર જ આધાર રાખીને પીતર મક્કમ નિર્ણય

પર આવી જાય છે. શું આપણે પણ ઘણી બધી વખત આવું કરતા નથી ? આપણે તો નિર્બળ પાત્રો છીએ અને શેતાનના હાથમાં ગમે ત્યારે લપસી પડીએ છીએ. શેતાન ખૂબ જ હોંશિયાર છે તેથી આપણે લપસી ન પડીએ, શેતાન સામે હારી જઈએ નહિ માટે પ્રભુની સહાય માંગવી કેટલી જરૂરી બને છે ?

તે કાજળઘેરી રાત નજદીક આવતી ગઈ ત્યારે તો બધું જ શાંત જણાતું હતું. પીતરને પણ ઊંઘ આવી ગઈ હતી અને તેથી પ્રભુએ તેને ચેતવણી પણ આપી હતી કે, "શું તું એક ઘડી પણ જાગતો રહી શકતો નથી ? જાગતા રહો અને પ્રાર્થના કરો." અહીં એક પ્રશ્ન એ પણ થાય છે કે પીતર ઊંઘથી ઘેરાયેલો છે. તે તો ઊંઘી જશે અને તો પછી તે કેવી રીતે પ્રભુનો ઈન્કાર કરી શકશે ?

પણ જેમ જેમ રાત્રી આગળ વધતી જાય છે. અને વાડીમાં બેવફા યહૂદાથી દોરાતું ટોળું પ્રવેશે છે ત્યારે શાંત વાતાવરણ ડહોળાઈ જાય છે. વાતાવરણમાં ગરમી આવી જાય છે. પીતર જાગૃત બની જાય છે. તલવારથી ચાકરનો કાન ઉડાવી દે છે. આમ તે હિંમતપૂર્વક પ્રભુ ઈસુનો બચાવ કરવા જીવની પણ પરવા કર્યા વગર ધસી જાય છે. તેનો આત્મવિશ્વાસ દ્રઢ હતો. પ્રભુ ઈસુનો નકાર હું કોઈપણ કાળે કરીશ જ નહિ.

પણ પ્રભુ તેને ધીરજ રાખવાનું કહે છે અને ચાકરનો કાન સાજો કરી દે છે. આ વખતે ડરના માર્યા બધા શિષ્યો વિખરાઈ ગયા જ્યારે પિતર છાનો છાનો પ્રભુ ઈસુની પાછળ ગુપ્ત રીતે જાય છે.

શું પીતરે આ રીતે પાછળ જવું જોઈતું હતું ? શું તેને પાછળ

જવાનું કહેવામાં આવ્યું હતું ? પ્રભુ ઈસુને તો કહ્યું હતું કે, "તમે બધા વિખરાઈ જશો અને જ્યારે તેઓ તમારી સતાવણી કરે ત્યારે તમે તે શહેર છોડીને બીજા શહેરમાં ચાલી જજો."

શું પીતરે પાછળ જવું જોઈતું હતું અને યોહાનની માફક ગુપ્ત રહેવાની જરૂર હતી ? કે પછી જાહેર રીતે બોલવું જોઈતું હતું. કે હા હું પીતર પ્રભુની સાથે હતો ? કે પછી જ્યારે તે પકડાઈ જાય અને તેને પૂછવામાં આવે ત્યારે જ તેણે બોલવું જોઈતું હતું કે, "હા, હું ઈસુનો શિષ્ય છું ? આ બધા પ્રશ્નોના જવાબ આપવા અઘરા છે તો પણ તે જરૂરી અને મહત્ત્વના છે.

ભૂતકાળમાં પોતાના અનુભવો પરથી પીતર કશું શીખ્યો નથી. અપૂર્ણ જ્ઞાન અને પોતાના વિષે ઊંચો ખ્યાલ જ તેને અહીં દોરી લાવે છે. પોતે એકલો હતો ત્યારે અને પ્રભુ ઈસુની સંઘાતે હતો ત્યારે પોતે કેવો હતો તે વિષે તેના મનમાં ગુંચવાડો દેખાય છે. આ મનુષ્ય સ્વભાવ છે. મોશે અને યોસેફની બાબતમાં શરૂઆતમાં આમ જ બને છે પણ પછી જ્યારે તેઓ ઈશ્વરના હાથમાં સોંપાય છે ત્યારે જ તેમના કામ પાર પડે છે. પીતર આ સમજી શકયો નહિ અને છેવટે તે પ્રભુ ઈસુનો ત્રણવાર ઈન્કાર કરી બેઠો.

**ઈન્કાર કરવાનાં કારણો :**

પીતર એક માછીમાર કુટુંબનો સભ્ય હતો. પ્રભુ ઈસુની સાથે રહી સરળ, સાદી અને ગરીબ રીતે જીવન જીવ્યો હતો. તે રાત્રે તે પ્રભુની ઈસુની પાછળ પાછળ કાયાફાસના ભવ્ય મહેલમાં આવી પહોંચ્યો. મહેલનો ઝગમગાટ અને વૈભવી જીવન જોઈને શું તે

અંજાઈ ગયો ? તેની ભવ્યતા જોઈ દિગમૂઢ બની ગયો ? શું તેનો શ્વાસ થંભી ગયો ? પોતાના વિચારોએ (ખ્યાલોએ) તેને પરવશ બનાવ્યો ? ખબર પડતી નથી. પણ એક વાત ચોક્કસ છે કે આસપાસનાં વાતાવરણની અસર જરૂર પડે છે. ગરીબ અને નમ્ર વાતાવરણમાંથી, કોઈ વૈભવી વાતાવરણમાં આપણે આવી પડીએ છીએ ત્યારે આપણે તરત જ ભૂલી જઈએ છીએ કે આપણે કોણ હતા ? કોની સેવા કરતા હતા ?

ગામડાનો તેજસ્વી વિદ્યાર્થી મોટા શહેરમાં ભણવા જાય ત્યારે શું તેનામાં એકાએક પરિવર્તન આવતું નથી ? આપણા પોતાના ઘરમાં સાદગીથી રહેતા હોઈએ અને રોજ સવારે નિયમિત બાઈબલ વાંચી પ્રાર્થના કરતા હોઈએ, તો પણ બહારગામ એવા સ્થળે જઈએ કે ત્યાંનુ વાતાવરણ વૈભવી હોય તો શું આપણા નિત્યક્રમમાં ફેર પડતો નથી ?

અથવા તો શું પીતરને ભડકાવવામાં આવ્યો હતો ? પોતે પકડાઈ જાય તો શું વીતશે ખ્યાલે તે ભયભીત બન્યો ? શું અત્યારે જે તેની આંખો ખૂલી કે પ્રભુ ઈસુની સાથે તેમણે જે પ્રમાણે વ્યવહાર કર્યો, તેવો જ વ્યવહાર શું તેઓ મારી સાથે પણ કરશે અને મને આપદા પડશે ?

અથવા તો શું તે એકલો પડી ગયો હતો ? ૭૦-૭૧ જણની બનેલી સાનરેદ્દિન કાઉન્સિલમાં શું તે એકલો અટૂલો પડી ગયો હતો ? બીજા બધાજ ખૂબ તવંગર, ભણેલા ગણેલા, અસરકારક અને ધાર્મિક હતા અને તે બધા જ ઈસુની વિરુદ્ધ હતા. તાપણાની આગળ ભેગો થએલો નોકરવર્ગ પણ તેમના જ મતનો હતા. બધાં

જ એક મતના હતા. શું બધાં જ ખોટા હોઈ શકે ? કદાચ, તેથી જ પીતરે સલામત રસ્તો પસંદ કરવાનું વિચાર્યું હોય અને મનમાં એવું ધાર્યું હોય કે આ સલામત રસ્તે આગળ વધી જોઉં કે સાચું શું હશે ? આપણી બાબતમાં પણ શું આવું બનતું નથી ? બહુમતી આપણા મન પર અસર કરે છે અને આપણો મત ફેરવી નાંખે છે.

અથવા તો શું શરમના માર્યા તેણે ઈન્કાર કર્યો ? તે રાત્રે ઈસુ ખૂબ જ થાકેલા અને નિર્ગત દેખાતા હતા. તેમના હાથ તથા પગ, બંને બાંધેલા હતા, તેમની શક્તિ હણાઈ ગઈ હતી. તે કશું જ બોલતા નહોતા તેમને કશું જ કહેવાનું નહોતું. તે નિર્બળ, નિઃસહાય અને બિનઅસરકારક, બિનપ્રભાવક દેખાતા હતા પીતરને શંકા ગઈ કે શું આ જ માણસ તે ખ્રિસ્ત છે ? મેં ભૂલ કરી છે ? તેનો ભ્રમ તૂટી જાય છે.

અથવા તો શું તેના મનમાં કોઈ તરકટ હતું ? કપટ હતું ? ઈન્કારની જે હકીકત બની તેમાં એક છોકરી એટલે દાસીની વાત પણ આવે છે. શું આ છોકરી અતિસુંદર અને સુડોળ હતી ? શું તેનો ચહેરો ચમકદાર હતો કે જેથી પીતર એકદમ મોહિત થઈ ગયો હોય? તેથી સરખામણીમાં બીજુ બધુ ગૌણ બની ગયું હોય ? પીતરની બાબતમાં ખબર નથી પણ આપણામાંથી ઘણાંની બાબતમાં આવું બને છે આપણે ઈશ્વરને ભૂલી જઈએ છીએ અને લપસી પડીએ છીએ. એ રીતે પ્રભુનો નકાર કરી બેસીએ છીએ.

અથવા તો તેનો ઈન્કાર શું એક છળકપટ હતું ? તેના મનમાં એવું હતું કે સાચા દિલથી નહિ પણ આસપાસની પરિસ્થિતિને અનુલક્ષીને હાલમાં પ્રભુનો ઈન્કાર કરું અને પાછળથી બધું બરાબર

કરી દઈશ ? શું તેના મનમાં એવું હતું કે આમ કરીને જો હું ત્યાં રહું તો પાછળથી પ્રભુને કાંઈક મદદરૂપ બની શકું ?

બાઈબલ આવી બધી કલ્પનાઓને કે ધારણાઓને માન્ય રાખતું નથી. તેણે ઈસુનો ઈન્કાર કર્યો એ હકીકત છે પીતરે ખોટું કર્યું. હા, ભયાનક રીતે ખોટું કામ કર્યું. ગમે તેવા સંજોગો, લાલચ કે પરીક્ષણ હોય પણ સાવધ રહેવું જોઈએ. જે માણસ પ્રભુ ઈસુને ખૂબ જ નજદીકથી ઓળખતો હોય અને તે તેનો ઈન્કાર કરે, તેને માટે કોઈ કારણ હોઈ શકે નહિ. પીતરના ઈન્કારને કદી પણ ન્યાયી કે યોગ્ય ઠરાવી શકાય નહી.

**ઈન્કારનું દુઃખ :**

બે વાર મરઘો બોલ્યો.પીતરે ત્રણવાર ઈસુનો ઈન્કાર કર્યો. ઈસુએ ચેતવણી આપી હોવા છતાં, તે શેતાનની જાળમાં ફસાઈ ગયો.

પીતરને ઈસુના શબ્દો યાદ આવતા તે ખૂબ ભાંગી પડે છે. પોક મૂકીને રડે છે ને પોતાની જાતને નિરાધાર અને એકલીઅટૂલી અનુભવે છે. આપણે પણ પ્રભુ ઈસુનો ઈન્કાર ઘણીવાર કરીએ છીએ, પણ પીતરની જેમ રડતા નથી, દુઃખી થતા નથી. આવો લાગણીશૂન્ય ધર્મ કોઈપણ પ્રકારના પ્રતિબિંબ કે પ્રતિચાર વગરનો હોય છે. જો આપણે રડતા નથી તો તેનું કારણ આપણા વિચારો ખૂબ જ છીછરા, સનાતન મૂલ્યો વગરના છે.

**ઈન્કાર :**

પીતરના નકારની વાતનો અંત સુખદ એટલે એક પ્રકારના

નિર્મલ અનુભવમાં પરિણમે છે. નકારની અનુગામી અસર, પરિસ્થિતિને આશાસ્પદ બનાવે છે. યહૂદા ઈશ્કરિયોત વધસ્તંભને નિહાળ્યા વગર મૃત્યુ પામ્યો જ્યારે પીતરે વધસ્તંભ પરના ઈસુના મૃત્યુ - દુઃખ જાતે નિહાળ્યું (૧પીતર ૫:૧) પીતર નાસી જતો નથી. જે બે શિષ્યો વધસ્તંભ નજીક રહ્યા તે પીતર તથા યોહાન હતા.

ત્રીજે દિવસે જ્યારે કેટલીક સ્ત્રીઓ વહેલી ઊઠીને કબરે જાય છે ત્યારે પુનરુત્થાન પામેલા પ્રભુ તેમને કહે છે કે, "જાઓ મારા શિષ્યોને અને પીતરને જણાવો કે હું ઊઠયો છું. ઉત્થાન પામ્યા પછી ઈસુ શિષ્યોને સરોવરના કિનારે ઊભા રહી દર્શન આપે છે. ત્યારે પીતર સૌ પ્રથમ પ્રભુને ઓળખી કાઢે છે અને સરોવરમાં કૂદી પડે છે. (યોહાન ૨૧:૭)

પીતરનો ઈન્કાર ભયંકર હતો પણ તે અંત નહોતો. તે પ્રભુની આગળ ઘૂંટણે પડે છે. અને પ્રભુ તેને ત્રણ તક આપે છે. ત્રણ વખત એકનો એક સવાલ પૂછે છે કે, "યોહાનના દીકરા સિમોન, શું તું મારા ઉપર પ્રેમ રાખે છે ?" (યોહાન ૨૧ : ૧૫-૧૭) પ્રભુ આ સવાલ ત્રણ વાર પૂછવાથી પીતરે કરેલો ત્રણ વાર ઈન્કાર ભૂંસાઈ જાય છે.

વળી આ સવાલ જવાબ, પીતરના બદલાયેલા વર્તનનાં દર્શન કરાવે છે. દર વખતની જેમ, પોતાની ધારણા (ખ્યાલ) સાચી છે તેવો આગ્રહ ન કરતાં પીતર પ્રભુને તાબે થાય છે. હવે તે ઉતાવળીઓ બનતો નથી. પણ પ્રભુ જે કરે છે તે પ્રેમથી સ્વીકારે છે. એકનોએક સવાલ ત્રણ વખત પૂછવા છતાં તે ઉશ્કેરાઈ જતો નથી.

આમ ઈન્કાર બાદ, પીતરનું નવસર્જન થાય છે. પીતર પવિત્ર આત્માથી ભરપૂર થાય છે. ડરપોક અને ઈન્કાર કરનાર પીતર નીડર બની લોકોને જણાવે છે કે, "તમે પ્રભુને વધસ્તંભે જડાવ્યા પણ તે પાછા સજીવન થયા છે" જે સાંભળી લોકોના મન વિંધાઈ જાય છે અને તેઓ પીતરને પૂછે છે, "તો અમે શું કરીએ ?" પીતર કહે છે કે "પસ્તાવો કરો બાપ્તિસ્મા પામો" અને તે જ દિવસે ત્રણહજાર લોકો મંડળીમાં ઉમેરાય છે. (પ્રે.કૃ. ૨:૪, ૨૩, ૩૬, ૩૭, ૩૮, ૪૧).

પીતર સાચા અર્થમાં ખડક બને છે, તેના મહાન સેવાકાર્યના પાયા ઉપર જ ખ્રિસ્તી મંડળીની સ્થાપના થાય છે. પીતર રોમન સમ્રાટ નીરોના હાથે રોમમાં શહાદતને ભેટે છે. પીતરની શહાદતના થોડા જ સમયમાં સમગ્ર રોમન સામ્રાજ્ય ખ્રિસ્તી ધર્મ ફેલાઈ જાય છે. જ્યાં સંત પીતર શહાદતને ભેટયાં હતા ત્યાં એટલે કે રોમન સંત પીતરનું ભવ્ય પ્રભુમંદિર ઊભું છે. શું આપે પીતરની શહાદત પર રચાયેલી 'કોવડિસ'ની મહાન નવલકથા વાંચી ? જરૂર વાંચશો.



# ૮. મગદલ્લાની મરિયમ

**મરિયમની સેવાભક્તિ :**

મગદલાની મરિયમ ગાલીલના સમુદ્રકિનારે આવેલા મગદલા નામના ગામની વતની હતી. મગદલા કાપરનાહૂમથી આશરે ત્રણેક માઈલ દૂર આવેલું છે. ઈસુએ પોતાના સેવાકાર્યો (Ministry) નો આરંભ કર્યો તેના કદાચ બીજા વર્ષે મરિયમ ઈસુના શિષ્યવૃંદમાં જોડાઈ હશે. તે કુંવારી હતી કે પરિણીત, વિધવા હતી કે છૂટાછેડા લીધેલી - આ વિશે આપણને કંઈ માહિતી મળતી નથી. ઈસુ ગામેગામ અને શહેરેશહેરે સુવાર્તાપ્રચારના સેવાયજ્ઞ અર્થે ફરે છે ત્યારે તેમની સાથે જેનામાંથી તેમણે સાત ભૂતો કાઢયાં હતાં (લૂક ૮:૨) તે મરિયમ પણ ઈસુની સેવામાં જોડાય છે. સંત માર્ક પણ નોંધે છે કે, ઈસુએ મરિયમમાંથી સાત અપદૂતો (દુષ્ટ આત્માઓ)ને કાઢયા હતા. (માર્ક ૧૬:૯) લૂક ૭ : ૩૬-૪૮માં ઈસુના પગ પાસે આંસુ સારતી ઊભી રહેલી, તે પોતાના આંસુથી તેમના પગને ભીંજવનાર અને પોતાના વાળથી લૂંછનાર અને ઈસુનાં ચરણોને અત્યંત મૂલ્યવાન અત્તર લગાડનાર જે અનામી પતિતાની વાત નોંધાઈ છે તે મગદલાની મરિયમ હશે એવું કેટલાક ધારે છે મરિયમમાં જે સાત અપદૂતો હતા તેમાં વાઈનું દરદ, માનસિક વિષાદ, એકલવાયાપણું, અનૈતિકતા અને વેશ્યાગીરી-એવી બધી

શારીરિક ને આત્મિક માંદગી હતી એવું કેટલાક માને છે. આ બધાંમાંથી પ્રભુ ઈસુ મરિયમને સંપૂર્ણ મુક્તિ અને નવું જીવન બક્ષે છે. જે દુષ્ટ કે શેતાની બળોએ મગદલાની મરિયમને બંદીવાસ બનાવી હતી, તેના જીવન પર જાણે કે ઘોડાની લગામની જેમ અંકુશ રાખ્યો હતો તેમાંથી ઈસુ મરિયમને છોડાવે છે. પ્રભુ ઈસુમાં મરિયમ મુક્તિનો આનંદ માણે છે અને આભારવશ-કૃતજ્ઞ બનેલી મરિયમ ઈસુની શિષ્યા-અનુયાયી બની જાય છે. તે પોતાની પરસેવાની કમાણીમાંથી ઈસુની મદદ કરે છે (લૂક ૮:૩) ઈસુ ગાલીલમાં હોય છે ત્યારે તેમની પાછળ ફરી તેમની સેવા કરે છે. (માર્ક ૪૦:૪૧) પ્રભુ ઈસુની શિષ્યા બન્યા પછી મરિયમના જીવનમાં કેન્દ્રસ્થાને પ્રભુ ઈસુની ભક્તિ જ રહે છે.

આથી જ પ્રભુ ઈસુના ક્રૂસારોહણ પ્રસંગે તેમના મૃતદેહને આરીમથાઈના યોસેફની કબરમાં મૂકવામાં આવ્યો, ત્યાં પણ મગદલાની મરીયમ સાથે ને સાથે જ રહે છે. રોમન સૈનિકો અણિયાળા ખીલાથી ઈસુને વધસ્તંભે જડે છે તે દશ્ય અને મુખ્ય પુરોહિતો ઈસુના ઠઠ્ઠા ઉડાવે છે દશ્ય પણ મરિયમ દૂરથી નિહાળે છે. તે પ્રભુ ઈસુનાં હ્દયભેદક પોકાર સાંભળે છે : “મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ તજી દીધો છે ?” પ્રભુ ઈસુ પ્રાણત્યાગ કરે છે તે મર્મભેદક દ્રશ્યની પણ તે જીવંત સાક્ષી છે. ત્યારે પણ મૃતદેહને ખડકમાં કોરી કાઢેલી ગુફામાં મૂકે છે અને કબરના મુખ આગળ શિલા ગોઠવે છે. ત્યાં પણ મગદલાની મરિયમ હાજર છે. (માર્ક ૧૫:૪૭) ઈસુના પોતાના શિષ્યો જ્યારે નાસી ગયા હતા ત્યારે અને તે સ્થળે મરિયમ હિંમતભેર હાજર છે.

વિશ્રામવારે (શનિવારે) મરિયમે ઊંઘ્યા વગર ભારે બેચેનીમાં રાત પસાર કરી. રવિવારે વહેલી સવારે હજુ તો મળસ્કું થયું હતું ત્યારે તે મૂલ્યવાન સુગંધી દ્રવ્યો ખરીદી લાવી કબરે આવે છે. યોહાનના શુભસંદેશ પ્રમાણે તો મરિયમ **સૌથી પહેલી** કબરે પહોંચી જાય છે. તે તો જુએ છે તો કોઈએ કબર ઉપરથી શિલા હઠાવી લીધી છે. તે દોડીને સિમોન પીતર અને યોહાન પાસે પહોંચી જાય છે અને કહે છે કે "તેમણે પ્રભુને કબરમાંથી બહાર કાઢી લીધા છે અને ક્યાં રાખ્યા છે તેની અમને ખબર નથી." (યોહાન ૨૦:૧) પછી તે કબર પાસે રડતી ઊભી છે ત્યારે તે બંને દેવદૂતોને કહે છે કે, "તેઓ મારા પ્રભુને લઈ ગયા છે અને તેમને ક્યાં રાખ્યા છે તેની મને ખબર નથી." તેના દુઃખ અને વેદનાનાં ધુમ્મસમાં તે ઈસુને પણ ઓળખી શકતી નથી અને ઈસુને માળી ધારીને તે તેને કહે છે, "ભાઈ, તમે જો એમને લઈ ગયા હો તો તમે તેમને ક્યાં રાખ્યા છે તે મને કહો, એટલે હું તેમને લઈ જઈશ." (યોહાન ૨૦-૧૫) બે વર્ષ સુધી મરિયમ ઈસુની પાછળ ચાલી છે, તેમને મદદ કરી છે, તેમના પર રાખ્યો છે. પોતાના જીવનનું તેમને સમર્પણ કર્યું છે, અને અત્યારે બેચેની, હતાશા અને ભારે મૂંઝવણમાં તે તેમની સામે હોવા છતાં ઓળખી શકતી નથી. પરંતુ ઈસુ જ્યારે 'મરિયમ' એ તેને નામે તેને સંબોધે છે ત્યારે તરત જ તેમને ઓળખી જાય છે. આમ, મગદલાની મરિયમ એ સજીવન થયેલા પ્રભુ ઈસુના દર્શન પામનાર પ્રથમ વ્યક્તિ બને છે.

**મગદલાની મરિયમનું નૈતિક પતન :**

દુષ્ટઆત્માઓના અંકુશમાંથી છૂટયા પછી જે આડઅસરો ઊભી

થાય છે તેના પર વિવરણ કરતાં ઈસુએ કહ્યું છે કે "જ્યારે કોઈ અશુદ્ધ આત્મા કોઈ માણસમાંથી બહાર નીકળે છે ત્યારે તે વિસામાની શોધમાં વનવગડામાં ભટકે છે પછી તે કહે છે કે 'મારા જે ઘરમાંથી હું આવ્યો છું ત્યાં પાછો જઈશ.' તે આવીને જુએ છે તો ઘર વાળેલું અને વ્યવસ્થિત હોય છે. પછી તે જઈને પોતાના કરતાં દુષ્ટ એવા આત્માઓને લઈને આવે છે. અને છેવટે તે માણસની સ્થિતિ પહેલાં કરતાં બદતર થાય છે." (લૂક ૧૧: ૨૪-૨૬) આજે મરિયમ જેવા ઘણાં માણસો છે. તેમણે ઈશ્વરના પ્રેમનો અનુભવ કર્યો છે અને તેમનાં જીવનોમાં નાટયાત્મક પરિવર્તનો આવ્યાં છે. ઈસુને અનુસરવામાં રહેલો આનંદ, અજાયબ ઉત્તેજના અને અદ્‌ભુતતા તેમણે અનુભવ્યાં છે. મરિયમના જેવા તેઓ સમર્પિત છે. પણ મૃત્યુ કે કુટુંબમાં ભાગલા કે લગ્નવિચ્છેદ કે લાંબી બીમારી એમના જીવનના કેન્દ્રમાં એવું બાકોરું પાડી છે કે તે કોઈથી પુરાતું નથી. મરિયમ જેમ વધસ્તંભ પાસે નિરાધાર ને લાચાર હાલતમાં ઊભી છે. નથી તે રોમન સૈનિકોને રોકી શકતી કે; નથી પુરોહિતોને ઠઠ્ઠા કરતાં અટકાવી શકતી, એથી જેમ જ આ માણસો હતાશાની ખીણમાં સરકી જાય છે. મગદલાની મરિયમ વિશે જરૂર નોંધવું રહ્યું કે તેણે તો પુનરુત્થાન, શ્રધ્ધા અને જીવન તરફ દોરી જતો માર્ગ નિષ્ઠાપૂર્વક શોધી કાઢયો છે.

**મરિયમનો ઉદ્ધાર :**

હતાશામાંથી આશા ને જીવન તરફ માણસો કેમ પાછાં ફરી શકે ? મરિયમ કેવી રીતે પાછી ફરી ? પ્રથમ તો તે સાચા (Right) સ્થળે ગઈ  અને યોગ્ય માણસો સાથે તેણે વાત કરી. જ્યાં પ્રભુ

ઈસુને તેણે છલ્લે નિહાળ્યા હતા ત્યાં તે ગઈ. ત્રણવાર તે પ્રભુ ઈસુની કબરે ગઈ. બીજાઓમાં આવો વિશ્વાસ ન હતો. તેણે શિષ્યો સાથે વાત કરી. પ્રભુ ઈસુના ગુમ થયેલા શરીર વિશેની પોતાની વેદના વ્યક્ત કરી. તેણે ઈસુ ક્યાં છે એ વિશે પહેલાં દૂતોને પૂછયું અને પછી ઈસુને પોતાને પૂછયું.

આપણે ઘેરી નિરાશાનો ભોગ બનીએ છીએ ત્યારે શું કરીએ છીએ ? કેટલાક તો ખ્રિસ્તી સંગતનો ત્યાગ કરી પ્રભુમંદિરે જવાનું બંધ કરી દે છે. કેટલાક તો પોતે જે ગુમાવ્યું છે તેમાંથી બહાર આવવા માગતા જ નથી. મરિયમનું આવું નથી. ઘેર એકલા રહેવાને બદલે, એકાંતમાં પોતાની વેદનાને વાગોળવાને બદલે, ખોટે સ્થળે ફરિયાદો કરવાને બદલે સાચે સ્થળે પહોંચી જાય છે અને યોગ્ય માણસોને યોગ્ય પ્રશ્ન પૂછયા કરે છે.

બીજું, મરિયમે પ્રભુ ઈસુને શોધ્યા નથી. પરંતુ પ્રભુ ઈસુએ મરિયમને શોધી છે આપણે પણ મરિયમની જેમ શંકા, અશ્રધ્ધા વ્હાલાનો વિયોગ કે નિરાશામાં આપણો રસ્તો ખોઈ બેઠાં હોઈએ ક્યાંથી શરૂઆત કરવી તેની પણ આપણને જાણ ન હોય, પરંતુ એટલું જ જરૂર જાણજો કે આપણાં દુ:ખ, માંદગી, નિરાશા કે હતાશા, મૂંઝવણ કે ઊંડી વેદનામાં પણ પ્રભુ ઈસુ આપણી સાથે જ છે. તે આપણને શોધે છે. ભૂલા પડેલા ઘેટાંને શોધતા ભરવાડની જેમ - અને તે આપણને નામ દઈને બોલાવેછે. ઈસુએ ખૂબ કોમળતાથી મરિયમ કેમ રૂદન કરે છે તે પૂછયું અને પછી તેને નામ દઈને બોલાવી.

પ્રભુ ઈસુને ઓળખતાંની સાથે મરિયમ બોલી ઊઠી :

'રાબ્બોની' એટલે ગુરુજી ? તે તેમને ભેટવા માટે આગળ વધી ઈસુ મૃત્યુ પામ્યા હતા તે પહેલાંના સંબંધો તે પુનઃસ્થાપિત કરવા માંગતી હતી. એટલે ઈસુની પાસે જવું તેમની સેવા ચાકરી કરવી, તેમને અનુસરવું, વગેરે. પરંતુ ઈસુએ એજ કોમળતાથી કહ્યું "મને વળગીશ નહિ, હજી હું પિતા પાસે ઉપર ચાલ્યો ગયો નથી." (યોહાન ૨૦:૧૭) ઈસુ હવે દેહધારી માનવી ન હતા. હવે તેમની પાસે પુનરુત્થાન પામેલું શરીર હતું. મૃત્યુમાંથી સજીવન થયેલા ઈસુ સાથે મરિયમને હવે નવો સંબંધ બાંધવાનો હતો. નિરાશાની પેલી બાજુએ શું છે તે આપણે પણ શોધવું જોઈએ. સાથીદારનું મૃત્યુ, સ્નેહીનું અવસાન, મિત્રનું ચાલ્યા જવું, લગ્નસંબંધમાં ભંગાણ આ બધું આપણાં વલણો, આપણી વિચારધારા અને આપણા સંબંધોમાં પરિવર્તન લાવે છે. આપણે પણ મરિયમની જેમ નવા સંબંધો બાંધવા પડે છે.

મરિયમ પાસે ઈશ્વરનું જે દર્શન હતું તે પણ બદલાઈ જાય છે. પુનરુત્થાન પામ્યા પછી ઈસુ જુદા જુદા રૂપે એમ્મોસ જઈ રહેલા બે જણને દર્શન છે (માર્ક ૧૬:૧૨) તે બંને પણ મરિયમની જેમ ઈસુને ઓળખી શકતા નથી. આપણે પણ ઘણીવાર ઈશ્વરને એક રૂપમાં જોવા ચાહીએ છીએ પણ તે જ્યારે બીજે રૂપે આવે છે ત્યારે આપણે તેને ઓળખી શકતા નથી. આર્થિક આબાદી લાવનાર, માંદગીમાંથી સાજાપણું આપનાર, આવી પડકાર જોખમોમાંથી બચાવનાર - આવાં આવાં રૂપોમાં આપણે ઈશ્વરને જોવા ચાહીએ છીએ. એમ ન થાય ત્યારે આપણએ નિરાશ થઈ જઈએ છીએ. પરંતુ યાદ રાખીએ કે ઈશ્વર તો કોઈને કોઈ રૂપે હાજરાહજૂર હોય છે.

ઈસુ પૃથ્વી પર માનવરૂપે હતા ત્યારે 'મારા પિતા' એ સંબોધનથી ઈશ્વરને સંબોધતા. તે ઈશ્વરના એકમાત્ર પુત્ર છે, તેથી તે એમ કહેતા પરંતુ સજીવન થયા પછી તે આ શબ્દો કહે છે "મારા ભાઈઓને જઈને કહેજે કે હું મારા પિતા અને તમારા પિતા, મારા ઈશ્વર અને તમારા ઈશ્વર પાસે ઉપર જઈ રહ્યો છું." (યોહાન ૨૦:૧૭) ક્રોસ અને પુનરુત્થાન ઈશ્વર સાથેના આપણા સંબંધને હંમેશને માટે બદલી નાખે છે અને તે આપણને ઈશ્વરના અજોડ કુટુંબમાં દત્તક બાળકો બનાવે છે "પણ તમને તો પુત્રનો હક મળેલ છે અને તેથી 'પરમેશ્વર. મારા પિતા ! ' એમ આપણે પોકારી શકીએ છીએ. પવિત્ર આત્મા પણ સાક્ષી પૂરે છે કે આપણે ઈશ્વરના સંતાન છીએ અને જો સંતાન છીએ તો વારસ પણ છીએ જ. ઈશ્વરના વારસ, ખ્રિસ્તના સહવારસ છીએ." (રૂમીઓને પત્ર ૮: ૧૫-૧૭) આમ મરિયમ સંપૂર્ણપણે માનવ એવા ઈસુને જ મરિયમનું અનોખું અને ત્યાગસુરભિત સમર્પણઆખી દુનિયામાં પ્રેરણાદાયી બન્યું છે.



# ૯. યોહાન અને ઈસુની મા મરિયમ

યોહાન ૧૯ : ૨૫-૨૭ જણાવે છે તે મુજબ મૃત્યુ પામતા પહેલાં પ્રભુ ઈસુએ પોતાના શિષ્ય યોહાનને પોતાની માતા મરિયમની સોંપણી કરી હતી. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે બાર શિષ્યો પૈકી પ્રભુએ યોહાનને જ આ જવાબદારી કેમ સોંપી ? શું ફક્ત આ શિષ્ય જ તે વખતે ત્યાં હાજર હતો ? કે પછી બધા શિષ્યોમાં માત્ર યોહાન પર જ પ્રભુ વધુ પ્રેમ રાખતા હતા ?

આવો, આપણે પ્રભુના આ શિષ્ય યોહાનનું મૂલ્યાંકન કરી આ સવાલનો જવાબ મેળવવા પ્રયત્ન કરીએ.

પ્રભુ ઈસુને બાર શિષ્યો હતા, બાર શિષ્યોનું એક વર્તુળ હતું. આ બાર શિષ્યોમાંથી ત્રણ શિષ્યો પ્રભુની વધુ નજીદીક હતા, નજીકના વર્તુળમાં (Inner circle) હતા એવું કેટલાંક શાસ્ત્રવચનો પરથી જાણી શકાય છે.

આ શાસ્ત્રવચનો આ પ્રમાણે છે.

(૧) માર્ક ૫:૩૭ "અને પીતર, યાકોબ તથા યાકોબના ભાઈ યોહાન સિવાય તેણે પોતાની સાથે કોઈને આવવા ન દીધું." યાઈરસની દીકરી મૃત્યુ પામી તે પ્રસંગનાં આ વચનો છે.

(૨) માર્ક ૯:૨ "અને છ દહાડા પછી પીતરને તથા યાકોબને

યોહાનને સાથે લઈને તેઓને ઊંચા પહાડ પર એકાંતમાં લઈ જાય છે અને તેઓની આગળ તેનું રૂપાંતર થયું."

(૩) માર્ક ૧૪:૩૩ "તે પોતાની સાથે પીતર યાકોબ તથા યોહાનને લઈ જાય છે અને તે બહુ અકળાવા તથા ઉદાસ થવા લાગ્યો."

પ્રભુના વચનોનો જો આપણે અભ્યાસ કરીશું તો જણાશે કે આ ત્રણ શિષ્યો જેઓ નજીકના વર્તુળમાં હતાં તે પૈકી એક એટલે કે યોહાન, પ્રભુ ઈસુની સૌથી વધુ નજીક હતો. આ વચનો આ પ્રમાણે છે :

(૧) યોહાન ૧૩:૨૩ "હવે જમતી વેળાએ તેના શિષ્યોમાંનો એક, જેના પર ઈસુ પ્રેમ રાખતો હતો તે ઈસુની છાતીને અઢેલીને બેઠેલો હતો.

(૨) યોહાન ૧૩:૨૪ "ત્યારે સિમોન પીતર તેને (એટલે યોહાનને) ઈશારો કરીને કહે છે કે તે કોના વિષે કહે છે તે અમને કહે" (તમારામાંનો એક મને પરસ્વાધીન કરશે તે વિષે)

(૩) યોહાન ૧૯:૨૭ "ત્યાર પછી તે તે શિષ્યને કહે છે કે "જો, તારી મા. તે જ ઘડીએ તે શિષ્ય તેને પોતાને ઘેર તેડી ગયો."

આ બધી કલમો જણાવે છે કે યોહાન પર પ્રભુ ઈસુ વધુ પ્રેમ રાખતા હતા. સૌથી વ્હાલો શિષ્ય હોય તેને જ પ્રભુ ઈસુ પોતાની માની સોંપણી કરી શકે. પ્રભુને મન તો બધા જ શિષ્યો સરખા હોવા જોઈએ કોઈ વધારે વ્હાલું અને કોઈ ઓછું વ્હાલું એવું ના હોવું જોઈએ એવો પ્રશ્ન મનમાં ઉપસ્થિત થાય, પણ બધા જ શિષ્યો

માનવ હતા, અને બધાંની શક્તિઓ (કામ કરવાની રીત) એક સરખી ના જ હોઈ શકે અને તેથી જેથી કામ કરવાની તક વધુ માન્ય તે કુદરતી રીતે તે વધુ વ્હાલો હોઈ શકે.

વળી યોહાન ૨૦ : ૩-૪ પ્રથમ ઈસ્ટરના દિવસે (Easter) કબર આગળ પહેલો પહોંચે છે.

૨૦:૮ પ્રથમ ઈસ્ટરના દિવસે વિશ્વાસ કરવામાં પ્રથમ ૨૦ : ૬-૭ First to see the Full Significance of the undisturbed grave clothes with nobody inside કબરમાં વીંટાળીને મૂકેલા વસ્ત્રો પરથી પુનરુત્થાન અંગેનું સાચું અનુમાન કરે છે.

આ યોહાન કોણ હતો ? તેના પિતા તથા માતા કોણ હતાં ? તે કેવા કુટુંબમાંથી આવતો હતો ? તે કેટલું જીવ્યો ? આવો, શાસ્ત્ર આપણને શું જણાવે છે તે જોઈએ.

**યોહાનના પિતા :**

માર્ક ૧:૧૯ "અને ત્યાંથી થોડું આગળ જઈને તેણે ઝબદીના દીકરા યાકોબ તથા યોહાનને વહાણની જાળો સાંધતા દીઠા.

માર્ક ૧:૨૦ "અને તેણે તેઓને બોલાવ્યા, અને તેવો પોતાના બાપ ઝબદીને નોકરોની સાથે વહાણમાં મૂકીને તેની પાછળ ગયા."

આ કલમો જણાવે છે કે યોહાનના પિતા ઝબદી હતા "તેઓ માછીમારનો ધંધો કરતા. આ કુટુંબ પૈસે ટકે સુખી હતું, કારણ તેમની પાસે નોકર ચાકરો પણ હતા."

**યોહાનની માતા :**

માર્ક ૧૬:૧ ત્રણ સ્ત્રીઓની વાત આવે છે. જે પૈકી બેનાં નામ મરિયમ છે. (૧) મગદલાની મરિયમ (જેનામાંથી ઈસુએ ૭ ભૂતો કાઢયા હતાં. (લૂક ૮:૨) (૨) યાકોબ તથા યોસેફની મા મરિયમ ત્રીજી સ્ત્રીનું નામ શલોમી છે.

**આ શલોમી તે કોણ?**

જો માત્થી ૨૭:૫૬ વાંચીશું "તેઓમાં મગદલ્લાની મરિયમ ને યાકોબ તથા યોહાનની મા મરિયમ તથા ઝબદીના દીકરાઓની મા હતી." તો જણાશે કે યોહાનની માતાનું નામ શલોમી હતું.

જો યોહાન ૧૯:૨૫ વાંચીશું "હવે ઈસુના વધસ્તંભની પાસે તેની મા, તેની માસી, કલોપાની સ્ત્રી મરિયમ તથા મગદલ્લાની મરિયમ ઊભા રહેલાં હતાં." તો જણાશે કે શલોમી તે પ્રભુ ઈસુની માસી થતી હતી અર્થાત યોહાન પ્રભુ ઈસુનો મસિયાઈ ભાઈ થતો હતો.

**પ્રભુ ઈસુનો શિષ્ય બન્યો તે પહેલાં યોહાન :**

પવિત્ર શાસ્ત્ર જણાવે છે કે ઝબદીનો દીકરો યોહાન તે, યોહાન બાપ્તિસ્મીનો શિષ્ય હતો.

યોહાન ૧:૩૫ "બીજે દહાડે યોહાન તેના બે શિષ્યોની સામે ઊભો રહેલો હતો." ૪૦મી કલમમાં પ્રથમનું નામ (આંદ્રિયા-સિમોન પીતરનો ભાઈ) આપવામાં આવ્યું છે. પણ યોહાનને અનામી શિષ્ય તરીકે ઓળખવામાં આવે છે. આ યોહાન બાપ્તિસ્મી

યોહાનને પ્રભુ ઈસુ પાસે લાવે છે.

માર્ક ૩:૧૭ "તથા ઝબદીનો દીકરો યાકોબ તથા યાકોબનો ભાઈ યોહાન, તેઓની અટક તેણે બને - રગેશ એટલે ગર્જનાના દીકરા એવી પાડી" શા માટે? કારણ તેઓ આત્માથી ભરપૂર (High spirited) હતા એટલે તેમનો ઉત્સાહ એટલો બધો હતો કે ઘણીવાર તેઓ "Undisciplined" અને "Misdirected" બની જતા, અશિસ્તવાળા બની જતા, ગેરમાર્ગે દોરાઈ જતા.

દાખલા તરીકે વાંચો લૂક ૯:૪૯ યોહાને તેને કહ્યું કે, "સ્વામી અમે એક માણસને તમારે નામે ભૂતોને કાઢતા જોયો અને અમે તેને મના કરી, કારણ કે તે આપણી સાથે ચાલતો નથી, ૫૦મી કલમ જણાવે છે કે પ્રભુએ તેમને તેમ કરવાની મના કરી.

યરૂશાલેમ જતી વખતે પ્રભુ ઈસુએ તૈયારી કરવા સમરૂનીઓના ગામમાં બે ખેપિયાઓ મોકલ્યા પણ, તેઓએ તેમનો આવકાર કર્યો નહિ, કારણ તેનું (ઈસુનું) મોં યરૂશાલેમ ભણી હતું. આ વખતે વાંચો લૂક ૯:૫૪ "એ જોઈને તેના શિષ્યો યાકોબ તથા યોહાને તેને પૂછયું કે પ્રભુ શું તારી એવી ઇચ્છા છે કે અમે આજ્ઞા કરીએ કે આકાશથી આગ પડીને તેઓનો નાશ કરે ?' યોહાન ને યાકોબને Sons of Thunder ગર્જનાના પુત્રો કહેવામાં આવ્યા છે. આમ દેખાય છે કે યોહાનમાં અસહિષ્ણુતા હતી, ને સમય આવ્યે વેર લેવા પણ તૈયાર થઈ જતો. ઉપરાંત તેનામાં થોડીક સ્વાર્થીવૃત્તિ હતી.

માત્થી ૨૦:૨૦ "ત્યારે ઝબદીના દીકરાઓની માએ પોતાના

દીકરાઓની સાથે તેની પાસે આવીને તથા પગે લાગીને તેની પાસે માગ્યું :

૨૦:૨૧ "આ મારા બે દીકરા તારા રાજ્યમાં એક તારે જમણે હાથે અને બીજો તારા ડાબે હાથે બેસે એવી આજ્ઞા તું કર"

માર્ક ૧૦:૩૫ "અને ઝબદીના દીકરા યાકોબ તથા યોહાન તેની પાસે આવીને કહે છે કે ઉપદેશક અમારી ઈચ્છા છે કે અમે જે કાંઈ માગએ તે તું અમારે વાસ્તે કર."

માર્ક ૧૦:૩૭ "ત્યારે તેઓએ તેને કહ્યું કે તારા મહિમામાં અમે એક તારે જમણે હાથે ને એક તારે ડાબે હાથે બેસીએ એવું અમારે માટે કર." શિષ્યો પણ માનવ હતા. માનવ સ્વભાવ બદલાતો નથી. તેથી યાકોબને યોહાન પણ મહત્ત્વાકાંક્ષી હતાં.

**યોહાનની સેવા અને જિંદગી :**

પ્રે.કૃ. ૪:૧૩ પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી તેમણે પ્રભુને પ્રગટ કરવાનું કામ ઉપાડી લીધું.

પ્રે.કૃ. ૫:૩૩, ૪૦, ૪૧, મન વિંધાઈ જાય તેવી રીતે સ્પષ્ટ બોધ કર્યો. પ્રભુ ઈસુના નામને લીધે માર ખાધો.

અપમાન પામવા છતાં હરખાતાં હરખાતાં ચાલ્યા ગયા અને ૪૨મી કલમ પ્રભુ ઈસુને પ્રગટ કરવાનું છોડયું નહિ.

પ્રે.કૃ. ૮:૧૪ સમરૂનીઓ મધ્યે સુવાર્તા પ્રગટ કરી.

ગલા ૨:૯ મંડળીના સ્તંભ જેવા ગણાતા હતા.

પ્રકટીકરણ ૧:૯ સૌથી વહાલા શિષ્યેને પ્રભુસંદર્શન આપે છે, પ્રગટીકરણ આપે છે. જીવનના છેલ્લા દિવસોમાં તે પાત્મસ બેટમાં જીવન ગાળે છે. અને કદાચ આ એકલો શિષ્ય કુદરતી મોતને ભેટે છે.

જ્યારે યાકોબને હેરોદ રાજાને તલવારથી મારી નંખાવ્યો. પ્રે.કૃ. ૧૨:૨.

**માતૃપ્રેમની ઊંચી કવિતા :**

આપણને થોડીક રાહત એટલા માટે થાય છે કે વધસ્તંભની પીડાકારક-વીંછીના ડંખ કરતાં પણ દુઃખદાયક વેદનામાં-પ્રભુ ઈસુ એકલા નથી. તેમની પાસે ચાર સ્ત્રીઓ પણ છે. કદાચ, તે સમયમાં સ્ત્રીઓને ઓછું મહત્ત્વ અપાતું હોવાથી, જેને મૃત્યુદંડની સજા ફરમાવાઈ છે તેવી વ્યક્તિના મૃત્યુપ્રસંગે હાજર રહેવામાં જોખમ હોવા છતાં ઈસુની મા મરિયમ અને અન્ય ત્રણ સ્ત્રીઓ ત્યાં હાજર રહે છે. સાચું જ છે કે 'ત્યાં વ્હાલસોયા પુત્રને વધસ્તંભને જડાયેલો જોતા મરિયમનો જીવ કેવો હળીએ કળીએ કપાયો હશે !' 'તલવાર તારા જીવન વીંધી નાંખશે.' એ વૃદ્ધ શિમયોનની ભવિષ્યવાણી આજે તેને સમજાઈ હશે. છતાં એક લેખક કહે છે તેમ Eternal love of motherhood is in Mary at the cross માતૃત્વનો સનાતન પ્રેમ જ અહીં મરિયમની રડતી આંખો અને રડતા હૃદયમાં પ્રગટ થાય છે.

'બાઈ'નું સંબોધન : (WOMAN) બાઈ, "જો તારો દીકરો!" એ ક્રૂસ ઉપરથી પ્રભુ ઈસુએ મરિયમને માટે 'Woman' 'બાઈ'

શબ્દ વાપર્યો છે. આપણને થાય છે કે વહાલવાચક એવા 'મા' 'બા' કેમ નહિ ને 'બાઈ' એવો પરાયાપણાનો ભાવ સૂચવતો શબ્દ કેમ ? બાર વર્ષની વય જ મંદિરમાં રહી ગયેલા ઈસુને ચિંતાતુર બની શોધતી શોધતી પાછી ફરેલી મરિયમ કહે છે કે, 'જો, મેં અને તારા પિતાએ તારી કેટલી શોધ કરી ?' ત્યારે કિશોર ઈસુ કહે છે, '**શું તમે** જાણતાં નહોતાં કે મારે **મારા** પિતાનાં ઘરમાં હોવું જોઈએ?' (લૂક ૨: ૪૦-૫૨) ઈસુના સાચા **પિતા** તો છે ઈશ્વર. તેથી જ 'બાઈ' શબ્દમાં મરિયમ સાથેના પોતાના દૈહિક સંબંધોનો ઈશ્વરપુત્ર ઈસુ અંત આણે છે અને ઈશ્વર તથા ભક્ત વચ્ચેના નવા સંબંધની શરૂઆત કરે છે. વધસ્તંભ ઉપર માનવી તરીકેના સંબંધો પૂરા થયા હોવા છતાં ઈસુને 'માતા મરિયમ' પ્રત્યે એટલો જ અનુરાગ છે, પ્રેમ છે અને તેની વૃદ્ધાવસ્થા અંગેની ચિંતા પણ છે. આથી જે ઈસુ વૃદ્ધ માતાની સોંપણી પોતાના વ્હાલા શિષ્યને કરે છે. 'બાઈ, જો તારો દીકરો !' એ શબ્દો તો માતૃપ્રેમની ઊંચામાં ઊંચી કવિતા છે.

❋ ❋ ❋



# ૧૦. અરીમથાઈનો યોસેફ

આજથી લગભગ ૨૦૦૦ વર્ષો પૂર્વેનો શુભશુક્રવાર એક ગોઝારો શુક્રવાર હતો. આ દિવસે આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તને ખૂબ ક્રૂર રીતે વધસ્તંભ પર લટકાવી દેવામાં આવ્યા હતા.

તે વખતે બલિદાનના આ વધસ્તંભની આગળ ચાર પ્રકારના લોકો એકત્ર થયા હતા. પ્રથમ પ્રકારના લોકો ઈસુ પર પ્રેમ રાખનાર હતા. તેઓને ખબર હતી કે પ્રભુએ કશું જ ખોટું કર્યું નથી. પરંતુ માણસજાતનાં પાપોની માફી મળે તે માટે તે બલિદાન આપી રહ્યા છે. બીજા પ્રકારના લોકોમાં પસ્તાવો કરનાર ચોરનો સમાવેશ થાય છે. જે તે જ ઘડીએ આ સત્ય જાણે છે અને પ્રભુનો સ્વીકાર કરે છે. ત્રીજા પ્રકારના લોકોમાં અરીમથાઈનો યોસેફ તથા નિકોદિમસનો સમાવેશ થાય છે, જેઓ પ્રભુના મૃત્યુ બાદ આ સત્ય સમજે છે અને પ્રભુનો સ્વીકાર કરે છે. જ્યારે ચોથા પ્રકારના લોકો તો પ્રભુની ઠઠ્ઠા મશ્કરીઓ કરનારા હતાં.

પ્રથમ બે પ્રકારના લોકોનો સમય પસાર થઈ ગયો છે. જ્યારે ત્રીજા અને ચોથા પ્રકારના લોકોનો સમય હજી આજે પણ ચાલુ છે અને ક્યા સુધી ચાલું રહેશે તે ખબર નથી. આ તો **કૃપાનો સમય** છે. આપણે આ સમયમાં જીવીયે છે.

ત્રીજા પ્રકારના લોકોમાં અરીમથાઈના યોસેફનો સમાવેશ થાય

છે. લૂક ૨૩ : ૫૦-૫૧માં જણાવવામાં આવે છે તે મુજબ તે યહૂદીઆના સારો અને પ્રમાણિક (ન્યાયી) માણસ હતો. વળી, તે ઈશ્વરના રાજ્યની વાટ જોનાર હતો. માત્થી ૨૭:૫૭માં જણાવવામાં આવે છે કે તે દ્રવ્યવાન કે ધનવાન માણસ હતો અને પ્રભુ ઈસુનો શિષ્ય પણ હતો. માર્ક ૧૫:૪૩માં જણાવવામાં આવે છે કે તે ન્યાયસભા (સાન્હેદ્રીન સભા)નો માનવંતો સભાસદ પણ હતો આમ છતાં, પ્રભુ ઈસુને વધસ્તંભે જડવાના વિરોધમાં પોતાનો મત આપ્યો હતો. પ્રભુ ઈસુ મૃત્યુ પામ્યા છે એવું સો પ્રથમ તેણે જાહેર કર્યું અને પોતાને માટે બનાવેલી નવી કબરમાં પ્રભુ ઈસુના શબને શણ (લીનન) ના કફનમાં લપેટીને દફનાવ્યું. (યશા. ૫૩:૯ની ભવિષ્યવાણી પ્રમાણે)

નિકોદિમસની શાસ્ત્રાધાર વિહોણી સુવાર્તામાં જણાવવામાં આવે છે કે અરિમથાઈના યોસેફે પોતાના વતન લીડા (LYDDA) માં ખ્રિસ્તી સમાજ (Christian Community)ની સ્થાપના કરી હતી. અને સંત ફિલીપની સૂચનાથી ઈ.સ. ૬૩માં છેલ્લા ભોજન (Last Supper) વાપરવામાં આવેલો પ્રભુભોજન માટેનો એક મોટો પવિત્ર કપ ઈંગ્લેન્ડ લઈ ગયો અને ગ્લાસ્ટનબરી (Glastombury) નામના બ્રિટીશ ટાપુમાં પ્રથમ મંડળીની સ્થાપના કરી. તેનું મૃત્યુ પણ ત્યાં જ થયું. પશ્ચિમની મંડળીઓ માર્ચ ૧૭મી તારીખે તેની જયંતી ઉજવે છે. ચાર સુવાર્તામાં યોસેફ વિષે ખૂબ થોડી જ થોડી માહિતી મળે છે.

**યોસેફની પ્રતિભાશાળી કારકિર્દી :**

તેની કારકિર્દી વિષે ચારેય સુવાર્તા એક મત વ્યક્ત કરે છે.

માત્થી જણાવે છે કે તે દ્રવ્યવાન હતો. માર્ક અને લૂક જણાવે છે કે તે ન્યાયસભાનો (સાન્હેન્દ્રીન સભાનો) સભ્ય હતો. અને રાજકર્તા કે શાસનકર્તા હતો. આમ યહૂદીઓમાં તે એક નામાંકિત વ્યક્તિ હતી. લૂક તેના વિષે જણાવે છે કે તે સીધો અને ન્યાયી માણસ હતો. માર્ક જણાવે છે કે તે પ્રભુના રાજ્યની વાટ જોતો હતો.

અરીમથાઈનો યોસેફ આમ એક ધાર્મિક માણસ હતો અને મસીહા દ્વારા ઇઝરાએલનો છુટકારો થશે તેવી આશા રાખતો હતો.

**યોસેફનું અસ્પષ્ટ પરિવર્તન :**

અરીમથાઈનો યોસેફ પ્રભુ ઈસુથી આકર્ષાયો હતો. તેના પોતાના હ્દયમાં ખાતરી હતી કે ઈસુ જ મસીહા છે ને તે જ દેવનું રાજ્ય લાવશે. માત્થી ૨૭:૫૭માં જણાવવામાં આવે છે કે તે પ્રભુ ઈસુનો ગુપ્ત શિષ્ય હતો. શિષ્ય હોવા છતાં ગુપ્ત રહ્યો. ઉઘાડી રીતે બહાર આવ્યો નહિ.

યોસેફે શા માટે પોતાનું પરિવર્તન ગુપ્ત રાખ્યું હશે ? યોહાન ૧૯:૩૮ જણાવે છે કે યહૂદીઓની બીકને લીધે તે ગુપ્ત રહ્યો. વળી સાન્હેન્દ્રીન સભાના સભ્ય તરીકે જો તે ઉઘાડી રીતે શિષ્ય બને તો તેને ઘણું ગુમાવવું પડે. તેની પાસે હોદ્દો, માન, શક્તિ અને લાગવગ હતી. જો કે પ્રભુએ તો કહ્યું હતું કે "મારામાંનો જે કોઈ પોતાની સર્વ વસ્તુઓનો ત્યાગ કરતો નથી તે મારો શિષ્ય થઈ શકતો નથી." (લૂક ૧૪:)

જવાબદાર શાસનકર્તા સમાજની શંતિ અને સ્થિરતા જાળવવા કામ કરે છે અને બળવાખોર આગેવાનને બદલે જે સ્થિતિમાં પોતે

હોય તેને નિભાવી લેવામાં માને છે.

સાન્હેન્દ્રીન સભાના રાજ્ય તરીકે ચાલુ રહી, પોતાનું શિષ્યપણું પ્રગટ કર્યું હોત તો તેને તેના સાથીદારોનો કોપ વ્હોરી લેવો પડત. અને જે કાંઈ પરિણામ આવત તે સ્વીકારી લેવું પડત. અથવા તો જાહેરમાં કશું જ કીધા વગર ખાનગીમાં, પડદા પાછળ રહી પ્રભુ ઈસુ તરફના વિરોધને નમ્ર બનાવવા પોતાના સાથીઓને સમજાવવાની કોશિશ કરી શકત. આ બેમાંથી કયો માર્ગ વધુ ડહાપણવાળો ગણાય ?

આપણામાં પણ ઘણા આ યોસેફના જેવા છે, એટલે કે જાહેર જીવનમાં આગળ પડતા, સત્તાધારી વગેરે અને જેઓ દૈનિક ફરજ અને ધાર્મિક કબૂલાત વચ્ચે ખેંચતાણ અનુભવે છે. પ્રભુ ઈસુને જ્યારે જાતિના મિથ્યાભિમાનમાં, આર્થિક અન્યાયમાં અને રાજકીય ભ્રષ્ટાચારમાં વધસ્તંભે ચઢતા જોઈએ છીએ ત્યારે આપણે શું કરવા માંગીએ છીએ ? જ્યારે સમગ્ર તંત્ર ભ્રષ્ટાચારી અને અન્યાયી છે ત્યારે ભૂંડાઈનો સામનો કેવી રીતે કરીશું ? આ સવાલનો જવાબ આપવો આપણા માટે કે અરીમથાઈના યોસેફ માટે સરળ નથી.

સાથીઓનો વિરોધ ના થાય અને પોતે પડદા પાછળ રહી અસરકારક બની શકે તે માન્યતાને કારણે, યોસેફે શાંત રહેવાનું પસંદ કર્યું હશે.

મંદિરમાં ટોળાની સાથે ઊભા રહી પ્રભુ ઈસુને સાંભળતી વખતે શાંતિરીતે મસીહા તરીકે સ્વીકારવો અને સાન્હેન્દ્રીન સભામાં મુખ્ય યાજકો સાથે પ્રભુનો તિરસ્કાર કરવામાં મૂક સંમતિ આપવી તે સરળ

બાબત નથી. આ આંતરિક યુધ્ધ છેવટે યોસેફને સામનો કરવા તૈયાર કરે છે. લૂક ૨૩:૫૧માં જણાવવામાં આવ્યું છે કે તેણે ધર્મગુરૂઓની યોજનામાં કે તેના અમલમાં પોતાની સંમતિ આપી નહોતી.

**વિલંબિત હિંમત :**

યોસેફના ગુપ્ત શિષ્યપણાની ટીકા કરવી સરળ છે, કારણ પ્રભુએ કહ્યું હતું કે, “જે કોઈ મારે લીધે તથા મારી વાતોને લીધે લજવાશે તેને લીધે જ્યારે માણસનો દીકરો પોતાના તથા બાપના તથા પવિત્ર દૂતોના મહિમામાં આવશે ત્યારે તે લજવાશે.” (લૂક ૯:૨૬)

આમ છતાં યોસેફની વાર્તા અહીં પૂરી થતી નથી. જ્યારે યોસેફને ભાન થાય છે કે ગુપ્ત શિષ્યપણું તો પ્રભુને વધસ્તંભ સુધી દોરી જાય છે. વળી, બલિદાનની ઘડીઓ, તે વખતની પ્રભુની વેદના અને તે વખતે બનેલા બનાવો, તેના દિલને હચમચાવી નાંખે છે. તેને પોતાની ભૂલ સમજાય છે. પસ્તાવો થાય છે. તેનું હ્દય રડીને પ્રભુની માફી માંગે છે. અને માફી પ્રાપ્ત થતાં મોડે મોડે પણ તેનામાં હિંમત આવે છે. માર્ક જણાવે છે કે તે હિંમતથી પિલાતની પાસે જઈને ઈસુના શબની માંગણી કરે છે (માર્ક ૧૫ : ૪૩) અને આમ ને ગુપ્ત શિષ્ય મટી, જાહેરમાં શિષ્ય બને છે.

યહૂદી નિયમ પ્રમાણે દોષિત માણસને વધસ્તંભ કે વૃક્ષપર લટકાવવામાં આવે ત્યારે તેના શરીરને આખી રાત લટકાવી રાખવામાં ન આવે. નહિતર આખો દેશ શાપિત બની અશુદ્ધ થાય. (પુન. ૨૧ :૨૨, ૨૩) જ્યારે રોમન સામ્રાજ્યના નિયમ પ્રમાણે

વધસ્તંભે લટકાવેલ વ્યક્તિને તેનું શરીર કહેવાઈ જાય ત્યાં સુધી લટકાવી રાખવું જોઈએ. જો કે રોમન સામ્રાજ્યના નિયમમાં એવી છુટ પણ હતી કે અપરાધીનાં સગાવ્હાલાં કિંમત ભરીને તે વ્યક્તિના મૃત શરીરને ઉતારી, દફનક્રિયા કરી શકે.

જો કે અરીમથાઈનો યોસેફ ઈસુનો સગો નહોતો પણ પૈસાદાર હોવાથી તે મોં માગી કિંમત પિલાતને આપી શકે. તેણે પિલાતને વિનંતી કરી તે દ્વારા તે હવે જાહેર કરે છે કે તે પણ પ્રભુ ઈસુનો શિષ્ય છે.

રાત પડવા આવી હતી. યોહાન પ્રભુ ઈસુની માતા મરિયમને લઈને નગરમાં ગયો. પીતરે પ્રભુ ઈસુનો નકાર કર્યો અને બીજા શિષ્યો વિખેરાઈ ગયા. કોઈકે તો કશું કરવું જ રહ્યું. યોસેફ પોતે સાધનસંપન્ન અને પૈસાદાર હતો. તેથી તે પ્રભુ ઈસુના શબની માગણી કરે છે. આ વખતે આવી પડનાર મુશ્કેલીઓ અને સતાવણીના ભયથી તે જાણકાર હતો. તેથી શરૂઆતમાં અવગણના કરી, હિંમત પ્રાપ્ત કરી પિલાત પાસે એકલો જાય છે અને માગણી કરે છે. પિલાત જ્યારે રજા આપે છે ત્યારે યોસેફ નિકોદિમસ (બીજો ગુપ્તશિષ્ય)ની મદદથી પ્રભુ ઈસુના શબને વધસ્તંભ પરથી નીચે ઉતારી દફન માટે તૈયાર કરે છે. યોસેફ કિંમતી કફન લાવે છે જ્યારે નિકોદિમસ તો અઢી મણ બોળ તથા અગરનું મિશ્રણ લાવે છે. (યોહાન ૧૯:૩૯) આ બંનેએ પ્રભુ ઈસુના શબને દફન માટે તૈયાર કરી શણના કફનમાં વિટાળી, યોસેફે પોતાના માટે તૈયાર કરેલી નવી જ કબરમાં મૂકવું અને ત્યારબાદ કબર ઉપર એક મોટો પત્થર ગબડાવીને મૂક્યો.

આમ યોસેફ અને નિકોદિમસનું જાહેર શિષ્યપણું મધરાત પછી શરૂ થાય છે, જે પ્રભુને આનંદ આપવા માટે ઘણું જ મોડું થએલું ગણાય. મૃત્યુ સુધી રાહ જોવડાવી, છેવટે પરિસ્થિતિનો સ્વીકાર કરવો તે ખરેખર ખૂબ જ દયાપાત્ર છે.

**યોસેફને દિલાસો :**

પત્થર જે રીતે ગબડાવીને કબરની ધાર પર ગોઠવાયો તે વિષે યોસેફને બહુ ઓછી જાણકારી હતી. કોઈપણ પત્થર દેવના પુત્રના સામર્થ્યને રોકી શકે નહિ. પ્રભુ પોતે પત્થરને ગબડાવી, કબર ઉઘાડી બહાર આવે છે અને આપણા જીવનમાં ડોકિયું કરે છે. નિષ્ફળતાઓ, નિરાશાઓ, હાર, હતાશા વગેરેથી ગલગથાની વાડીને હાનિ પહોંચી હતી. દુ:ખી હ્રદયે આપણે કદાચ કબર ઉપર આ પત્થરને મહોર (સીલ) મારી દઈએ. તેથી કાંઈ પ્રભુનું સામર્થ્ય અટકી જતું નથી. પ્રભુ પાસે તો કબર ખોલવાના ઘણા રસ્તા છે અને તે દ્વારા તે આપણને મુક્ત કરી શકે છે.

યોસેફને કશી જ ખબર નહોતી. તે તો ભારે હ્રદયે, હા, કબર પરના ભારે પત્થર જેવા ભારે હ્રદયથી, કબરેથી પાછો આવે છે. અને માત્ર ૩૬ કલાકમાં જ તેની પ્રભુના દફનની વિધિ નિષ્ફળ બની જાય છે. મોટો પત્થર ગબડી જાય છે કફનને વાળીને એક તરફ મૂકવામાં આવે છે. અત્તર અને સુગંધીઓ જે મરિયમ માગદાલેણ અને નિકોદિમસ લાવ્યા હતા તે બિનઉપયોગી બની જાય છે.

જો કે આ બધું નકામું બની જતું હોવા છતાં, એક નાનું કૃત્ય

તેઓએ કર્યું હતું, મોડે મોડે પણ પ્રભુનો જાહેરમાં સ્વીકાર કરી તેના દફનની વિધિ કરી હતી. તેથી પ્રભુ જ્યારે પાછા સજીવન થયા અને જાણ્યું કે મારા મૃત શરીરના દફન માટે, છેલ્લા અંધકારમય સમયમાં આ લોકોએ કેટલી કાળજી લીધી, તેનાથી કેટલો આનંદ થયો હશે ?

ભલે ઘણાં વર્ષો, સમય અને શક્તિ વેડફાઈ ગયાં હોય તો પણપ્રભુ પાસે આવવામાં મોડું થતું નથી. ઉત્થાન પામેલા પ્રભુ હાથ પ્રસારી હજુ પણ, પછી તે પસ્તાવિક ચોર હોય કે અરીમથાઈનો યોસેફ હોય કે આપણે હોઈએ, પણ દરેકને તે બોલાવે છે અને સ્વીકારે છે. પ્રભુનો ધીરો, મીઠો અવાજ હજુ પણ આપણને બોલાવે છે ? શું આપણે હજુ પણ પ્રભુને રાહ જોવડાવી દુઃખી કરીશું ?



# ૧૧. રાજા હેરોદ

પ્રભુ ઈસુની ત્રીજી અદાલતી તપાસ થાય છે રાજા હેરોદની કોર્ટમાં. આસપાસ ઊભેલા મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓ ઈસુ ઉપર ઝનૂનપૂર્વક આક્ષેપોનો મારો ચલાવી રહ્યા છે, હેરોદ તેમને કુતૂહલવશ પ્રશ્ન પૂછે છે. સૈનિકો ક્રૂરતાપૂર્વક ઠઠ્ઠા કરે છે ત્યારે માત્ર મૌન રહીને ઈસુ આખા દૃશ્યને પોતાના ગૌરવથી ભરી દે છે. કાયાફાના પ્રશ્નોના તેમણે ઉત્તરો આપ્યા હતા. ભવિષ્યવાણીઓની વાત કરી હતી. વૃદ્ધ આન્ના સામે તે કાયદાકીય હકની રજૂઆત કરે છે. પિલાત પાસે તે સત્ય અને સત્તાની વાત કરે છે. પીતરની સામે ચેતવણીભરી દૃષ્ટિ કરે છે, પરંતુ હેરોદ પાસે તો તે માત્ર મૌન જાળવે છે. હેરોદ સાથે આવું વર્તન કેમ? બાઈબલ અને ઈતિહાસ જણાવે છે કે રાજા હેરોદ વ્યભિચારી હતો. મુશ્કેલીનું મૂળ ત્યાં છે.

**હેરોદની કારકિર્દી :**

પવિત્રશાસ્ત્ર હેરોદ વિષે જણાવે છે. ઈ.સ. ૪૦ B.C. જેને રોમન સેનેટે યહૂદીઓનો રાજા બનાવ્યો હતો તે હેરોદ, જે પ્રભુ ઈસુના જન્મની કથામાં માગીઓને મળે છે અને બેથલેહેમની સીમમાંનાં બે વર્ષ કે તેથી નીચેનાં બાળકોની ક્રૂર કતલ કરાવે છે. બીજો છે હેરોદ આન્તિપાસ, જે ઈ.સ. ૪ B.C. માં રાજા બને છે

અને સુવાર્તાઓમાં તેના જ વિશે લખાયેલું છેઃ ત્રીજો હેરોદ છે હેરોદ આગ્રીપ્પા છે, જે પીતરને કારાવાસમાં પૂરે છે. યોહાનના ભાઈ યાકોબની હત્યા કરાવે છે. મંડળીની સતાવણી કરી છે અને સંત પાઉલના ઉપદેશથી લગભગ ખ્રિસ્તી બની જવાની અણી ઉપર આવે છે.

વધસ્તંભના વૃત્તાંતમાં જે હેરોદની વાત છે તે છે હેરોદ આન્તિપાસ. મહાન હેરોદના પુત્ર તરીકે તેને યહૂદી ધર્મની તાલીમ મળી છે. મહાન હેરોદે પોતાના રાજ્યને ચાર ભાગમાં વહેંચી દઈ યહૂદિયાનો ભાગ એક તેના પુત્ર આર્કેલાઉસને, ને ગાલીલનો પ્રદેશ તેના પુત્ર હેરોદ આન્તિપાસને સોંપ્યો હતો. આ હેરોદ આન્તિપાસે રોમમાં શિક્ષણ લીધું હતું. અને તેના પિતા - મંદિર બાંધનાર હેરોદની જેમ - તે પણ બાંધકામનો શોખીન હતો. તેણે બાંધેલું તિબરિયસનું શહેર આજે પણ છે. તે અરબસ્તાનના રાજા આરેતાસની પુત્રીને પરણ્યો હતો.

**હેરોદની પસંદગી :**

તેના લગ્ન પછી જ તેની જિંદગીનો સળગતો પ્રશ્ન ઊભો થયો. રોમમાં તેના પિતરાઈ ફિલિપની મુલાકાત દરમ્યાન તે ફિલિપની પત્ની હેરોદિયાસના પ્રેમમાં પડયો. લગ્નની વાતચીતો ચાલી, પછી હેરોદિયાસે એક શરત મૂકી : જો હેરોદ તેની કાયદેસરની પત્ની, એટલે કે તે આરેતાસની પુત્રીને છૂટાછેડા આપી દે તો હેરોદિયાસ તેની સાથે રહેવા આવે. હવે પસંદગી હેરોદે કરવાની હતી.

શું તે ઈશ્વરના નિયમશાસ્ત્રનો ભંગ કરે ? પુનર્નિયમ ૧૪ : ૧-

૪ પ્રમાણે તો પુરુષને તેની પત્નીને છૂટાછેડા આપવાની છૂટ હતી ને છૂટાછેડા પામેલ પત્નીને ફરી પરણવાની પણ છૂટ હતી. આમ હેરોદ પોતાની કાયદેસરની પત્નીને છૂટાછેડા આપી શક્યો હોત ને જો ફિલિપે હેરોદિયાસને છૂટાછેડા આપ્યા હોત તો મોશેના આ બેવડા ધોરણને નકારી કાઢી સાફ જણાવે છે કે, “જે કોઈ પોતાની પત્નીને છૂટાછેડા આપીને બીજી સાથે પરણે છે તે પોતાની પત્નીની વિરુદ્ધ વર્તી વ્યભિચાર કરે છે અને જો પત્ની પોતાના પતિને છૂટાછેડા આપી બીજા સાથે પરણે છે તો તે વ્યભિચાર કરે છે.” (માર્ક ૧૦ : ૧૧-૧૨) ઉપરાંત, લેવીયના પુસ્તકમાં પણ મોશેએ નિયમ આપ્યો છે કે, “જો કોઈ પુરુષ પોતાના ભાઈની પત્નીને રાખે તો એ ભ્રષ્ટાચાર કરે છે, તેણે પોતાના ભાઈની આબરૂ લીધી છે. (લેવીય ૨૦ : ૨૧) ઉપરાંત, હેરોદિયાસને શલોમી નામે દીકરી પણ હતી.

આમ, મોશેનું નિયમશાસ્ત્ર હેરોદને પોતાના ભાઈની પત્નીને પરણવાની મંજૂરી આપતું નહોતું, ઉપરાંત, કાયદેસરની પત્નીનું શું કરવું ? એને આપેલા પવિત્ર વચનોનું શું કરવું ? સામે પક્ષે યહૂદી પ્રજા હતી. યહૂદી પ્રજા ઉપર આવું લગ્ન કેવો દાખલો બેસાડે ?

હેરોદ કંઈ મૂર્ખ નહોતો. હેરોદિયાસ સાથે લગ્ન કરવામાં જે જોખમો હતાં તે જાણતો તો. હવે શું કરવું ? શું ઈશ્વરના નિયમોને માન આપવું, સારો પતિ અને પિતા બનવું કે પોતાની વાસનાઓને રવાડે ચડી ઈશ્વરના નિયમોનો ભંગ કરવો ? પોતાની પ્રજાને ખોટો દાખલો બેસાડવો ? પત્ની પ્રત્યે બેવફાઈ આચરવી ? જાણીબૂઝીને હેરોદે બીજો વિકલ્પ સ્વીકાર્યો અને હેરોદિયાસને લઈ આવ્યો. કાયદેસરની પત્નીને છૂટાછેડા આપ્યા વગર, હેરોદિયા સાથે

કાયદેસરના લગ્ન કર્યા વગર.

**હેરોદની તક :**

ઈસુ ખ્રિસ્તની સુવાર્તામાં એવાં સ્પષ્ટ એંધાણ મળે છે કે વ્યભિચાર જેવા પાપમાંથી પણ માણસને બચવાની તક છે. ઈશ્વર તો દયાસાગર છે, કૃપાના અખૂટ ભંડાર છે. વ્યભિચાર કરતાં પકડાયેલી સ્ત્રીને પણ ઈસુ કહે છે કે, "હું પણ તને સજા કરતો નથી. જા, હવેથી પાપ કરીશ નહિ." (યોહાન ૮ : ૧૧) ઉડાઉ દીકરાના દૃષ્ટાંતમાં પણ, મોટા ભાઈના ન્યાયી વિરોધ છતાં, ક્ષમાવાન પિતા તેના ભટકી ગયેલા પુત્રને બિનશરતી રીતે આવકારે છે. (લૂક ૧૫ : ૨૦-૩૧) પોતે વ્યભિચારી નથી એવું કહેનાર ફરોશીને ઈસુ સુચવે છે કે, જે વ્યભિચારીઓ પોતાનાં પાપ નમ્રતાથી કબૂલે છે અને ક્ષમાની યાચના કરે છે તેમને માટે ઈશ્વરના રાજ્યમાં પ્રવેશવાની તકો છે જ. (લૂક ૧૯ : ૯-૧૪) ઈશ્વર ક્ષમાનાં દ્વારો હંમેશા ખુલ્લા રાખે છે. અને આવી જ તક પ્રભુના સેવક-સ્નાન સંસ્કારક યોહાનના રૂપમાં હેરોદને મળે છે.

યોહાનની તો હિંમતભરી ધર્મસેવા હતી. સેંકડો પાપીઓને માટે પશ્ચાત્તાપ અને પાપોની માફી મળવાનું નિમિત્ત બન્યા હતા. સામાન્ય લોકોને તે કહે છે કે, "જેની પાસે બે પહેરણ હોય ને જેની પાસે એક પણ ન હોય તેની સાથે વહેંચી લે." જકાતદારોને પણ તે કહે છે કે, "ઠરાવ્યા કરતાં વધારે ન ઉઘરાવો." (લૂક ૩ : ૧૩-૧૪) હેરોદને તે હિંમતપૂર્વક કહે છે કે, "તમારા ભાઈની સ્ત્રી સાથે રહો છો તે અધર્મ છે ગેરકાયદેસર છે." (માર્ક ૬ : ૧૮) તેથી જ ઈસુ કહે છે કે, "સ્નાન સંસ્કારક કરતાં વધુ મોટો માનો જણ્યો

ધરતી ઉપર પેદા થયો નથી." (માથ્થી ૧૧ : ૧૧) હેરોદ આથી જ યોહાનને કેદખાનામાં પૂરી દે છે. હેરોદિયાસ યોહાનની હત્યા કરવાનું વિચાર્યા કરે છે.

હેરોદ યોહાનને કેદમાં તો પૂરે છે પણ પોતાના અંતરઆત્માને શાંત કરી શકતો નથી. આમાં જ હેરોદ માટે આશા હતી. હેરોદ યોહાનને પવિત્ર અને ધર્મિષ્ઠ પુરુષ માનતો હતો એટલે તેમનાથી ડરતો હતો અને તેમનું રક્ષણ કરતો હતો. તે જ્યારે યોહાનને સાંભળતો ત્યારે તેનું અંતર અસ્વસ્થ થઈ જતું, છતાં તેને સાંભળવું ગમતું." (માર્ક ૬ : ૨૦) આ કેવા બે વિરોધી લાગે તેવા માણસો છે! હેરોદ ઈન્દ્રિયસુખમાં રાચનારો ભોગવિલાસી છે, યોહાન ઈન્દ્રિયદમન કરનાર તપસ્વી છે. હેરોદ મહત્ત્વકાંક્ષી છે, યોહાન ઈસુને પ્રથમ ગણી, પોતાની નમ્રતા દર્શાવે છે. હેરોદને માટે પ્રભુ શિયાળ જેવો શબ્દ વાપરે છે. (લૂક ૧૩ : ૩૨) હેરોદ લુચ્ચો છે, યોહાન સ્પષ્ટવક્તા છે. હેરોદ સંપૂર્ણપણે જગતના છે. યોહાનને આ દુનિયામાં રસ નથી. જુઓ એનો ખોરાક ને વસ્ત્રો ! હેરોદ યોહાનને કેદખાનામાંથી બોલાવીને તેનું સાંભળે છે, પરંતુ જેવો તે હેરોદિયાસ પાસે જાય છે કે તરત જ તેની આત્મિક શબપેટીમાં એક ખીલો વધારે મારે છે.

કેટલાંક માણસોનું પણ આવું જ હોય છે. તેઓ જાતિગત પૂર્વગ્રહોને કારણે, આર્થિક રીતે શોષાતા હોવાને કારણે કે યુદ્ધ કે વિનાશને કારણે ઈસુના શિક્ષણને અવ્યવહારુ ગણે છે કે ગણાવે છે. પરંતુ તેઓ ઈસુના શિક્ષણનો સંપૂર્ણ અનાદર કરી શકતા નથી. તેઓ હેરોદની જેમ ઈશ્વરના સત્યને કેદખાનામાં પૂરી દે છે. પરંતુ

તેમને પણ તે સાંભળવાની અને પસંદગી કરવાની ફરજ પડે છે.

**હેરોદની અધમતા :**

હેરોદને ઈશ્વરે તક તો જરૂર આપી પરંતુ તેણે તે તકને ઝડપી લેવાને બદલે સમય પસાર કરવાનું ચાલુ રાખ્યું. બીજી તરફ "હેરોદિયાસ યોહન તરફ અદાવત (કીનો) રાખતી હતી, અને તેમને મારી નાખવા ચાહતી હતી." (માર્ક ૬:૧૯) હવે એને તક મળી ગઈ. હેરોદની વર્ષગાંઠનો દિવસ હતો. મહેલમાં હેરોદના સેનાપતિઓ, ઉમરાવો અને ગાલીલના આગેવાનો મિજબાની માણતા હતા. હેરોદિયાસે આ તક ઝડપી લીધી. હેરોદિયસની દીકરી શલોમીએ અરબી નૃત્ય કરી હેરોદ અને તેના મહેમાનોને ખુશ કરી દીધા. હેરોદ અઘટિત વચન આપી બેઠો, "માગ, માગ, જે માગે તે આપું તું મારું અર્ધું રાજ્ય માગશે તો તે પણ આપીશ." (માર્ક ૬ : ૨૨-૨૩) છોકરીએ બહાર જઈને તેની માને પૂછ્યું, માએ કહ્યું, "સ્નાનસંસ્કારક યોહાનનું માથું માગ." તે છોકરીએ તરત જઈને કહ્યું, "મને અત્યારે જ સ્નાનસંસ્કારક યોહાનનું માથુ થાળીમાં મૂકીને આપો."

હવે હેરોદ શું કરે ? હેરોદ વરદાન આપી બેઠો હતો. હવે પોતાના શબ્દથી તે પાછો ફરી શકે તેમ નહોતો. મહત્ત્વના માણસોની સમક્ષ તેણે વચન આપ્યું હતું ને હવે તો તેની પ્રતિષ્ઠા અને તેનું અભિમાન બંને જોખમમાં આવી પડયાં હતા. નૈતિક ધોરણો સાચવવા કરતાં ટોળાની આગળ આબરૂ સાચવવી તે તેને વધુ યોગ્ય લાગ્યું. તરત તેણે એણે એક જલ્લાદને યોહાનનું માથુ લઈ આવવાનો હુકમ કર્યો. આમ એણે ફરીવાર નૈતિક અપરાધ કર્યો. આ કટોકટીમાં

હેરોદ નિષ્ફળ ગયો. યોહાનની હત્યાથી ઈશ્વરનો અવાજ તેને માટે ગુંગળાઈ ગયો.

**હેરોદ અપરાધી સાબિત થાય છે :**

ઈસુ જ્યારે ક્રૂસારોપણની વહેલી સવારે હેરોદ આગળ શાંત ઊભા હતા ત્યારે હેરોદનો ભૂતકાળ ફરી સજીવન થયો. હેરોદ જિજ્ઞાસા ને આતુરતાથી યોહાનનું સાંભળ્યું હતું. તેથી "હેરોદ લાંબા સમયથી ઈસુને જોવા ઇચ્છતો હતો." (લૂક ૨૩ : ૮) કેટલાક તો એવું પણ કહેતા હતા કે "યોહાન મૃત્યુલોકમાંથી સજીવન થઈને ઈસુરૂપે પાછા આવ્યા છે." (લૂક ૯ : ૭-૯) હેરોદ મૂંઝાઈ ગયો હતો. વળી, તે ઈસુ કોઈ ચમત્કાર કરે તેમ ઈચ્છતો હતો. (લૂક ૨૩ : ૮) "તેથી તેણે ઈસુને પુષ્કળ પ્રશ્નો પૂછયા, પણ ઈસુએ કંઈ જ જવાબ ન આપ્યો." (લૂક ૨૩ : ૯) હેરોદે ઈસુને શું પૂછયું હશે? શું યોહાન બાપ્તિસ્મી વિશે પૂછયું હશે ? શું એવું પૂછયું હશે કે, "શું યોહાન સાચા હતા અને હેરોદિયાસ સાથેનો તેનો વ્યવહાર ખોટો હતો ?" આપણે કંઈજ જાણતા નથી.

હેરોદે શાંત ઈસુને પ્રશ્ન પૂછયા હશે, ત્યારે જરૂર તેના અંતરાત્માએ તેને પોતાને અપરાધી ને ગુનેગાર ઠેરવ્યો હશે જ. પરંતુ ઈસુ કંઈ જ બોલ્યા નહિ. મરતા પસ્તાવિક ચોર માટે એમની પાસે ઉદ્ધાર હતો, રોમન સૈનિકો માટે માફી હતી. રડતી સ્ત્રીઓ માટે દુઃખ હતું. પોતાની માતા મરિયમ માટે પણ ચિંતા હતી, પરંતુ હેરોદ માટે તેમની પાસે કંઈ જ નથી. યોહાને ઈશ્વરના અવાજને ગૂંગવાળી દીધો હતો. અત્યારે તો ઈસુ હેરોદ નામના ન્યાયાધીશ સમક્ષ ઊભો હતો. હેરોદે તેથી બચાવ પ્રયુક્તિનો આશ્રય લઈ ઈસુની

મશ્કરી ઉડાવી તેમના ઠઠ્ઠા કર્યા, અપમાન કર્યું. ફરી એક નૈતિક કટોકટીમાં હેરોદ નિષ્ફળ નીવડયો અને તેણે ઈસુને પિલાત પાસે પાછા મોકલ્યા.

**હેરોદનો અંત :**

હેરોદે પોતાની કાયદેસરની પત્નીને છૂટાછેડા આપ્યા. તેથી તેના પિતા રાજા આરેટસે હેરોદ સામે યુદ્ધ કર્યું અને હેરોદના લશ્કરનો સંહાર કર્યો. જોસેફસ નામના ઈતિહાસકારના મત પ્રમાણે હેરોદે યોહાનનું ખૂન કરાવ્યું હતું તેથી તેને આ હાર સહન કરવી પડી. હેરોદ રોમમાં ફરીયાદ કરવા ગયો તો તેના ઉપર ગેરવહીવટનો આરોપ મૂકી A.C. ૩૯માં ગોલમાં દેશનિકાલ કરવામાં આવ્યો. હેરોદિયાસનું પણ એવું જ પતન થયું. તે નિરાધાર અને દુઃખીદુઃખી થઈ ગઈ. ઈશ્વરના અવાજને ગુંગળાવી દેનાર હેરોદ પણ દુઃખીદુઃખી થઈને મર્યો.



# ૧૨. ઈસુનાં વસ્ત્રો માટે જુગાર ખેલતા રોમન સૈનિકો

"(રોમન સૈનિકોએ) ઈસુને ક્રૂસે જડી દીધા અને કોણે શું લેવું એ વિશે ચિઠ્ઠીઓ નાખીને તેમનાં કપડાં માંહોમાંહે વહેંચી લીધાં." (માર્ક ૧૫-૨૪) ક્રૂસારોહણના બધા પ્રસંગોમાં આ પ્રસંગ સહેલાઈથી ભુલાઈ જાય છે. વધસ્તંભના મજબૂત આડાં ને ઊભાં લાકડાં ઉપર લોહી નીકળતું ઈસુનું શરીર, માંસ અને હાકડાંને ભેદીને અંદર જતા વીંધતા ખીલા, વજનદાર વધસ્તંભને સૈનિકોએ ઊભો કરતાં તેમના શરીરે અનુભવેલી પારાવાર યાતના, ધીમે ધમે પથરાતા મૃત્યુના ઓળા, રિબાવી નાખતી ભૂખ અને તરસ, ઉપર ઊડતાં માંસખાઉ પક્ષીઓ - આ બધા વચ્ચે કોઈ મિત્રો કોઈ ગુનેગારને ઊપાડી ન જાય તે માટે રોમન સૈનિકો ચોકી કરતાં ઊભા છે, ને ત્યારે એ ગુનેગારનાં કપડાં વહેંચી લેવા જુગટું રમે છે. આ કંઈ માણસોને ગમી જાય તેવું દશ્ય નથી. સૈનિકોની પાશવી દયાહીનતા, ક્રૂરતા અને માનવી જીવન પ્રત્યેની બેપરવાઈ વિશે ભાગ્યે જ કોઈને પણ વિચારવાનું ગમે. તેમ છતાં ચારેચાર શુભસંદેશ લેખકો ચિઠ્ઠીઓ નાખીને ઈસુનાં કપડાં વહેંચી લેવાનો પ્રસંગ નોંધે છે. યોહાન તો આમાં ગીતશાસ્ત્ર ૨૨ : ૧૮ માં ઉચ્ચારાયેલી મસીહ વિશેની ભવિષ્યવણી પૂર્ણ થયેલી જૂએ છે. "ઈસુને વધસ્તંભે જડયા પછી સૈનિકોએ તેમનાં વસ્ત્રો અને ઝભ્ભો જે સાંધા વગરનો હતો,

ઉપરથી તે નીચે સુધી ગૂંથેલો હતો, એટલે તેઓ એકબીજાને કહેવા લાગ્યા "આપણે એ ફાડવો નથી. ચિઠ્ઠી નાખીને નક્કી કરીએ કે તે કોને ભાગે જાય છે." આમ શાસ્ત્રવચન સાચું પડયું કે, "તેમણે મારાં કપડાં વહેંચી નાખ્યાં, સિપાઈઓએ એ પ્રમાણે કર્યું." (યોહાન ૧૯ : ૨૩-૨૪)

રોમન રિવાજ પ્રમાણે જલ્લાદો કે ફાંસીએ ચડાવનારા કેદીની વસ્તુઓ લઈ શકે, આથી ઈસુને ક્રૂસના પાટડા સાથે ખીલા લગાવી ક્રૂસને જમીનમાં રોપ્યો હશે, અને ગુનેગારનું મૃત્યુ થાય ત્યાં સુધી થોભવાનું હોવાથી તેમણે ઈસુનાં કપડાં વહેંચી લેવાનું ઠરાવ્યું હશે. તે સમયના યહૂદી રિવાજ પ્રમાણે ઈસુનાં વસ્ત્રોમાં સેન્ડલ, અંદર પહેરવાના વસ્ત્રો, ઝભ્ભો વગેરે હશે. આ બધું વહેંચાઈ ગયું પણ ઝભ્ભો રહ્યો. આ ઝભ્ભો ઉપરથી નીચે સુધી સીવી લીધેલો અને મોટે ભાગે ગુંથેલા ઉનનો હશે. ચાર ભાગ કરવા એ મુશ્કેલ હતું. તેથી તેમણે ચિઠ્ઠીઓ નાખી.

આ કંઈ તદ્દન બદમાશ સૈનિકો ન હતા. તેઓ તો માત્ર હુકમનો અમલ કરતા હતા. વસ્ત્રોમાં કંઈ બહુ લાભ ખાટવાનો ન હતો. પરંતુ ઈસુના ક્રોસની સર્ચલાઈટમાં આ સૈનિકોની નઠોરતા કે લાગણીહીનતા ધ્યાનપાત્ર ને અકળાવનારી લાગે છે. આ સૈનિકોને જાણે કે કોઈનું મૃત્યુ થયું છે કે થઈ રહ્યું છે એવી કશી લાગણી થતી દેખાતી નથી. આવા સૈનિકો આજે પણ ઈસુને વધસ્તંભે જડે છે. સૈનિકો ઈસુનાં વસ્ત્રો સુધી પહોંચી શક્યા પણ સત્ય સુધી પહોંચી શકયા નહિ.

વધસ્તંભે જડવાની શિક્ષા એ ભયંકર અને ક્રૂર શિક્ષા છે. આખા

રોમન સામ્રાજ્યમાં રોમનો તેનો ઉપયોગ કરતા, પણ રોમન નાગરિકો માટે તેનો અપવાદ કરતા. યહૂદીઓમાં પથ્થરે મારી મારી નાખવાની ક્રૂર સજા હતી. એમાં ગુનેગારને પહેલાં તો કોઈ ખડક ઉપરથી ગબડાવી દેવામાં આવતો . પછી તેના પર પથ્થરોનો વરસાદ વરસતો. વધસ્તંભની સજાની ભયાનકતા ઘટાડવા યહૂદીઓએ તેમાં સરકામાં બોળેલી વાદળી ગુનેગારને ચૂસવા માટે આપવાની છૂટ મેળવી હતી.

**શોષણ અને લૂંટ :**

કોઈના દુઃખમાંથી કંઈક સ્વાર્થ સાધવાની વૃત્તિ યુગોપુરાણી છે. ગુલામી, કાળી ખેતમજૂરી, બાળકોનું શોષણ સ્ત્રીઓનું શોષણ, ઓછા વેતનો - આ બધું તો સૈકાઓથી ચાલે છે. યાકોબ ૫ : ૪માં લખ્યું છે કે, "તમે ખેતરમાં કાપણી કરનારાની મજૂરી દગો કરીને રોકી રાખી છે, તમે પૃથ્વી ઉપર મોજશોખમાં અને ભોગવિલાસમાં જીવ્યા છો. તમે નિર્દોષ માણસ જે તમારો સામનો કરતો હતો તેને દોષિત ઠરાવી, તેના પ્રાણ લીધા છે."

આપણે કેવી રીતે પૈસા મેળવીએ છીએ ? આપણે કેવી રીતે આપણી માલમિલકતો એકઠી કરીએ છીએ ? શું એ કોઈના લોહીનો પૈસો છે ? શું કોઈ ઉપર થયેલા-ગુજારેલા જુલમનો કે શોષણનો પૈસો છે ? શું એ લાંચમાંથી મેળવેલું ધન છે ? શું આપણે કોઈના દુઃખમાંથી, વેદનામાંથી, રોમન સૈનિકોએ કર્યું હતું, તેમ કંઈક મેળવી લઈએ છીએ ? આ પ્રશ્નો ગંભીર વિચાર માંગી લે છે.



# ૧૩. થોમા

અશ્રધાળુ થોમાં તો અંગ્રેજી ભાષામાં 'Doubting Thomas' તરીકે પ્રખ્યાત બની ગયો છે. થોમા એટલે એક નિરાશાવાદી (Possimist). જે બનાવો કે પ્રસંગોનું અર્થઘટન કરતાં કશુંક અજુગતું થશે તેવું વિચાર્યા કરે, નિરાશાવાદી વલણ ધરાવતો હોય, અથવા એવો કોઈ સંશયાત્મા (Sceptic) હોય, જે'દશ્ય કે સ્પર્શી શકાય તેવા (નક્કર) પુરાવા વિના કશું સાચું ન માને, ખાતરી કર્યા વિના કશું માનવું નહિ એ તેનો સ્વભાવ હતો. શંકાશીલ થોમા તરીકેનું થોમા લેબલ તો સાચું છે. પણ શંકા કે અશ્રદ્ધામાંથી શ્રદ્ધા તરફ કઈ રીતે જવાય તે પણ થોમા આપણને શીખવે છે.

**શ્રદ્ધા અને સ્વભાવ :**

લાઝરસને ઈસુએ મૃત્યુમાંથી સજીવન કર્યો એ પ્રસંગના વર્ણન સાથે થોમાનું નામ શુભસંદેશોમાં મળે છે. ઈસુને જ્યારે મરિયમ તથા માર્થા તરફથી સંદેશો મળ્યો કે, લાઝરસ માંદો છે ત્યારે ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, "આપણે યહૂદીઆ જઈએ." શિષ્યોએ કહ્યું, "ગુરુજી, થોડા સમય પહેલાં તો યહૂદીઓ આપને પથ્થરે પથ્થરે મારી નાખવા તૈયાર થયા હતા, છતાં આપ ત્યાં પાછા જાઓ છો?" (યોહાન ૧૧ : ૮) શિષ્યોના વિરોધ છતાં, ઈસુએ બેથાનિયા જવામાં જોખમ હતું છતાં ત્યાં જવાનો નિર્ણય કર્યો. ત્યારે થોમાએ (અર્થાત્

જોડિયો) નિરાશાવાદી વલણ દર્શાવી કહ્યું, "ચાલો, આપણે પણ જઈએ અને તેની સાથે મરણને ભેટીએ." (યોહાન ૧૧ : ૧૬) જાણે કે થોમાને ખાતરી થઈ ચૂકી હતી કે આ મુસાફરીનું પરિણામ નિષ્ફળતા કે આફતમાં આવશે. છતાં ઈસુએ જવાનો આગ્રહ રાખ્યો એટલે તે સાથે ગયો. થોમામાં વફાદારી પણ હતી. મુશ્કેલી એની નિરાશાવાદી વલણની હતી. ઈસુને જીવન અને મૃત્યુ પર અધિકાર છે એ જાણે કે તેની સમજની બહાર હતું. સાચી વાત તો એ હતી કે પરાજય કે અપમાનને બદલે આ દુનિયાએ કયારેય પણ ન જોયેલા એના મહાન બનાવના તેઓ સાથી બનવાના હતા - એટલે લાઝરસને મૃત્યુમાંથી સજીવન કરવાનો ચમત્કાર.

થોમા બીજી વાર સુવાર્તામાં દેખાય છે ત્યારે પણ એટલે કે અંતિમ ભોજન વખતે એવું જ નિરાશાવાદી વલણ દેખાડે છે. ઈસુએ કહ્યું હતું, "તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો. ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો. મારા ઉપર પણ શ્રદ્ધા રાખો. મારા પિતાના ભવનમાં ઘણા ખંડો છે; એમ જો ન હોત તો મેં તમને જણાવ્યું હોત. હું તમારે માટે જગ્યા તૈયાર કરીશ, એટલે હું પાછો આવીશ અને તમને મારી સાથે લઈ જઈશ. જેથી હું જ્યાં હોઉં ત્યાં તમે પણ હો અને હું ત્યાં જાઉં છું ત્યાંનો રસ્તો તમે જાણો. (યોહાન ૧૪ : ૧-૪) પોતાની સ્વભાવગત બરછટતા ને ઉતાવળિયાપણાથી થોમા ઈસુને કહે છે, "પ્રભુ, આપ કયાં જાઓ છો એ અમે જાણતા નથી, પછી અમને રસ્તાની કયાંથી ખબર હોય ?" (યોહાન ૧૪ : ૫) આ શબ્દોમાં એનું નિરાશાવાદી વલણ જ પડઘાય છે. ગમે તેટલું ઈસુ ઉત્તેજન આપે પણ શંકાશીલતા ને નિરાશામાંથી થોમા બહાર નીકળી શકતો નથી.

થોમાને જાણે કે વસ્તુની ઊજળી બાજુ જોવાને બદલે અંધારી બાજુ જ જોવાની ટેવ પડી ગઈ છે. પાણીથી અર્ધો ભરેલો ગ્લાસ જોઈને આશાવાદી કહે, 'સરસ, ગ્લાસ અડધો તો ભરેલો છે !' નિરાશાવાદી કહે : અર્ધો જ ગ્લાસ ! થોમાનું પણ આવું જ છે.

**વિશ્વાસ અને વલણ :**

નિરાશાવાદી સ્વભાવ હોવો એ એક વાત છે. માણસ એના પર અંકુશ મેળવે છે કે કેમ તે બીજી વાત છે. આજ નિરાશાવાદી વલણ થોમાને એકલો પાડી દે છે. પુનરુત્થાનની સાંજે બીજા શિષ્યો ભેગા થાય છે. ત્યારે થોમાં ત્યાં હોતો નથી. ઈસુ તેઓની વચ્ચે પ્રગટ થાય છે, શિષ્યોનો ભય આનંદમાં ને ચિંતા શાંતિમાં બદલાઈ જાય છે. ત્યારે પણ થોમાં ત્યાં હાજર હોતો નથી કે નથી કોઈની સાથે ચર્ચા કરતો. ઈસુ શિષ્યોને કહે છે કે, "તમને શાંતિ થાઓ." ત્યારે પણ થોમાં ત્યાં હાજર હોતો નથી. ઈસુએ તો માત્ર શિષ્યોને જ નહિ પણ પોતાને નામે એકઠા થનાર બે કે ત્રણને પણ તેમની સાથે હોવાનું વચન આપ્યું હતું. (માથ્થી ૧૮ : ૨૦)

બીજા શિષ્યોએ થોમાને કહ્યું કે, "અમને પ્રભુનાં દર્શન થયાં છે", ત્યારે પોતાની શંકાને સંશયમાં ડૂબેલો થોમા કહે છે કે, "જ્યાં સુધી હું તેમને હાથે ખીલાના ચિહ્નો ન જોઉં અને ખીલાની જગ્યામાં મારી આગળી ન ઘાલું તેમ જ તેમના પડખામાં મારો હાથ ન ઘાલું ત્યાં સુધી હું માનું નહિ." (યોહાન ૨૦ : ૨૫) એ તો જાણે એમ કહી બેસે છે કે, "તમે તો ભયને કારણે બધું સાચું માની બેઠા છો. હકીકતમાં કશું બન્યું નથી."

થોમા તો વળી દૃશ્ય ને સ્પર્શી શકાય તેવા નક્કર પુરાવાની માગણી કરે છે. એને ખાતરી છે કે કોઈ પુરાવો મળવાનો નથી. તેથી એ શરતો રજૂ કરે છે. 'હું આમ કરી જોઉં, હું તેમ કરી જોઉં, પછી માનું.' આવું બધુ કરતો હોવાને કારણે શિષ્યો થોમા પ્રત્યે બીજાં કરતાં વધારે લક્ષ આપતા હતા.

**શ્રદ્ધા અને દર્શન :**

એક અઠવાડિયા પછી શિષ્યો ફરી દરવાજા બંધ કરીને એક ઘરમાં ભેગા થયા હતા. આ વખતે થોમા પણ હાજર હતો. કદાચ, બીજા શિષ્યોએ તેને હાજર રહેવાનો આગ્રહ કર્યો હશે અને કસોટી કરવાની ઇચ્છાથી થોમાએ તેમની વાત સ્વીકારી હશે? શું ઈસુ ફરી પ્રગટ થશે? શું તે થોમાની શરતોનો સ્વીકાર કરશે ને પુરાવા આપશે? અચાનક ઈસુ ત્યાં પ્રગટ થાય છે ને કહે છે, "તમને શાંતિ હો !" પછી તે થોમાને કહે છે કે, "તારી આંગળી અહીં લાવ અને મારા પડખામાં ઘાલ. અવિશ્વાસ ખંખેરી નાખ અને શ્રદ્ધા રાખ." (યોહાન ૨૦ : ૨૭) એક પછી એક એમ ઈસુ થોમાની માગણીઓ સ્વીકારી લે છે. તે આ અશ્રદ્ધાળુને પોતાની કસોટી કરી જોવા પડકાર આપે છે. પુનરુત્થાનમાં શ્રદ્ધા રાખવી એ મુશ્કેલ જરૂર હતું, પણ અશક્ય નહોતું, અને તેથી જ થોમાની અશ્રદ્ધા અને શંકાઓ વચ્ચે ઈસુ તેને દૃશ્ય અને સ્પર્શી શકાય તેવા નક્કર પુરાવા આપે છે.

હવે બોલ થોમાના ટેનિસ કોર્ટમાં છે. શું તે પોતાની નિરાશા, શંકા અને અશ્રદ્ધા દૂર કરી શકશે? શું આંતરિક અશ્રદ્ધા પર શ્રદ્ધાનો વિજય થશે? ઈસુએ પોતે જ કહ્યું હતું, "જે મુસા અને પ્રબોધકોનું સાંભળતા નથી તેઓ જો કોઈ મૃત્યુ પામેલાઓમાંથી સજીવન થાય

તો યે તેઓ તેઓ સમજવાના નથી." (લૂક ૧૬ : ૩૦) થોડીક નાટયાત્મક શાંતિની ક્ષણો પ્રવર્તી રહી હશે. થોમાના મનમાં જબરદસ્ત સંઘર્ષ ચાલ્યો હશે.

અને થોમા, કસોટીમાંથી પસાર થઈ ગયો, એક જ ઉદ્દગારમાં "મારા પ્રભુ અને મારા દેવ." તે નિરાશામાંથી આશામાં અને અશ્રદ્ધાળુમાંથી શ્રદ્ધામાં દઢતાથી પગ મૂકે છે. એના પ્રથમ શબ્દોમાં જ વિશ્વાસનો રણકો છે. જે પ્રભુ ઈસુ તેની સામે ઊભા છે તે એ જ ઈસુ છે જેમને અનુસર્યો છે, જેમના ઉપર તેણે પ્રેમ રાખ્યો છે. તે પુનરુત્થાનની ચમત્કારિક ઘટનાને સ્વીકારે છે. 'મારા દેવ' એ શબ્દોમાં તે ઈસુનો દિવ્યતાને સ્વીકારે છે, અને **મારા** શબ્દોને કારણે એની સ્વીકૃતિ સંપૂર્ણ શ્રદ્ધાયુક્ત અને મજબુત બની જાય છે.

થોમાની શ્રદ્ધા એણે આંખોથી જે જોયું તેમાંથી એટલે દશ્ય પુરાવામાંથી આવે છે. એની શંકા અને અશ્રદ્ધા દૂર થઈ જાય છે ગભરાટમાં પડેલા શિષ્યોને એક નવું બળ મળે છે. વિંધાયેલા હાથ અને પગ નજરે જોવાથી તેમને ખાતરી થાય છે કે તેઓને કોઈ આભાસ થતો નથી, કોઈ ભ્રમણા થતી નથી પરંતુ તેઓ સ્પર્શી શકાય તેવા સત્યને નજરોનજર જુએ છે.

અત્યારે પણ થોમાં જેવા કેટલાક હશે. તેઓ જરૂર કહેતા હશે કે, "હું નજરે જોઉં તો માનું." આમ કેટલાક શરતો મૂકે છે. પરંતુ જ્યારે જ્યારે ભલાઈ ભૂંડાઈ ઉપર જીતે છે, પ્રેમ તિરસ્કાર પર વિજય મેળવે છે, ત્યાં પ્રભુ ઈસુ તેમના પરના પ્રેમને કારણે બદલાણ પામેલાં જીવનોમાં તેમના પુનરુત્થાનના સામર્થ્ય સાથે પ્રગટ થાય છે. ભલાઈ, પ્રેમ અને કરૂણાના એકેએક કૃત્યનાં ઈસુ ખીલાથી

વિંધાયેલા પોતાના હાથ અને પગ પોતાના સજીવન થયેલા શરીરમાં પ્રગટ કરે છે. થોમાને પ્રભુ ઈસુ કહે છે કે "મને જોયો છે એટલે તું વિશ્વાસ કરે છે; મને જોયા વગર પણ જે વિશ્વાસ કરે છે તેઓને ધન્ય છે." (યોહાન ૨૦ : ૨૯) જેમણે ઈસુને જોયા નહોતા તેવા પ્રથમ સૈકાના ખ્રિસ્તીઓને પીતર લખે છે કે, "આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પિતા અને ઈશ્વરને ધન્યવાદ હો. તેણે અપાર દયા બતાવીને ઈસુ ખ્રિસ્તને મરેલામાંથી ફરી સજીવન કરી આપણને નવજીવન બક્ષ્યું છે. નાશવંત સોના કરતાં તમારી શ્રદ્ધા તો અનેકગણી કિંમતી છે. તમે ઈસુને જોયા નથી છતાં તેમનાં ઉપર પ્રેમ રાખો છો, અત્યારે પણ તેમને તમે જોતા નથી છતાં તેમના ઉપર શ્રદ્ધા રાખો છો અને એટલો આનંદ અનુભવો છે કે જેનું વાણીમાં વર્ણન ન થઈ શકેઃ કારણ, તમે શ્રદ્ધાનું ફળ-તમારા આત્માની મુક્તિ – પામો છો." (૧લું પીતર ૧ : ૩, ૯)

આમ જોયા વગર પણ શ્રદ્ધા રાખી શકાય છે. કેવી રીતે ? પ્રભુના વચન દ્વારા. "બીજા પણ ઘણા ચમત્કારો ઈસુએ શિષ્યો સમક્ષ કર્યા હતા, જે આ પુસ્તકમાં નોંધ્યા નથી; પણ આ એટલા માટે નોંધ્યા છે કે ઈસુ એ ખ્રિસ્ત છે, ઈશ્વરનો પુત્ર છે એવી તમને શ્રદ્ધા બેસે અને એ શ્રદ્ધાને બળે તમે તેમને નામે જીવન પામો. (યોહાન ૨૦ : ૩૦-૩૧) અશુદ્ધ આત્માથી પકડાયેલા છોકરાનો બાપ જેમ બોલી ઊઠે છે, "મને તો શ્રદ્ધા છે, પણ એમાં જે ઊણપ છે તે દૂર કરો." (માર્ક ૯ : ૨૪) તેમ આપણે પણ પ્રભુને પોકારીએ કે તે પોતાના વચન દ્વારા આપણામાં રહેલી અશ્રદ્ધાને દૂર કરે અને આપણને વિશ્વાસનાં સાચાં સંતાનો બનાવે.



# ૧૪. એમ્મોસ જનાર પ્રવાસીઓ

જ્યારે ઈસુના શિષ્યો અને અનુયાયીઓ યહૂદીઓના ડરને લીધે યરૂશાલેમમાં બંધ બારણે ભરાઈ રહ્યા હતા ત્યારે કલીઓપાસ અને તેનો એક મિત્ર યરૂશાલેમથી એમ્મોસ જતા હતા. વિશ્રામવાર પછી ઈસુના આ પ્રથમ શિષ્યો જ યરૂશાલેમથી બહાર નીકળ્યા હતા. કોઈ જરૂરિયાતને લીધે કે નિરાશ થયા હોવાને કારણે અથવા કોઈ કામને કારણે તેઓ પગપાળા નીકળી પડયા હતા. કલાસીઓપાસ અને તેનો સાથીદાર કેવા પ્રકારના માણસો હતા ? કઈ મુશ્કેલીઓ અને શંકા સાથે કેવી રીતે વર્ત્યા ?

**જીવંત ચર્ચા :** યરૂશાલેમથી એમ્મોસ સાતેક માઈલ દૂર હતું. તેઓ રસ્તામાં બની ગયેલા બનાવો વિશે વાત કરતા હતા. (લૂક ૨૪ : ૧૪) સંત લૂક જણાવે છે કે તેઓ ચર્ચામાં ને દલીલોમાં મશગૂલ હતા. હિબ્રૂ ક્રિયાપદ ખૂબ જીવંત અને થોડીક ઉગ્ર એવી ચર્ચા સુચવે છે. ઈસુ આવીને તેમની સાથે ચાલે છે ને પૂછે છે, “તમે ચાલતાં શાની ચર્ચા કરો છો?” (લૂક ૨૪, ૧૭) ત્યાં વપરાયેલું હિબ્રૂ ક્રિયાપદ શાબ્દિક ઉગ્ર પ્રહારો સૂચવે છે.

એક અજાણ્યો માણસ તેમને પૂછે છે “તમે ચાલતાં ચાલતાં શાની ચર્ચા કરો છો ?” ત્યારે તેઓ ઊભા રહી જાય છે, તેમના ચહેરા ઉદાસ થઈ જાય છે (લૂક ૨૪ : ૧૭) આવી ઉગ્ર ચર્ચામાં એક

અણધાર્યો પ્રશ્ન એક અજાણ્યા માણસ તરફથી આવી પડે છે. તેઓ મૂંગા થઈ જાય છે, ને ઊભા રહીને પ્રશ્ન પૂછનારને ધારીને જુએ છે. પછી પૂછે છે, "શું યરૂશાલેમમાં તમે એક જ (મુલાકાતી) પ્રવાસી છો જેને આજકાલ ત્યાં શું શું બની રહ્યું છે તેની ખબર નથી?" (લૂક ૨૪ : ૧૮) ઈસુ પૂછે છે, "શું બની ગયું?" પછી તો પેલા બંને વિસ્તારથી જવાબ આપે છે. "તો એક સમર્થ પ્રબોધક હતા. મુખ્ય તે પુરોહિતોએ તેમને મોતની સજા કરી. તેમણે તેમને વધસ્તંભે જડી દીધા. આ વાતને ત્રણ દિવસ થઈ ગયા. અમારામાંની કેટલીક સ્ત્રીઓએ જોયું કે કબર ખાલી છે. તેમણે એક દૂતને જોયો, તેણે કહ્યું કે, 'ઈસુ જીવતા છે.' અમારામાંના કેટલાક કબરે ગયા પણ તેમને ઈસુનાં દર્શન ન થયાં."

આ ટૂંકા ટૂંકા વાક્યોમાં તેઓ આ અજાણ્યાને જે કંઈ યરૂશાલેમમાં બની ગયું તેનો રિપોર્ટ આપે છે, તેઓ એકબીજાની વાતોમાં પૂર્તિ કરતા જાય છે, ઉમેરતા જાય છે. આ બે પ્રવાસીઓ અન્ય શિષ્યોની જેમ ડઘાઈ ગયા નથી કે પૂરેપૂરા ગભરાઈ ગયા નથી. તેઓ તો ચર્ચા કરે છે.

આ બંને હકીકતમાં ચર્ચા કરનારા છે, ચાલનારા નથી. તેઓ યરૂશાલેમથી એમ્મોસ જતા રસ્તામાં ગરમાગરમ ચર્ચા કરે છે. આપણામાંનાં ઘણા એવા હોય છે, જે ચર્ચાઓ કરતાં થાકતા નથી. વાતચીત તો હોવી જોઈએ. માણસ વાત કરે તે ઉપરથી તે કેવો છે તેની ખબર નથી.

**વધુ બોલવાના જોખમો :**

ઈસુ તેપને કહે છે "ઓ મૂરખાઓ," – આ શબ્દે જે માણસ

પાસે જ્ઞાન નથી કે અપૂરતું જ્ઞાન છે તેને સૂચવે છે.

જો કે આ માણસો સંપૂર્ણપણ અજ્ઞાત નથી. ઈસુ તેમને શાસ્ત્રમાંથી સમજૂતીઓ આપે છે ત્યારે પાછળથી તેઓ કહે છે કે, "તે આપણી સાથે વાત કરતા હતા અને આપણને શાસ્ત્ર સમજાવતા હતા ત્યારે આપણાં અંતર અગ્નિની જેમ પ્રકાશિત નહોતા થઈ જતાં ?" (લૂક ૨૪ : ૩૨) જે માણસના અંતરો શાસ્ત્ર સમજતી વખતે ઝળાંઝળાં કેપ્રકાશિત થઈ જાત તે માણસોને જરૂર શાસ્ત્રનું થોડુંક જ્ઞાન તો હોય જ. તેમનો પ્રતિભાવ દર્શાવે છે કે પવિત્રશાસ્ત્રની તેઓને સમજણ જરૂર છે, પણ તે પૂરતી નથી. બોલબોલ કરતા માણસનું આ જ જોખમ છે તે ઘણીવાર અધૂરો અર્થ પામે છે તેની પાસે થોડીક માહિતી હોય છે અને પછી તે વાતચીત શરૂ કરી દે છે. જેમ જેમ તે વધુ ને વધુ બોલે છે તેમ તેમ ઓછું ને ઓછું સમજે છે.

ઈસુ વધુમાં તેમને "વિશ્વાસ કરવામાં મંદબુદ્ધિના" તરીકે સંબોધે છે. જે માણસ વાતોડિયા છે, ચર્ચાનો શોખીન છે તે વિશ્વાસ કરવામાં ધીમો સાબિત થાય છે. એને લાગે છે કે ચર્ચા ચાલ્યા જ કરવી જોઈએ, દલીલો પર દલીલ થવી જોઈએ, બધી શકયતાઓ તપાસવી જોઈએ. આથી જ સંત પાઉલ તિમોથીને લખતાં જણાવે છે કે, "એવી વાતો વિવાદ ઊભો કરે છે. તે ઈશ્વરની યોજનાને આગળ વધારતી નથી. ઈશ્વરની યોજના વિશ્વાસ પર આધારિત છે." (૧ તિમોથી ૧ : ૪) કેટલાક માણસો વાતો, વાતો, વાતો કે વિતંડાવાદમાં જ ડૂબેલા રહે છે. તેઓ ધર્મશાસ્ત્રના પંડિતો બનવા માગે છે, પરંતુ પોતે જે કહે છે તે સમજતા નથી ને સમજ્યા વગર જ આગ્રહપૂર્વક વિધાનો કરે છે. (૧ તિમોથી ૧ : ૭) તેઓ તો

અભિમાનથી ફુલાઈ જાય છે. અને કશું સમજતા નથી. (૧ તિમોથી ૬ : ૩) "તેમને કેવળ ચર્ચાની અને શાબ્દિક ઝઘડાની ચળ હોય છે." (૧ તિમોથી ૬ : ૪) તેઓને જ્ઞાનના ધર્મહીન વાગાડબરમાં (લવારામાં) અને કહેવાતા જ્ઞાનમાં રસ હોય છે. (૧ તિમોથી ૬ : ૨૦) તેમને સાચા ધર્મસિદ્ધાંતોમાં રસ હોતો નથી. તેઓ પોતાના જ્ઞાનની ચળ મટાડવા પોતાને મનગમતા ઉપદેશકોના ઝુંડ ભેગા કરે છે. તેઓ સત્ય સાંભળવાનું છોડી દઈ કપોળકલ્પિત કથાઓ તરફ વળી જાય છે. (૨ તિમોથી ૪ : ૩-૪) જે માણસો મંડળીમાં બોલબોલ કર્યા કરે છે અને વિશ્વાસ સુધી પહોંચતા નથી તેઓ વિશે પાઉલે આમ લખ્યું છે.

**શંકા અને નિરાશા :** એમ્મોસ જનાર પેલા બે કહે છે કે "અમને તો એવી આશા હતી કે જેને હાથે ઈઝરાએલની મુક્તિ થવાની હતી તે એ જ હતા." (લૂક ૨૪ : ૨૧) ઈસુ જીવતા હતા. સદેહે પૃથ્વી પર હતા ત્યારે તેમણે આવું કહ્યું નહિ હોય. હવે એમને લાગતું હતું કે તે નથી ત્યારે તેઓ કહે છે કે, "અમને આશા હતી." એમને તો લાગે જ છે કે ઈસુ મૃત્યુ પામ્યા છે અને હવે નથી. હવે જાણે કે તેઓ ચિંતામાંથી ને દબાણમાંથી મુક્ત થઈ ગયા છે.

**ચર્ચાનો યુગ :** આપણો યુગ એ ચર્ચાનો, વિવાદોનો, સેમિનારોનો, સંવાદોનો યુગ છે. કોઈ કમિટી નીમી દીધા પછી લોકોને લાગે છે કે વાત પૂરી થઈ ગઈ. આપણને વાતોમાં રસ છે. જો કે સંવાદ ખોટા નથી, પણ ચર્ચાઓથી સમસ્યાઓનો ઉકેલ આવી જાય છે તે વાત સંદતર ખોટી છે.

કેટલાક માણસો ઈસુ ખ્રિસ્ત વિશે બોલે છે જરૂર, પણ તેમને

સમર્પિત થતા નથી, વિશ્વાસ કરતા નથી. ખ્રિસ્તી ધર્મમાં આપણો રસ ક્યાં સુધી આપણને લઈ જાય છે ? શું સાંભળવા સુધી ? વાતો કરવા સુધી ? કે ઈસુને સમર્પિત થવા સુધી ? સંપૂર્ણ વિશ્વાસથી ઈશ્વરની આધીનતા સ્વીકારવા સુધી ?

**શાસ્ત્રોમાંથી પુરાવા :** ઈસુ એમ્મોસ જનારા બે માણસો સાથે કઈ પદ્ધતિ અપનાવે છે ? તે તેમને બોલવા દે છે. તે પહેલાં તો પૂછે છે કે, “તમે શાની વાતો કરો છો ?” પછી ઈસુ પોતા વિશે મુસાથી માંડીને બધા પ્રબોધકોએ શાસ્ત્રમાં જે કંઈ કહ્યું છે તે બધું તેમને સમજાવે છે. તે સમજાવે છે કે બધાનો અંત આવી ગયો નથી. ખ્રિસ્તે એટલા માટે દુઃખ સહન કરવું જોઈએ કે તે મહિમા પ્રાપ્ત કરે. તે તેમને સમજાવે છે. સાતેક માઈલની લાંબી મુસાફરીમાં ચાલતાં ચાલતાં બધુ સમજાવે છે. તેમની દલીલો કરવાની રીતનો આધાર લઈને તેમને એક બૌદ્ધિક નિર્ણય તરફ દોરી જાય છે.

**અનુભવમાંથી પ્રતીતિ કે ખાતરી :** જ્યારે ઈસુ શાસ્ત્રમાંથી વાતો કરે છે ને દલીલોથી સમજાવે છે ત્યારે પેલા બેને પૂરેપૂરી ખાતરી પ્રતીતિ થતી નથી. પરંતુ તે તેમની મુશ્કેલીઓ દૂર કરે છે, તેમની મૂંઝવણોનો ઉકેલ લાવે છે; પરંતુ દલીલોથી સંપૂર્ણ ખાતરી આવતી નથી. તેઓ થોડુંક સમર્પણ કરે છે ત્યારે પ્રતીતિ આવે છે. “એટલામાં તેઓ જે ગામ જતા હતા તે આવી પહોંચ્યું. ઈસુએ પોતે આગળ જતા હોય તેવો દેખાવ કર્યો; પણ પેલા બે જણે તેમને આગ્રહ કર્યો કે સાંજ થવા આવી છે, દિવસ આથમી ગયો છે માટે અમારી સાથે રહેવા આવી જાઓ.” (લૂક ૨૪ : ૨૮-૨૯) એમની વિનંતીનો અર્થ એવો છે કે ઈસુની સમજૂતીથી તેઓ પ્રભાવિત થયા છે અને

વધુ સાંભળવા માંગે છે. સમર્પણની આ નાની વાત જ તેમને સત્યની સાચી શોધ તરફ દોરી જાય છે. તેઓ જમવા બેસે છે ત્યારે ઈસુ ઈશ્વરની સ્તુતિ કરીને રોટલીનાં ટુકડા કરી તેમને આપે છે. તે જ ક્ષણે તેમની આંખો ઊઘડી જાય છે અને તે જ ક્ષણે ઈસુ અદૃશ્ય થઈ જાય છે. દલીલોથી નહિ પણ ખરેખર અનુભવમાંથી તેમને પ્રતીતિ કે ખાતરી થઈ જાય છે.

**તેમને કેવી રીતે ખાતરી થઈ ?** આપણે તેને સહજ જ્ઞાન કે અંતજ્ઞાંત (Intuition) કહી શકીએ. આ સહજ જ્ઞાન કે અંતઃપ્રેરણા અચાનક અંદરથી આવે છે. કલોઓપાસને તેના સાથીદારોને ઈસુની હાજરીનો અનુભવ થાય છે. સહજજ્ઞાનથી તેઓ ઈસુને ઓળખી કાઢે છે.

આમે બે પ્રકારના જ્ઞાનન આપણે ઓળખી લેવા જોઈએ. જે જ્ઞાન આપણે શીખીએ છીએ, દલીલોથી ને પુસ્તકોમાંથી મેળવીએ છીએ ને સાબિત કરી શકીએ છીએ તે સંજ્ઞાત (Cognative Knowledge) છે. માહિતીજનક જ્ઞાન છે. બીજું જ્ઞાન તે સહજજ્ઞાન (Intuition) છે. ઈશ્વરે આપણને બુદ્ધિ આપી છે અને સહજ રીતે અંદરથી અંતરઆત્મામાંથી પ્રાપ્ત થતું જ્ઞાન પણ આપ્યું છે. ખ્રિસ્તી વિશ્વાસમાં આ બંને પાસાં છે. ખ્રિસ્તી માણસને શાસ્ત્ર પર આધારિત અનુભવ હોય છે ને અનુભવથી પ્રમાણિત થયેલું શાસ્ત્રનું જ્ઞાન હોય છે.

બોલબોલ કરતા કેટલાક માણસો માત્ર એક જ બાજુ પર ભાર મૂકે છે. તેઓ કાયમ શીખતા હોય છે પણ ક્યારેય સત્યના જ્ઞાન

સુધી પહોંચતા નથી. તેઓને પુરાવા જોઈએ છે. હકીકતો જોઈએ છે, પરંતુ સત્યને પામવા માટે જે અંગત અનુભવવાની જરૂર છે તે તેઓ મેળવતા નથી. ઈશ્વર દલીલો દ્વારા ને પોતાના વચન દ્વારા આપણી સાથે વાત કરે છે. આપણે બંને જ્ઞાનની સમતુલા જાળવીને એમ્મોસ જનારા પેલા બે જણની જેમ સજીવન થયેલા ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરવાની ને તેમને સમર્પિત થઈ જવાની જરૂર છે.

ક્રોસ પાસેનાં પાત્રો વિશે આપણે જોયું. ખરેખર તો એ પાત્રો ક્રોસ તરફ જતા પ્રવાસીઓ પણ હતા જ. આપણે પણ આ પ્રવાસ કરવાનો જ છે. દરેક પુરુષે અને સ્ત્રીએ ક્રોસનો માર્ગ પકડવો જ પડે છે. આપણે ઈસુના ક્રોસ પાસે જઈએ તો જ ક્રોસનો અર્થ, તેનું પરાક્રમ અને તેનું જીવનોદ્ધારક મૂલ્ય સમજી શકીએ.



# ૧૫. હું પણ ત્યાં હતો

પ્રભુ ઈસુનો વધસ્તંભ સાચે જ આપણે માટે અંગત કે વ્યક્તિગત બનવો જોઈએ. પ્રથમ શુભ શુક્રવારને દિવસે જેઓ વધસ્તંભ પાસે ઊભાં હતાં તેમની અને આપણી વચ્ચે લગભગ ૫૭ કે ૫૮ પેઢીઓનું અંદર પડી ગયું છે; પરંતુ તેમ છતાં આપણે પ્રભુ ઈસુના ક્રોસથી ક્યારે પણ દૂર હોતા નથી. "મારા પર પ્રેમ રાખનાર ઈશ્વરપુત્ર ઈસુ, જેણે મારે ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું" એમ સંત પાઉલની માફક આપણે ક્યારે કહી શકીએ ?

જો ક્રોસ અંગત ન બન્યો હોય તો વધસ્તંભ પરનું પ્રભુ ઈસુ ખ્રિસ્તનું બલિદાન મારે માટે અર્થપૂર્ણ, પરિવર્તનકારી કે પાવનકારી બનતું નથી. બેબિલોનનું પતન, સોક્રેટિસનું મૃત્યુ કે અકબરના મૃત્યુની જેમ તે આપણે માટે અંગત નહિ પણ દૂરનો કોઈ બનાવ બની જાય છે. વધસ્તંભ સંત પાઉલ માટે અંગત અનુભવ છે : તેથી તે **'મારે માટે'** એવા શબ્દો પ્રયોજે છે. તેથી જ જે પૂર્વાશ્રમમાં એક કેથોલિક સાધુ હતા તે માર્ટિન લ્યૂથર જ્યારે વધસ્તંભના અનુભવને પોતાનો કે અંગત બનાવે છે ત્યારે જ સાચો આનંદ ને સાચી શાંતિ પામે છે. તેથી જ જોન વેસ્લી પણ કહે છે, "મને ખાતરી થઈ છે કે તેણે મારાં પાપ લઈ લીધાં છે અને મરણના તથા પાપના નિયમ કે બંધનમાંથી મને છોડાવ્યો છે."

**(૧) મેં કોઈપણ પાપ કર્યું તેના બેહજાર વર્ષો પહેલાં ઈસુ કેવી રીતે મારાં પાપ માટે મૃત્યુ પામે ?**

ઈસુ માત્ર તમારાં **પાપ માટે** મૃત્યુ પામ્યા નથી, તે તમારાં **પાપને કારણે** મૃત્યુ પામ્યા છે. અમુક દુષ્ટ કે અપરાધી માણસોએ પ્રભુ ઈસુને મારી નાખ્યા નથી, પરંતુ સામાન્ય માણસોનાં સામાન્ય પાપો – તમારાં અને મારાં પાપો, આપણાં વર્તમાન પાપોએ તેમને વધસ્તંભે જડાવ્યા છે.

ફરોશીઓ અને શાસ્ત્રીઓની ધર્માંધતા (આપણે પણ ધર્માંધ છીએ) સાદુકીઓનો સ્વાર્થ, (આપણે પણ સ્વાર્થી છીએ) પોતાની ખુરસી, ગમે તે ભોગે, કોઈ નિર્દોષના બલિદાનને ભોગે પણ, બચાવવાની પિલાતની ચિંતા (આપણે પણ જીવનમાં એવું જ કરીએ છીએ) વિચારહીન ટોળાના ઠઠ્ઠામશ્કરી અને મહેણાં ટોણા (આપણે પણ જેમને ઓળખતાં યે ન હોઈએ, જે ખરેખર એને પાત્ર ન હોય, એવા માણસોની કોઈ ને કોઈ સમયે નિંદા કરીએ છીએ, અપમાનિત કરીએ છીએ.)

આ અને આવાં બીજા પાપોએ ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે જડી દીધા. આપણે પણ એવાં જ પાપ કરીએ છીએ. કોણ માડીજાયો એવું કહી શકે કે મેં ક્યારે કોઈ સ્વાર્થ સાધ્યો નથી, ક્યારેય કોઈનું શોષણ કર્યું નથી, કયારેય ધર્માંધતા આચરી નથી, કયારેય આંખોના કે વિચારોનાં પાપ આચર્યા નથી ? ક્યારેય નિંદા કરી નથી, ક્યારેય કોઈ પવિત્ર માણસ સાથે દુર્વ્યવહાર કર્યો નથી. ક્યારેય ચાડીઓ કરી નથી ?

વધસ્તંભ પાસે ન જઈએ ત્યાં સુધી આ પાપ આપણને મહત્ત્વનાં

લાગતાં નથી કે નથી આપણને શરમાવતાં. વધસ્તંભ પાસે જઈએ ત્યારે જ સમજાય છે. કદાચ, આવાં પાપ આવું પરિણામ લાવે છે. કદાચ, આપણને લાગે કે આપણે સજ્જન છીએ. ક્યારેય કશું ખોટું કે અધાર્મિક કામ કર્યું નથી. વધસ્તંભ સામાન્ય લાગતા અપરાધોને પણ **સર્ચલાઈટના** પ્રકાશમાં મોટા કરી બતાવે છે, નાનાં નાનાં કે ક્ષૂલ્લક લાગતાં પાપોની ભયાનકતા સમજાય છે. વધસ્તંભ પાસે સાચાને ખુલ્લા હૃદયથી અને નિખાલસતાથી ને નમ્રતાથી જશો તો તરત તમને થશે કે, "મેં એ કર્યું, મેં એ કર્યું."

**(૨) હું જન્મ્યો તેના બે હજાર વર્ષ પૂર્વ થયેલું કોઈ કાર્ય મારે માટે શું કરી શકે ?**

તમારા જન્મ પહેલાં કોઈ કાર્ય થયું તેથી તમારે માટેનું તેનું મહત્ત્વ ઘટી જતું નથી હકીકતમાં તો તમારી મહાન જરૂરિયાતને સમયે તમને એનાથી લાભ થાય એ સંપૂર્ણ શક્ય છે.

આપણે ઓપરેશનનો એક દાખલો લઈએ. કદાચ, તમારું કે તમારા કોઈ સ્વજનનું નાનું કે મોટું ઓપરેશન થયું. ઓપરેશન સમયે જેનું ઓપરેશન થનાર છે તેને સમજાય છે કે એનેસ્થેશિયા (બેશુધ્ધ બનાવનાર ઇંજેકશન કે કલોરોફોર્મ) તેને માટે કેટલું બધું અગત્યનું છે ? ભૂતકાળમાં એનસ્થેશિયા વગરનાં ઓપરેશનોમાં દર્દીઓએ કેટલી અસહ્ય ને ભયંકર પીડા ભોગવી હશે એનો તમને ખ્યાલ છે ?

હા, એનેસ્થેશિયાની શોધ પણ તમારા જન્મ પહેલાં થઈ હતી. પણ તે ઔષધ કે ઇંજેકશન તમારે માટે શોધાયું હતું. ખરુને? સર

જેમ્સ સિમ્પસન, જેણે કલોરોફોર્મની શોધ કરી, તેણે કંઈ તમારે માટે વિચાર્યું નહિ હોય તમારી એ મોટી જરૂરિયાતને સમયે લાગ્યું હશે કે આ એનસ્થેશિયાની શોધ મારે માટે થઈ હશે. ઈ.સ. ૧૮૧૯માં અમેરિકામાં જન્મેલા એના શોધક વિલિયમ મોર્ટેનનું નામ તમે જાણો છો ? તેવું જ પ્રભુ ઈસુના ક્રોસનું છે. તમારા જન્મ પહેલાં બેહજાર વર્ષો પહેલા તેમણે ક્રોસ ઉપર પોતાનું બલિદાન આપ્યું. તેમણે વહેવડાવેલું પવિત્ર લોહી તમારે માટે છે, **હા, તમારે માટે છે.**

**(૩) પ્રભુ ઈસુનું મૃત્યુ અને કોઈની શહાદત એ બેમાં શો મૂળભૂત તફાવત છે ?**

ઘણાં માણસો ઈસુ ખ્રિસ્તને એક મહાન શહીદ તરીકે જ ઓળખે છે, જાણે છે. તેઓ માને છે કે ઈસુ એક ભલા માણસ હતા. તેઓ માને છે કે ઈસુ ખ્રિસ્ત કંઈ અવતારધારી ઈશ્વર ન હતા, એ તો એક સારા ભલા માણસ હતા.

ઈસુ ખ્રિસ્તના મહાન બલિદાનમાં માત્ર તેમના મનુષ્ય તરીકેના પાસા પર ભાર મૂકવો એ વાસ્તવમાં ઘણું ભૂલભરેલું છે. ઈસુ ખ્રિસ્ત જરૂર દુષ્ટ માણસોને હાથે મૃત્યુને ભેટયા, પરંતુ તેમના મૃત્યુમાં શહાદત કરતાં ઘણું વિશેષ છે.

ઈસુ ખ્રિસ્તના મૃત્યુના અપરાધી તો તેમને ધિક્કારનાર મુખ્ય પુરોહિતો, તેમને પૈસાની લાલચમાં પકડાવી દેનાર યહૂદા ઈશ્કરિયોત છે. તેમને મૃત્યુદંડની સજા ફરમાવનાર રોમન પ્રોક્યુરેટર પિલાતનો છે, આ બધું હોવાં છતાં એ મૃત્યુ માટે તેમની પોતાની

ઇચ્છા (Will) સર્વવિશેષ મહત્ત્વની છે. એ જ ઇચ્છા મુખ્ય છે, સૌથી અસરકારક છે, નિર્ણાયક છે.

તેમણે તે બલિદાન માટે સંમતિ (Consent) આપી છે. એમણે પોતે પોતાને વધસ્તંભ જડાવ્યા છે. એ તો બહુ સરળતાથી વધસ્તંભ ઉપરથી નીચે ઊતરી શકયા હોત. એમનું મૃત્યુ તો એક ભવ્ય ને મહિમાવાન કાર્ય હતું, જેની યોજના સ્વર્ગમાં ઘડાઈ હતી, જે પૃથ્વી પર વાસ્તવિકતામાં પરિણમ્યું છે.

પેલા ફરોશીઓ, શાસ્ત્રીઓ ને રોમન સૈનિકો ભલે એમ કહે કે, 'અમે તે કર્યું,' પરંતુ પ્રભુ ઈસુ કહે છે કે, 'મેં તે કર્યું સંપૂર્ણ થયું.' જો પેલા દુષ્ટો સાચા હોય તો ખ્રિસ્તનો વધસ્તંભ એ માત્ર શરમજનક ઘટના બની જાત. **વધસ્તંભ એ કોઈ શહાદત નથી,** એ તો ઈશ્વરની પાપ માનવજાતિ માટેની મુક્તિદાયક યોજનાનો એવરેસ્ટ છે, સૌથી મહાન ઘટના છે. તમે ઈશ્વરને શહીદ બનાવી શકો નહિ.

* જો ઈસુ માણસ હોત તો તેમનું મૃત્યુ એ ખૂન કહેવાત.
* જો એ માણસ હોત તો તેમનું મૃત્યુ શહાદત કહેવાત.
* જો તે માણસ હોત તો દુષ્ટોએ તેમનું જીવન લઈ લીધું એમ કહેવાય.
* જો તે માણસ હોત તો તેમનું મૃત્યુ આપણા અભિનંદનનું કારણ બનત,
* જો તે માણસ હોત તો આપણે તેમના મૃત્યુને ઊભા થઈને માન આપત,

* જો તે ઈશ્વર હોય તો તે એક અર્પણ (Offering) છે.
* જો તે ઈશ્વર હોય તો તે બલિદાન છે. (Sacrifice)
* જો તે ઈશ્વર હોય તો તેમણે રાજીખુશીથી પોતાનું જીવન આપી દીધું છે.
* જો તે ઈશ્વર હોય તો તે આપણે માટે ભક્તિનું કારણ બને છે.
* જો તે ઈશ્વર હોય તો આપણા ઘૂંટણો પર નમી પડીને તેમને આપણાં હૃદયો અને જીવનોના સ્વામી બનાવવા જોઈએ.

એ તમે પ્રશંસા અને થોડી દયાના ભાવ સાથે કાલવરી પાસે જશો તો તમને ખરેખર કશું મળશે નહિ. જો તમે હૃદયથી માનશો કે અવિનાશી ઈશ્વર તમારે માટે મૃત્યુ પામ્યા છે તો કાલવરી તમારે માટે ઉદ્ધારનું સૌથી પવિત્ર તીર્થધામ બની જશે.

## (૪) મારે વળી મુક્તિદાતાની શી જરૂર ?

જ્યારે તમે વધસ્તંભ તરફ દૃષ્ટિ કરો છો અને જે પાપોએ ઈસુને વધસ્તંભે જડાવ્યા તે વિશે વિચારો છો ત્યારે તમને સમજાય છે કે તે આપણાં પાપો અને અપરાધોને ખુલ્લા પાડે છે.

એ જો, એવું કહેતાં નહિ કે, "હું પાપી નથી, મેં કોઈ અપરાધ કર્યો નથી." પરંતુ તમારો સ્વાર્થ (જે દરેક વ્યક્તિમાં ઊંડા મૂળ નાખીને પડેલો હોય છે.) તમારી હલકી ને ગંદી વાતો, તમારું અભદ્ર વર્તન ને કનિષ્ઠ વ્યવહાર, ઈશ્વરને સ્થાને ધન કે પ્રતિષ્ઠા જેવી અન્ય મૂર્તિઓને સ્થાપવાનું તમારું વલણ આ બધાંથી તમે કાદવ કરતાંયે વધુ ખરાબ રીતે ખરડાયેલાં છે.

વધસ્તંભે તમે જેવા છો તેવા અસલ રૂપમાં તમને બતાવે છે. તમે જાતે તમારે વિશે કંઈ કરી શકવાને સમર્થ નથી. માત્ર ઈશ્વર જ એકલા સમર્થ છે.

તમે તે વિશે શું કરશો ? તમારો જે પાપથી ખરડાયેલો ભૂતકાળ એને તો ઇચ્છો તો પણ તમે બદલી શકતાં નથી, ને તમારું ભવિષ્ય જેમાં ઈશ્વરી સહાય વિના તમે એ ને એ જ પાપ ફરી નહિ કરો એની ખાતરી નથી, એ વિશે શું ?

શું તમને ખાતરી છે કે તમે તમારા મનને સ્વાર્થી બનતું અટકાવી શકશો ? જે શુભ નિર્ણયો લઈને ટકાવી શકતા નથી તેમાં દ્રઢ મનોબળ દર્શાવી શકશો ? તેથી જ હું કહું છું કે વધસ્તંભ પાસે જાઓ. નિરાધાર પાપીને માત્ર ત્યાં જ મદદ મળે છે. તમારી જાતનો બચાવ કરશો નહિ. ક્ષમાની આગ્રહપૂર્વક માગણી કરો. નમ્ર બનીને ખ્રિસ્તને ખાતર તમારાં પાપોની માફી માટે ઈશ્વરને વિનંતી કરો.

**(૫) વધસ્તંભ શા માટે જરૂરી હતો ? શા માટે એના વિના ઈશ્વર માફી ન આપી શકે ?**

હજુએ કેટલાંક માણસો માને છે કે વધસ્તંભ બિનજરૂરી હતો. ઈશ્વર હોવા છતાં ઈસુએ શા માટે દુઃખ સહન કરવું જોઈએ એ તેમને સમજાતું નથી. કદાચ તેમને લાગે છે કે ઈસુના માનવત્વને કારણે તેમને વેઠવું પડયું. તેમણે દિવ્ય સામર્થ્યથી પોતાની જાતને એટલી બધી ખાલી કરી દીધી હતી કે તે ભૂંડાઈનો પૂરા બળથી સામનો કરી ન શકયા.

આવા માણસો ઉડાઉ દીકરાનો દાખલો આપે છે. તેમાં ભટકી

ગયેલાં પોતાના બાળકો સાથેના ઈશ્વરના સંબંધની વાત રૂપકાત્મક તરીકે આલેખવામાં આવી છે. ઉડાઉ દીકરો પ્રશ્ચાત્તાપ કરીને પાછો ફરે છે ત્યારે બાપ દોડીને તેને માફ કરી દે છે. ત્યાર પ્રાયશ્ચિત્ત (Atonement) ની કોઈ વાત નથી. પસ્તાવિક દીકરાને બાપ તરત જ માફ કરી દે છે. આવાં માણસો એ પણ કહે છે કે "અમારાં ભટકી ગયેલાં બાળકો સાથે અમે આમ જ વર્તીએ." જો એ એમ કહે કે, "હું દિલગીર છું." તો પત્યુ, વાતનો ત્યાં જ અંત આવે, અને તેઓ માફી આપી દે છે. તેમની દ્રષ્ટિએ તો ઈશ્વર કરતાં આમાં પ્રાયશ્ચિત્તની કશી જરૂર જ ઊભી થતી નથી.

પરંતુ ઉડાઉ દીકરાના દ્રષ્ટાંતમાં ભટકી ગયેલાં પોતાના બાળકો સાથેના ઈશ્વરના સંબંધનું સંપૂર્ણ ચિત્ર નથી. એમાં તો બાપ અને ઉડાઉ દીકરો બંને પાપી છે, એટલે **બે પાપીઓ વચ્ચેના સંબંધનું** ચિત્ર છે. આની સાથે પાપી માણસ અને ઈશ્વર વચ્ચેનાં સંબંધને સરખાવી શકાય નહિ.

પાપથી ઈશ્વર કંટાળે છે પાપ એ ઈશ્વરની પવિત્રતા સામેનું ઘોર અપમાન છે. એવું ભયંકર અપમાન છે કે માનવી ભાષામાં પૂરેપૂરું સમજાવી શકાય નહિ. માત્ર પવિત્રતા જ પવિત્રતાને ઓળખી શકે, સમજી શકે. ઈશ્વરને વળી કદી ન બુઝાનાર પાવક અગ્નિ સાથે ઘણીવાર સરખાવવામાં આવ્યા છે.

આપણે તો પાપી છીએ. પાપમાં જન્મેલાં ને ઊછરેલાં, પાપમાં ગળાડૂબ, પાપથી અંધ બનેલી આપણી આંખો સાથે આપણે ઈશ્વરને કઈ રીતે નિહાળી શકીએ ? પાપ કેવાં ભયંકર પરિણામો લાવે છે એ આપણે જાણીએ છીએ. પાપે આપણા સ્વભાવ ઉપર એવો અંકુશ

જમાવ્યો છે કે, આપણી બુધ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. પાપે વિજ્ઞાન પર પણ એવો અંકુશ જમાવ્યો છે. એરોપ્લેન, રેડિયો, ફિલ્મ, ટી.વી. આ બધાંને પોતાના કાદવથી ખરડી નાખ્યાં છે. પાપ જાણે કે મહાસાગરનાં મોજાંઓની જેમ પૃથ્વીને ઢાંકી દે છે, આપણે તેનાથી બચી શકીએ તેમ નથી જ." જે કંઈ સારું આપણે ઈચ્છીએ છીએ તે કરતાં નથી, જે કંઈ ભૂંડું આપણે કરવા માગતા નથી તે આપણે કરીએ છીએ."

પાપ આવું મહાવિનાશક, મહાભયંકર છે. પવિત્ર ઈશ્વર કેવી રીતે કહી શકે કે, "પાપનો વાંધો નથી. હું તમને પાપ સાથે સ્વીકારી લઈશ ?" આવું કહેવું એ પવિત્ર ઈશ્વર માટે શક્ય નથી. તમે સ્વીકારો કે ન સ્વીકારો પણ **કેન્સર એ કેન્સર** જ હોય. પાપ પણ કેન્સર જેવું જ છે, તે પણ પોતાની કિંમત માગે છે અને કોઈકે તો એ કિંમત ચૂકવવી જ પડે. પાપનું પરિણામ મૃત્યુ છે. મૃત્યુ એ માત્ર શિક્ષા નથી એ તો પાપનું પરિણામ છે. પાપના સ્વભાવમાં જ મૃત્યુ છુપાયેલું છે. પાપ તો પ્લેગ જેવો વિનાશકારી મહારોગ છે. પ્લેગ જેવા પાપથી બીમાર થઈને આખી માનવજાતિ આત્મિક મૃત્યુ તરફ ઘસડાઈ રહી છે. સૌથી મોટા સંતો કે ભક્તો પણ આનાથી સંપૂર્ણ મુક્ત નથી. આ સંતો ને ભક્તો પણ આત્મિક મૃત્યુ તરફ ઘસડાતી માનવજાતને બચાવવા સમર્થ નહોતા.

પાપ જેમ વધે છે તેમ તે માણસને આંધળો બનાવતું જાય છે. તમે વધુને વધુ પાપ કરો, છે તેમ તેને ઓછું ને ઓછું જુઓ છો.

પશ્ચાત્તાપની સૌથી મોટી શરત એ છે કે માણસે પોતાનાં પાપને ઓળખવાં જોઈએ. જો માણસ પાપને ઓળખે જ નહિ તો પસ્તાવો

શી રીતે કરે ? શુભસંદેશનું સૌથી મહિમાવાન સત્ય તો આ છે ! ઈશ્વરે ઈસુ ખ્રિસ્તના રૂપમાં માણસની મુશ્કેલીઓ જોઈ, એનો અંધાપો જોયો, એનાં બંધનો જોયા, અને તેથી જ વધસ્તંભ દ્વારા પાપોની માફી અને નવા જીવનનો-અનંત જીવનનો માર્ગ તેમણે ઉઘાડયો. ઈસુ ખ્રિસ્ત આપણી વચ્ચે જન્મ્યા, આપણા જેવું જીવ્યા, આપણી જેમ જ પરીક્ષણો-પ્રલોભલોમાંથી પસાર થયા, પાપીઓને હાથે દુ:ખ વેઠયું અને સંપૂર્ણ માનવ તરીકે માનવજાતિ માટે સંપૂર્ણ બલિદાન બન્યા. તેમણે ખૂબ રાજીખુશીથી પાપની કિંમત પોતાના વધસ્તંભ દ્વારા ચૂકવી. પાપ તો શિક્ષા માગે છે અને ઈશ્વરે ખ્રિસ્તમાં આ શિક્ષા સહન કરી. "સંપૂર્ણ થયું" એ વધસ્તંભ પરનો તેમનો પોકાર કંઈ દયાજનક ચીસ નથી, **એ તો પાપ અને મૃત્યુ પરનો પ્રભુનો વિજયી રણટંકાર છે.** પ્રભુનો એકનો એક પુત્ર, દૈવી, સર્વશક્તિમાન, મહાન પુરોહિત પોતે બલિ બને છે, જેથી દુષ્ટતાનાં બળો હાર પામે છે.

ઈસુ ખ્રિસ્ત પોતાના મૃત્યુ દ્વારા પાપના સામર્થ્યને ભાંગી નાખે છે. તે પોતની જેલ તોડી નાખીને પાપીને મૃત્યુના પાશવી પંજામાંથી છોડાવે છે. કાલવરી પર જે કંઈ બન્યું તે ફરી બનવાની જરૂર નથી. કાલવરીની ટેકરી ઉપર પ્રભુ પોતે પાપ સામે યુદ્ધે ચડે છે, પાપને હરાવે છે. પાપની વિનાશક્તાને તે ખુલ્લી પાડે છે. તે પ્રેમના પરાક્રમથી પાપને પરાજય આપે છે.

પ્રભુ ઈસુ આપણાં પાપ પોતાને માથે લે છે. થોડીક ક્ષણો માટે તો તે જાણે કે ઈશ્વરથી દૂર થાય છે - "મારા બાપ, મારા બાપ, તેં મને કેમ છોડી દીધોં ?" એ જ ક્ષણે તે પાપની ભારેમાં ભારે કિંમત

ચૂકવે છે. માણસોના સાચા પ્રતિનિધિ તરીકે, માણસો પ્રત્યેના અપાર પ્રેમને કારણે, તે પોતે પ્રાયશ્ચિત્ત (Atonement) બને છે.

જે સમાજમાં પાપને સરળ ને સાહજિક માનવામાં આવે ત્યાં ન્યાયના સ્તંભો કડકભૂસ થઈને તૂટી પડે. કોઈ પણ ન્યાયાધીશ કોઈ ખૂનીને, બળાત્કારના ઢગલાબંધ આરોપોમાં ગુનેગાર સાબિત થયેલાને, બાળકોના શોષણમાં ગુનેગાર પુરવાર થયેલાને માત્ર એમ કહીને છોડી ન દઈ શકે "તું દિલગીરી વ્યક્ત કરે છે, એટલે હું તને જવા દઉં છું." આવી માફી ભયંકર બની શકે, ન્યાય તો શું માનવી સમાજ પોતે પણ એમાં તો છિન્ન ભિન્ન થઈ જાય. ઈશ્વર પોતે પાપની ભયાનકતાને જાણે છે. તેથી તે પોતે શિક્ષા વેઠે છે. આથી સ્પષ્ટ બને છે કે વધસ્તંભ જરૂરી છે, ખ્રિસ્ત માટે અને માનવજાતના ઉદ્ધાર માટે વધસ્તંભ જરૂરી છે.

**(૬) શું વધસ્તંભ બચાવે છે એટલો વિશ્વાસ પૂરતો નથી ? કેવી રીતે બચાવે છે એ જાણવાની શી જરૂર ?**

સામાન્ય રીતે એવું કહેવાય છે કે વધસ્તંભ બચાવે છે. વધસ્તંભ સર્વને માટે છે. કોઈ પણ ગામડાની અભણ સ્ત્રી, ભલે ને વધસ્તંભ ઉપરની તાત્ત્વિક ચર્ચામાં ન જોડાઈ શકતી હોય, પણ એવું કહી શકે કે, "મારા પ્રભુ મારે માટે મૃત્યુ પામ્યા" અને વિશ્વાસ કરે તો તે જરૂર ઉદ્ધાર પામે. બે પહાડ વચ્ચે ઊંડી ખીણોમાં થઈને દોડતી **કેબલકારમાં** બેઠેલા માણસોને કેબલકાર કેવી રીતે ભયંકર ખીણમાં થઈને એક વાયર પર દોડે છે તે ન સમજાય તે સ્વાભાવિક છે. તેમણે સમજવાની જરૂર પણ નથી. પરંતુ તેઓ થોડી જ વારમાં એક બીજા પર્વતના શિખર પર પહોંચી જાય છે અને ત્યાંના

અવર્ણનીય સૌંદર્યનો લ્હાવો લૂંટે છે. વધસ્તંભનું પણ આવું જ છે. ભલેને કોઈ અભણ તેને સમજી ન શકે, તોયે વધસ્તંભ પર વિશ્વાસ મૂકવાથી તે સ્વર્ગના માર્ગે જરૂર આગળ વધે ને સ્વર્ગનું અપ્રતિમ સૌંદર્ય નિહાળી શકે.

**(૭) શું હું ખ્રિસ્તના લોહીથી બચી શકું છું એમાં કોઈ ખાસ અર્થ છે ?**

ઈસુના લોહીથી શુદ્ધ થવાય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઈશ્વરપિતાની ઇચ્છાને સંપૂર્ણ માન આપીને, અને પાપ પ્રત્યેના ઈશ્વરી ન્યાયચુકાદાનો સ્વીકાર કરીને, મૃત્યુ પામ્યા. આ સંપૂર્ણ સ્વાધીનતા એ જ તો ઉદ્ધારનું મધ્યબિંદુ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું મૃત્યુ હિંસાથી ખરડાયેલું (Violent), અધિકૃત (official) અને જેને મૃત્યુનું સર્ટિફિકેટ આપી શકાય તેવું (certified) હતું. પાપને સરેઆમ ખુલ્લું પાડવા માટે એ જરૂરી હતું. પાપની ભયાનકતા ઈસુ ખ્રિસ્તના લોહિયાળ મૃત્યુમાંથી પ્રગટ થાય છે.

એમનું મૃત્યુ અધિકૃત કે સત્તાવાર હતું. એમની પ્રજાના આગેવાનોએ એમના મૃત્યુની માગણી કરી હતી. એમના પ્રમુખ અધિકારી કાયાફાસને કહ્યું હતું "આખી પ્રજા ખાતર એક માણસ મરી જાય એ તમારા હિતમાં છે." યહૂદી લોકોએ કહ્યું હતું કે, "એનું લોહી અમારે માથે, અમારાં સંતાનોને માથે." એમને પિલાતે પસંદગીની બીજી એક તક આપી ત્યારે તેમણે બારબાસ પર પસંદગી ઉતારી, તેથી જ પ્રભુ ઈસુને અધિકૃત રીતે વધસ્તંભે જડી દેવામાં આવ્યાં.

ક્રૂસારોહણ અને પુનરુત્થાન એકબીજાના ભાગ છે.

મૃત્યુવિજેતાએ કબરમાંથી પાછા ઊઠવાનું છે અને આખી પ્રજાએ જાણવાનું છે કે તે કબરમાંથી ફરી સજીવન થયા છે. રોમન સૂબેદાર પુરાવો આપે છે કે ઈસુ મરી ગયા છે આમ ઈસુના મૃત્યુનું સર્ટિફિકેટ પણ મળે છે. પરંતુ શું તેમનું જીવન તેમની પાસેથી ખૂંચવી લેવામાં આવ્યું હતું ? ના, એ જીવન તો તેમણે પોતાની **રાજીખુશીથી** આપી દીધું હતું.

લોહીમાં જીવન છે. બાઈબલમાં પણ તેમ જ કહેવાયું છે. ચુસ્ત ધર્મપ્રેમી યહૂદીઓમાં ઈસુ એટલા માટે જન્મ લે છે કે તેઓ પસંદ કરેલી પ્રજા હતી. પ્રબોધકોની વારસાદાર એવી આ અતિ ધાર્મિક પ્રજા ઈસુ ખ્રિસ્તના મૃત્યુની માગણી હરે તે કેટલું આઘાતજનક છે? પ્રભુ ઈસુના શિષ્યો ઈસુને 'પાસ્ખાના હલવાન' તરીકે જુએ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના હાથ અને પગમાંથી ટપકતું રેલાતું લોહી પૃથ્વીને અને માનવજાતને નવપલ્લવિત કરનાર બની જાય છે. "નહાયા છો શું ઈસુના લોહીમાં ?" એ યુગેયુગે પુછાતો પ્રશ્ન આપણે માટે પણ અગત્યનો છે, સાચો છે.

**(૮) ખ્રિસ્તનો ક્રોસ સમગ્ર દુનિયા ઉપરશી અસર કરી શકે ?**

કેટલાક માણસો કહે છે કે, "અમને ક્રોસના વિશ્વવ્યાપી અર્થની સમજ પડતી નથી.ક્રોસ આખી માનવજાતના જીવન ઉપર કંઈ રીતે અશર કરી શકે તે અમને સમજાતું નથી." કેટલાંક કહે છે. ખ્રિસ્ત એકલા સમગ્ર માનવજાતના પ્રતિનિધિ તરીકે કેવી રીતે મૃત્યુ પામી શકે ? તે સમગ્ર માનવસમાજ માટે પાપનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે બની શકે?

બાઈબલ શીખવે છે તે સમગ્ર માનવજાત માટે ખ્રિસ્ત મૃત્યુ પામ્યા. "ઈશ્વરે દુનિયા ઉપર એટલો બધો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો...." ઓ વૈતરું કરનારા તથા ભારથી લદાયેલાઓ, તમે મારી પાસે આવો અને હું તમને વિસામો આપીશ." ઈસુ ખ્રિસ્ત પાપીઓને બચાવવા તેમનો ઉદ્ધાર કરવા આ દુનિયામાં આવ્યા હતા. અને જો કોઈ માણસ પાપ કરે તો આ ન્યાયી પ્રભુ ઈસુ ખ્રિસ્ત તે ઈશ્વરપિતા પાસે આપણા એડવોકેટ છે અને તે આપણાં પાપને ખાતર પ્રાયશ્ચિત્ત પણ બન્યા છે.

"કોઈ ન્યાયી નથી, હા, એક પણ નથી." આખી માનવજાતને પાપનો કેન્સરથીયે જીવલેણ રોગ ભરખી રહ્યો છે. ખ્રિસ્ત આવ્યા ને તે આપણાં જીવનોમાં સહભાગી બન્યા. તેમણે કદી પાપ કર્યું નહોતું. આપણી પ્રકૃતિમાં ભાગીદાર થઈને તે આપણી જગ્યાએ આપણે બદલે ઊભા રહ્યા. પાપરહિત હોવાને કારણે તે પાપની સામે લડીને જીતી શકયા. તે માત્ર મારાં-તમારાં પાપો સામે નહિ પણ આખી દુનિયાનાં પાપ સામે લડયા **"હિંમત રાખો, મેં જગતને જીત્યું છે"** એમ તે વિજેતાની અદાથી કહે છે. આથી જ મૃત્યુ સમયે પણ તે પસ્તાવિક ચોરને જીતી લે છે.

### (૯) ક્રોસથી મને લાભ થાય તે માટે મારે શું કરવું જોઈએ?

હું કેવી રીતે ક્રોસ પાસે આવી શકું? જે પાપોએ પ્રભુ ઈસુને વધસ્તંભે જડી દીધાં તે પાપ મારાં પાપ જેવાં જ હતાં. તેથી હું કહી શકું કે, "મેં ઈશ્વરપુત્રને વધસ્તંભે જડયા છે.' રોમન સૈનિકોએ ઈસુને વધસ્તંભે જડયા ત્યારે હું હાજર હતો. હું મારા પાપની ભયંકરતા જાણું છું તેથી ઈસુ ખ્રિસ્તના વધસ્તંભને ૨૦૦૦ વર્ષ થઈ

ગયા. હોવા છતાં હું તે સમયે હાજર હતો."

કોઈ શહીદ કે કોઈ સંત મને બચાવી શકે તેમ નથી. માત્ર દુઃખ વેઠનાર ઈશ્વર જ મને મારાં પાપમાંથી બચાવી શકે. હું મારી જાતને બચાવી શકું તેમ નથી. હું જે કંઈ સારું કરું છું તેમાં પણ પાપના છાંટા હોય છે જે પવિત્રમાં પવિત્ર પળો હું ગાળું છું તેમાં પણ મારી સંપૂર્ણ શુદ્ધતાની મને ખાતરી થઈ શકતી નથી.

તેથી જ ક્રોસ જરૂરી છે. દુનિયાને માટે અને મારે માટે તે જરૂરી છે. મારો અંતરઆત્મા પણ મને કહે છે કે પાપની સજા તો હોવી જ જોઈએ, પાપને માટે પ્રાયશ્ચિત્ત બન્યા તેનો હું શું બદલો તેમને આપી શકુ ?

હું એ પણ સમજુ છું કે ક્રોસની દિવ્યતા અને ભવ્યતા મારી પામર સમજશક્તિની બહાર છે. મારી બુધ્ધિ કે સમજ ક્રોસને સંપૂર્ણપણે પામી શકે તેમ નથી. ખ્રિસ્તના લોહીનો માણસો કેમ આટલો બધો મહિમા કરે છે તે ધીમે ધીમે મને સમજાય છે. તેમનું બલિદાન આખા વિશ્વ માટે છે, સમગ્ર માનવસમાજ માટે છે. ક્રોસ પાસે આખી દુનિયા – સમગ્ર માનવજાત આવી શકે છે.

ત્યારે મારે શું કરવું ? હું જઈને ક્રોસના સાનિધ્યમાં બેસીશ. તે જ મારું આશ્રયસ્થાન છે. પાપનાં વિનાશક તોફાનો સામે મને રક્ષણ આપનાર છે. ક્રોસ પાસે શુદ્ધિ છે, સલામતી છે, નવું જીવન છે. ત્યાં ખરડાયેલો ભૂતકાળ દફન થઈ જાય છે અને ભવિષ્ય સલામત બને છે. વર્તમાન સંપૂર્ણ શાંતિદાયક બને છે. ત્યાં બળ છે, શક્તિ છે, પરાક્રમ છે. ત્યાં શક્તિ પામીને હું માનવસેવા યજ્ઞમાં જોડાઈ

શકું છું. ક્રોસ પાસે સંપૂર્ણ સાજાપણું છે, સંપૂર્ણ મુક્તિ છે. સંપૂર્ણ આનંદ છે, અનંત જીવન છે.

※ ※ ※

14BGK2